કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ૫૬મું • અંક ૮મો • માહે ઑગસ્ટ • ઈ. ૧૯૭૯

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ — સળંગ ૬૬૮મો અંક

તંત્રી • બચુભાઈ રાવત



૧ (લીનોકટ : જગદીશ સે.ના) મોરની લાક્ષણિક દેહભંગિના લયવળાંકોને પ્રકટાવતું સરળસુંદર સંયોજન





શાહ અબ્દુલ લતીફ

આ અંકમાં જેમનો પરિચય આપ્યો છે તે સૂફી સંત કવિનું
લેખક રામસિંહજી રાઠોડે ભુજના કલાકાર શ્રી એલ. સી. સોની પાસે બનાવરાએલું રંગચિત્ર
તથા (ડાબી બાજુ)
જેના આધારે આ ચિત્ર આલેખાયું છે તે, બ્રિટિશ મ્યુઝિયમમાં
સંઘરાએલું એ સંતનું અસલ રેખાંકન. (રંગીન બ્લૉકો - લેખકના સૌજન્યથી)

કુમાર ઑગસ્ટ ૧૯૭૯ • અંક ૬૬૮

તંત્રી: બચુભાઈ રાવત • ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪·૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬·૦૦; છૂટક નકલ: રૂ. ૨·૫૦

વાચકો લખે છે...

નાગેશ્વર જ્યોતિર્લિંગનું સ્થાન

અંક ૬૫૮માં શ્રી ચંદ્રકાંત શુક્લ દ્વારા દ્વાદશ જ્યોતિર્લિંગમાંના શ્રી નાગેશ્વરનો પરિચય અપાયો છે, જેમાં એ સ્થાન વિષેની દંતકથાઓ પણ નોંધાઈ છે. મૂળ શ્લોકમાં 'નાગેશં દ્વારુકાવને' હોવાથી ઇતિહાસકારોને એના સ્થાન અંગે અર્ધ્ય નિર્ણય દર્શાવવા વિનંતી કરું છું. આ જ્યોતિર્લિંગ બેટ દ્વારકાથી બારેક માઈલ દૂરનો પ્રદેશ હોવાની જે પ્રથમ માન્યતા નોંધાઈ છે તે જ સાચી હોવી જોઈએ એમ હું 'દ્વારુકાવન' શબ્દના આધારે માનું છું. દ્વારુકનો અર્થ લાકડું થાય છે એમ પૂર્વે ઘરડાઓ પાસેથી સાંભળ્યું છે. પ્રમાણભૂત શબ્દકોશમાં પણ લાકડું એવો અર્થ અપાયો છે. કાઠિયાવાડ શબ્દમાંનો કાઠી શબ્દ પણ એ જ અર્થ ધરાવે છે. શું આ બંને વચ્ચે કંઈ સામ્ય હશે?

(અમદાવાદ) —ભૂપેન્દ્ર એન. વોળકિયા

SMILE

આશરે બે વર્ષ અગાઉ 'કુમાર'માં William Henry Channingની 'જીવન'ની ફીલસૂફી ઉપરનું લખાણ પ્રકટ થયું હતું અને ત્યાર બાદ એ અંગ્રેજી લખાણના ગુજરાતી અનુવાદ સાથેનાં અભિનંદન-પત્ર આપે બહાર પાડયાં હતાં. આજે ૫૬ વર્ષના 'કુમાર'ના આયુષ્ય દરમિયાન આવાં જ સુંદર લખાણો ઘણાં યે આવી ગયાં હશે. આ સાથે 'SMILE' અંગેનું લખાણ મોકલું છું. જો તે યોગ્ય લાગે ને અગાઉ કોઈ વાર એનો નિર્દેશ ન થયો હોય, તો જરૂર ઉપયોગમાં લેશો.

થોડાક વખત પહેલાં કૅનેડામાં ફરતાં ફરતાં ટૉરૉન્ટોમાં ભારતીય કલા-બેલડી, તરુણિકા-મનસારામને ઘરે જવાનો લહાવો મળ્યો. એમના ઘરમાં ચિત્રોના સુશોભન સાથે રંગબેરંગી પોસ્ટર પણ લગાડયાં હતાં. આવું જ એક પોસ્ટર સાથે મોકલેલ 'SMILE'નું હતું. એના લેખક વિષે તેઓ પણ અજાણ હતાં. Author unknown તેમાં મોટા અક્ષરે લખેલ હતું. આ સિવાય આ પોસ્ટર અને તેના લેખક વિષે મારી પાસે વધુ માહિતી નથી.

SMILE

A smile costs nothing, but gives much. It enriches those who receive, without making poorer those who give. It takes but a moment, but the memory of it sometimes lasts forever. None is so rich or mighty that it can get along with it, and none is so poor but that it can be made rich by it. A smile creates happiness in the home, fosters good will in business, and is the countersign of friendship. It brings rest to the weary, cheer to the discouraged, sunshine to the sad, and it is nature's best antidote for trouble. Yet it cannot be bought, begged, borrowed or stolen, for it is something that is of no value to anyone until it is given away. Some people are too tired to give you a smile. Give them one of yours, as none needs a SMILE so much as he who has no more to give.

—Author Unknown

(મુંબાઈ) —ચન્દ્રકાન્ત ઝવેરી

કડિયા ડુંગરની ગુફાઓ

ભરૂચ જિલ્લામાં અંકલેશ્વરથી ઝગડિયા-નેત્રંગ તરફ જતાં ઝાઝમોર સ્ટેશનની સામે દૂરદૂર લગભગ ૫૦૦ ફૂટ ઊંચાઈના ડુંગરો દેખાય છે. તેમાંનો એક 'કડિયો ડુંગર' કહેવાય છે. આ ડુંગરમાં શ્રી રામ રાતડિયા અને શ્રી રજની ત્રિવદીએ ૩૦ જેટલી ગુફાઓ શોધી કાઢયાનો એક અહેવાલ થોડા સમય પહેલાં અમદાવાદનાં કેટલાંક અખબારોમાં પ્રકટ થયો હતો.

આ અંગે જણાવવાનું કે કડિયા ડુંગરની આ ગુફાઓની શોધ નવી નથી. સ્વ. પુરાવિદ શ્રી અમૃત વ. પંડયાએ ઈ. ૧૯૪૬માં સર્વપ્રથમ તેની નોંધ લીધી હતી, ને તે વિષેની પ્રાથમિક વિગતો 'વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા-અંક : ૨'માં ૧૯૫૭માં પ્રકટ કરી હતી. ત્યાર બાદ રાજ્યના નિવૃત્ત પુરાતત્ત્વ નિયામક શ્રી નાણાવટીએ ઈ. ૧૯૬૬માં આ ગુફાઓનો વિગતવાર અભ્યાસ કર્યો હતો જે અંગેના સમાચાર ગુજરાતી દૈનિક 'જયહિન્દ'ના તા. ૨૫ નવેમ્બર '૬૬ના અંકમાં પ્રકટ થએલા. 'કુમાર'ના ૧૯૬૭ના ડિસેમ્બર માસના અંકમાં શ્રી નાણાવટીનો એક લેખ 'કડિયા ડુંગરની બૌદ્ધ ગુફાઓ અને સિંહસ્તંભ' નામનો સચિત્ર લેખ પણ પ્રકટ થયો હતો. 'ગુજરાતનો રાજકીય ને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૨'(૧૯૭૨)-માં પૃ. ૩૬૫–'૬૭ પર ડૉ. સોમપુરાએ પણ આ ગુફાઓની નોંધ લીધી છે. ગુફાઓના પુરાતત્ત્વીય મહત્ત્વના કારણે ગુજરાત સરકારે આ ગુફાસમૂહને રાજ્યરક્ષિત જાહેર કરીને એ મતલબનું સૂચના-પત્ર પણ તે સ્થળે મૂકેલું છે અને રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ આ સ્થાનની જાળવણી માટે એક ચોકીદાર પણ રાખ્યો છે. આમ, કડિયા ડુંગરની આ ગુફાઓની શોધ પહેલી વારની કે નવી નથી.

વળી, એક બીજી બાબત પણ લક્ષમાં રાખવી જરૂરી છે કે રાજ્ય સરકાર અને યુનિવર્સિટીઓનાં પુરાતત્ત્વખાતાં સહિત કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ભારત સરકારની મંજૂરી વિના પુરાતત્ત્વીય ઉત્ખનન, સર્વેક્ષણ કે તેને મળતી અન્ય કોઈ કામગીરી કરે તો એ ગુનો ગણાય છે અને તે બદલ ૫૦૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે.

(ગાંધીનગર) —શરદ મહેતા

(માહિતી નિયામક, ગુજરાત રાજ્ય)

સ્વમૂત્રના ઉપચાર

આગળના વખતમાં ઊંટડીનું મૂત્ર બાળકોના કાનના દુખાવા પર માતાઓ બાળકોના કાનમાં નાખતી. હાલ શહેરોમાં તે ઉપલબ્ધ ન હોય. સ્વમૂત્રનાં ટીપાં અજમાવવા જેવો ઈલાજ છે. દાંત કળતા હોય તો સ્વમૂત્ર બેત્રણ વાર દિવસમાં વાટકામાં લઈ કોગળા કરવાથી કળતા મટી જાય છે. મને સડસઠમા વર્ષે પંદરેક દહાડા પહેલાં દાંત કળવા લાગેલા તે બેત્રણ દહાડા પાંચ સાત વાર કોગળા કરવાથી મટી ગએલા. હવે તો સવારે, રાત્રે અને જમ્યા પછી કોગળા કરું છું. બિલકુલ કળતર નથી રહી.

(મુંબાઇ) —વલ્લભદાસ નાનજીભાઈ સચદે

ખરજવાનો ઉપાય

ખરજવા પર કાંટાસળિયાની રાખ કોપરેલ તેલમાં કાલવી લગાવવાથી તે મટી જાય છે, એવું ભારતીય વિદ્યાભવનને ઉપક્રમે યોજાએલા વનસ્પતિ-પ્રદર્શનમાં જાણતાં, મને ઘણો વખત અવારનવાર ખરજવું થઈ આવતું તે પર અજમાવેલું અને હાલ પાંચ વર્ષથી તે બિલકુલ મટી ગયું છે. ઉપરની દવા લગાવ્યે બહુ ફાયદો ન જણાય તો જેઠીમધ, ઈસબગુલ, મીંઢીઆવળ, વરિયાળી, કમલફૂલ (પબડી) ગુલાબ ફૂલ, કાળી દ્રાક્ષ સમભાગે (દસ-વીસ ગ્રામ) ખાંડી, રોજ એક-બે ચમચી સવારે અને રાત્રે ગુલકંદ કે આમળાં (એક ચમચી) સાથે લેવાં. કાળી દ્રાક્ષનાં બીજ કાઢી નાખવાં. (આ બધાં દેશી ઔષધીઓ વેચનારને ત્યાં મળે.)

(મુંબાઇ) —વલ્લભદાસ નાનજીભાઈ સચદે

કપાસી

મને પગના અંગૂઠા પર કપાસી જેવું જણાતાં બે-ત્રણ દિવસ ગોપીચંદન પાણીમાં કાલવી લગાવતાં તે મટી ગએલી. ગૂમડાં પર પણ તે

ઉપયોગી છે. કપાસી માટે આ ઉપાય અજમાવવા જેવો છે.

(મુંબાઇ) —વલ્લભદાસ નાનજીભાઈ સચદે

ખૂંચે છે

'કુમાર' વાંચતાં કંઈક સારું વાંચીએ છીએ એનો સંતોષ થાય છે. વિનોદનાં પત્નીનો વિનોદ વિષેનો લેખ તેના પોતાના લખેલા આત્મપરિચય કરતાં પણ સારો લાગ્યો. તેમાં કદાચ વિનોદનું માર્ગદર્શન હશે ખરું.

પણ 'કુમાર'ની એક બાબત ખૂબ ખૂંચે છે. નિબંધો કે બીજા લેખોમાં જ્યારે જ્યારે કોઈ અંગ્રેજી શબ્દ, કહેવત કે વાક્ય હોય છે, ત્યારે તે અંગ્રેજી બીબાંમાં છપાય છે. આ રીત યોગ્ય નથી. લેખો આપેલી હસ્તપ્રતમાં પણ જો કદાચ અંગ્રેજી વાક્યો તે જ લિપિમાં લખાએલાં હોય તોપણ 'કુમારે' તે ગુજરાતી બીબાંમાં છાપવાં જોઈએ. અંગ્રેજી પત્રોમાં જો કદાચ ગુજરાતી કે હિન્દીના શબ્દો આવતા હોય તોપણ તે શબ્દો ગુજરાતી કે હિન્દી અક્ષરોનાં બીબાંમાં છપાતાં નથી, જ્યારે 'કુમાર', 'સ્પાન'ના સૌજન્યથી' છાપવાને બદલે 'સ્પાન' શબ્દના ચાર અક્ષર અંગ્રેજી બીબાંમાં અને બાકીના અક્ષરો ગુજરાતીમાં છાપે તે કેટલું યોગ્ય છે? ક્યારેક વનસ્પતિઓનાં વૈજ્ઞાનિક નામો પણ અંગ્રેજીમાં જ છપાય છે, તે ગુજરાતીમાં છાપવાં જોઇએ.

(રાજકોટ) —યહીમ મહેબૂબ વલીમોહમદ

બરડા ડુંગરની જડીબુટી

શ્રી નરોત્તમ પલાણના કથન (ગુજરાતીમાં ફૂલ, જૂન ૧૯૭૯, પૃ. ૧૬૦) મુજબ ઈ. ૧૯૨૪માં પોરબંદરમાં લખાએલા સ્વ. જયકૃષ્ણ ઈન્દ્રજીના 'બરડા ડુંગરની વનસ્પતિ' નામક મહાગ્રંથમાં ફૂલો વિષે છે.

પ્રસ્તુત પુસ્તકનું નામ છે: 'વનસ્પતિશાસ્ત્ર: કાઠિયાવાડના બરડા ડુંગરની જડીબુટી: તેની પરીક્ષા અને ઉપયોગ.' પ્રસ્તુત પુસ્તક ઈ. ૧૯૨૪માં નહિ પરંતુ ઈ. સ. ૧૯૧૦ (સંવત ૧૯૬૬માં) પ્રસિદ્ધ થયું, પ્રત ૧૦૦૦.

'વનસ્પતિશાસ્ત્રી જયકૃષ્ણભાઇ'ના લેખક શ્રી બાપાલાલ ગરબડદાસ શાહ (ઈ ૧૯૩૧) જણાવે છે: 'આ ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં તો અપૂર્વ જ છે. હિંદુસ્તાનની કોઈ પણ પ્રાંતિક ભાષામાં એનો જોટો નથી. અંગ્રેજીમાં લખાએલાં બ્રિટનીનાં જે પુસ્તકો છે તેમાં પણ કોઈ આ પુસ્તકની બરાબરી કરી શકે તેમ નથી... ગુજરાતે આવા મહામૂલ્યવાન ગ્રંથની કિંમત આંકવામાં જે ઉદાસીનતા બતાવી છે તે કોઈ રીતે ક્ષમ્ય નથી... આ પુસ્તક છપાવવાના જયકૃષ્ણભાઈ પાસે પૈસા નહોતા પોતાની પત્નીનાં ઘરેણાં ગીરો મૂકીને તેમણે પૈસા ઊભા કર્યા અને પુસ્તક છપાવ્યું...૧૦૦૦ નકલોમાંથી આશરે ૨૦૦-૨૫૦ તો મફત આપવામાં આવેલી. બાકીની ૬૦૦, ૭૫૦ નકલોને ખપતાં ગુજરાતમાં ૧૭ વર્ષ લાગ્યાં છે.' (પૃ. ૬૭, ૬૯) તે વખતે પુસ્તક કિંમતમાં ઘણું સસ્તું હતું.

ઉપર્યુક્ત બંને પુસ્તકો હું ધરાવું છું. જિજ્ઞાસુ મારે ત્યાં પ્રસ્તુત પુસ્તકો જોઈ શકે છે, વાંચી શકે છે. (મુંબાઈ, ટે. નં. ૪૭૫૩૪૩).

શ્રી પોપટ પ્રભુરામ વૈદ્ય પોતાના અભિપ્રાયમાં (૨૮-૧૨-૧૯૦૬)જણાવે છે કે 'બરડા ડુંગરની જડીબુટી' જેવું પુસ્તક ગુજરાતી ભાષામાં પહેલવહેલું જ છે.' તેમાં શ્રી પલાણે ઉલ્લેખેલા 'બગીચાનું પુસ્તક'નો ઉલ્લેખ નથી.

'બરડા ડુંગરની જડીબુટી' (પાનાં ૭૨૦) ખરેખર અમૂલ્ય પુસ્તક છે. સ્વ. શ્રી જયકૃષ્ણભાઈ અંગ્રેજી ભાષા સારી રીતે જાણતા હતા. પરંતુ પ્રસ્તુત પુસ્તક તેમણે અંગ્રેજીમાં લખવાનો ઈન્કાર કર્યો. તેમના શબ્દો છે. 'યૂરોપિયનો પરદેશ બેઠાંબેઠાં આ દેશની વનસ્પતિઓ વિષે જાણે અને લખે અને મારા દેશના લોકો આંગણામાં ઊગતી અને પગ તળે કચડાતી વનસ્પતિઓને પણ ન ઓળખે! ગુજરાતીમાં પુસ્તકની કદર થાય કે ન થાય, હું તો મારી માતૃભાષામાં જ લખીશ'

'Pharmacognosyનાં છ પુસ્તકો હું ધરાવું છું. તેમની સરખામણીમાં ઈ. ૧૯૦૪-૧૯૦૬માં લખાએલું 'બરડા ડુંગરની જડીબુટી' કોઈ રીતે ઊતરતું નથી. બલ્કે ચડિયાતું છે.

(મુંબાઇ) —વી. બી. ગણાત્રા

ઔરંગઝેબ

આ માસ (જૂન) ઇતિહાસમાં પૃ. ૧૯૨, પર વિધાન છે કે તા. ૮-૫-૧૭૫૮ના રોજ 'પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરીને ઔરંગઝેબ ગાદીએ બેઠો.' એમાં ૧૭૫૮ મુદ્રણદોષ છે; ૧૬૫૮ જોઈએ. પરંતુ સર જદુનાથ સરકારના કથન મુજબ ઔરંગઝેબ તા. ૨૧-૭-૧૬૫૮ના રોજ ગાદીએ બેઠો, તા. ૮-૬-૧૬૫૮ના રોજ નહિ. ૧) History of Aurangzib; vol I-II, P ; 277-8 ૨) Shivaji and times. 1973, p. 400.

(મુંબાઇ) —વી બી. ગણાત્રાના

[* પિતાને કેદ કર્યા હોય તા. ૮-૬-૧૬૫૮ના રોજ, અને ગાદીનશીન પાછળથી અનુકૂળતા એ ૨૧-૭-૧૬૫૮ના રોજ થયા હોય એમ ન બને?]
** ભાઈ ઉન્મેશ ડી શુક્લે પણ આ મુદ્રણદોષ બાબત ધ્યાન દોર્યું છે]

વિનોદની નજરે

'વિનોદની નજરે'ના પચ્ચીસ (કે છવીસ?) પ્રકરણો, ત્યાર બાદ વિનોદના પોતે ચીતરેલા મહાનુભાવોના પ્રતિભાવોનું નિરૂપણ, ફરી 'વિનોદ' બીજાની નજરે—દા. ત. પત્નીઓની નજરે' અને છેલ્લા અંકમાં રતિલાલ બોરીસાગરની નજરે, આમ 'કુમાર' વિનોદમય થઈ ગયું લાગે છે. હવે તો 'બોર' થવા આવ્યા છીએ. 'અહો રૂપમ, અહો ધ્વનિ'નું આ પ્રકરણ સમાપ્ત થાય તો સારું.

(ગાંધીનગર) —હરેશ નિમાવત

મોતિયો

'કુમાર' એ માત્ર તંત્રી માટે નથી, માત્ર તેના લેખકો માટે નથી કે લેખકના મિત્રવર્તુળ માટે નથી પરંતુ જેને પોતાના બાળકને સંસ્કાર તરફ લઈ જવાં છે તેવાં અનેક માબાપો અને શાળાઓ 'કુમાર'ને પોતાનું માને છે અને વાંચનારો કિશોર અને યુવાન પણ તેને પોતાનું માને છે.

પણ...પણ એમ લાગે છે કે હાલનું સંપાદક મંડળ તે વાત ભૂલી જઈ 'અહો રૂપમ્ અહો ધ્વનિ'ના ખયાલમાં રાચતા કોઈ લેખકવર્તુળના કુંડાળામાં સમાઈ ગયું છે. નહિતર વિનોદ ભટ્ટની કે તેને વિષેની આવી વાતો 'કુમાર'માં ન દેખાતી હોત. 'કુમાર'ને લેખકો લેખ ન મોકલતાં હોય તેવું લાગે છે, નહિતર સુન્ના ઝવેરી અને વિનોદ કાયમી ન બને.

'કુમાર'ને મોતિયો તો નથી આવ્યો ને?*

(વડનગર) —રસિકલાલ દવે

[* અગાઉ પ્રકટ થએલી 'તંત્રીની વિનંતી'માં જણાવેલી તંત્રીની મોતિયાની તકલીફનો શબ્દ ઉપાડી લઇ તે દ્વારા આવો અનુદાર ઉપાલંભ કરવો 'કુમાર'ના ખાનદાન વાચકને શોભે?]

બદ્દું

એપ્રિલ અંકમાંના શ્રી વિનોદ ભટ્ટના લેખમાં 'બદ્દું' શબ્દનો ઉલ્લેખ છે, ને તેનો અર્થ કાલીકટના શ્રી પરશોત્તમ માધવજી પુછાવે છે. તેના સંદર્ભમાં: 'બદ્દું' શબ્દ હિંદી ભાષાનો છે. 'બદ્દા લગના' એટલે બટ્ટુ લાગવું. બટ્ટાળ લાગવું એવો અર્થ થાય છે. તેથી 'બદ્દું' શબ્દનો અર્થ ગુજરાતી જોડણીકોષમાં ક્યાંથી મળે?

—દેવાંગના પાઠક

ભવદીય

તાજેતરમાં લગ્નપત્રિકાઓમાં 'ભવદીય' શબ્દ વપરાતો જોયો. કુતૂહલવૃત્તિથી જોડણીકોશમાં જોતાં જણાયું કે તેનો અર્થ છે 'આપનું'. આ હિસાબે સંબોધન માટે આ શબ્દ ન વાપરી શકાય એ સ્પષ્ટ છે. આ સંદર્ભમાં વધુ માહિતી રસપ્રદ બનશે.

(ઘાટકોપર) —રતીલાલ વલ્લભરામ દવે

શ્રી ખોડીદાસ પરમાર

જૂન અંકમાં 'વાચકો લખે છે'માં રવજીભાઈ ડાભરિયાએ ખોડીદાસભાઈ વિષે કહ્યું છે તે બરાબર નથી. ખોડીદાસભાઈ ભાવનગરની વળિયા આર્ટ્સ ને મહેતા કૉમર્સ કૉલેજમાં ગુજરાતી-

---

ના અધ્યાપક છે, ને ભાવનગર યુનિવર્સિટીની ગુજરાતી અભ્યાસ-સમિતિના સભ્ય છે.

(ભાવનગર) —તખ્તસિંહ પરમાર

ડૉ. પ્રાણજીવનદાસ

શ્રી શંકરદેવ વિદ્યાલંકારજી કૃત દિવંગતમાં ડૉ. પ્રાણજીવનદાસ મહેતા વિષેની નોંધ પ્રેરણાદાયી છે. તેમની છબી દ્વારા તેમના જીવનની ખુમારી અનાયાસ જ પ્રકટ થઈ જાય છે. તેઓ જેટલું દેશી રજવાડાં દ્વારા ઉત્તેજન પામ્યા તેટલું કદાચ આજે પામી શકયા ન હોત! તેમનું સંપૂર્ણ જીવનચરિત્ર જાણવા વિષેની જિજ્ઞાસાને રોકી શકાય તેમ નથી.

(પોરબંદર) —હરજીવન થાનકી

'સ્વથી નિકટ...'

શ્રી ભગવતીકુમાર શર્માની 'સ્વથી નિકટ ને દૂર' વાર્તા વાંચી. મઝા પડી. અતિ પ્રવૃત્તિથી પીડાતા વર્તમાન નગરજીવનનું આબેહૂબ પ્રતિબિંબ તેમાં ઝીલાયું છે. પૈસા પાછળ પાગલ બનેલા માનવીની વ્યથા કલાત્મક રીતે નિરૂપાઈ છે. પશ્ચિમપણાના હુમલાથી ચેતવાનો છૂપો સંકેત કરી જતી આ વાર્તાના લેખકને મારી હાર્દિક સમસંવેદના પાઠવશો?

(પોરબંદર) —હરજીવન થાનકી

જૂના અંકો જોઈએ છે

મારે નીચે જણાવેલ અંકો જોઈએ છે. 'કુમાર'ના વિશાળ વાચક સમુદાયમાંથી કોઈ મને તે આપી શકે તો મારે ખરીદવા છે. સળંગ અંક : ૨૯૮, ૫૨૧, ૫૪૨, ૫૪૩, ૫૪૫, ૫૫૧, ૬૦૪, ૬૦૫, ૬૦૯, ૬૫૯ અને ૬૬૦.

—પ્રદીપ રસિકલાલ દવે, C/O દેના બૅંક, ધ્રાંગધ્રા, ૩૬૪ ૩૧૦

જૂના અંકો

'કુમાર'ના ૪૦૦ જેટલા અંકો વેચવાના છે. જરૂરત મુજબ નીચેને સરનામે લખવું : છોટાલાલ માનસિંહ કામદાર, વાંકાનેર (સૌરાષ્ટ્ર).

વાત્સલ્યની અનુભૂતિઓ

જયન્ત પાઠક

સૉનેટ દ્વય · શિખરિણી

૧

તમે તો આખું યે ઘર ગૂંદી-ગૂંદી કોઢ સરખું
કરી મેલ્યું ! એકે વસ નથી જ સ્થાને, અહીં ઢૂંઢૂં,
જડે ત્યાંથી ! ને આ નટખટ તમે યે રખડતાં
કદી પાડોશીને ઘર, ફળી — ન કેમેય જડતાં !
પગા'વ્યા કે જાણે ઘર ન તમને દીઠું ગમતું !
કરું હું મારું કે સતત હડિયાદોડી જ કરું ?
ન ઊંઘ્યા-જાગ્યાનું સુખ, ન ઘડીનું યે વિરમવું,
થતું : થોડા દા'ડા તમથી અળગી એકલી થવું.

બળ્યું ! આ તો જાણે ઊલથી ચૂલમાં-સાવ નવરી
ફરું થાકી થાકી ! નજર ઘર બા'રી જ ભમતી;
ઘરે છે યે શું તે ! અમથું ખખડે કૈં છળી જતી;
ગણાઉં ઘેલી શી કરું વિગત વાતો ફરી ફરી !
અરે, મેં માગ્યું તે ન'તું જ મુજને જોઈતું 'સુખ'
'ગમે ના' કે'તી'તી ગમતું હતું એ, એ જ 'અસુખ !'

૨

કદી કંટાળું છું રમી રમી તમારી રમતથી
ચિડાઉં છું ખોટી હઠથી, કજિયાથી, મમતથી.
તમે ભોળાં, ગુસ્સે થઉં, હસી પડો છો ! સિફતથી
મને જીતી લેતાં જરીક કરીને વાત અમથી !
'કહો વાર્તા પેલી પરીની, ભૂતની, ઉંદર તણી'
કદી કાપી નાખો પૂંછડી મુજ સાતે, મનનની !
મીંચી આંખો કેવાં સહજ સરી જાઓ સપનમાં
મને મૂકી આ પા — મુજ મન તણા ઘોર વનમાં !

સવારે જોઉં તો પરીની લઈને પાંખ ઊડતાં
કશી આંજી આંખો સપન સુરમે, અંગ ઊઘડ્યાં
નર્યાં સ્વર્ભૂમિનાં કુસુમની લઈ ગંધ ફૂટડાં
વળી પાછાં માંડો રમત, હઠીલાં વાત-ભૂખડાં !
રમાડું છું ભોળાં ગણી હું તમને, શાણપણમાં
તમે પક્કાં
રમાડો છો કેવાં ફરી ફરી મને બાળપણમાં !

સાંજ / કિશોર બારોટ

· ગાન ·

ટેકરિયુંની પછવાડેથી ઊડી આવતાં કાગતણાં ટોળાંઓ આવી બેઠાં ઘરને નળિયે.

સૂરજની છાતીમાં વાગ્યું સમયતણું કો' તીર લોહીની છોળ થકી કૈં આભ થયું તરબોળ,
પાછી વળતી ઘંટડિયુંની દોટ ચડાવે ગુલાલની ડમરી ને એમાં ગામ કરે અંઘોળ.
ગાંસડિયુંમાં બંધાઈને કૂણીકૂણી કલરવભીની સીમ હવે આવી ઠલવાણી ફળિયે,
ટેકરિયુંની પછવાડેથી ઊડી આવતાં કાગતણાં ટોળાંઓ આવી બેઠાં ઘરને નળિયે.

સીમકુંવરીના લીલા પાનેતરની વચ્ચે હોય ખજૂરો જાણે એવી કેડી સૂની સાવ બગાસાં ખાય,
અને આભમાં ભૂલા પડેલા કોઈ અટૂલા પંખીની પાંખે બેસીને ખાલીપો ચકરાય.
ધીમે ધીમે તારાઓનું ગૌધણ ચરવા નીકળે ચાંદો ક'ન બનીને હાંકે રે લાકડિયે,
ટેકરિયુંની પછવાડેથી ઊડી આવતાં કાગતણાં ટોળાંઓ આવી બેઠાં ઘરને નળિયે.

◘ વાત્સલ્યની અનુભૂતિઓ : વાત્સલ્યમૂર્તિ માતાની અનુભૂતિઓ જે મીઠી અકળામણની હોય છે તે આ સૉનેટદ્વયમાં સાહજિકતાથી અંકિત થએલી છે. બાળકોનાં તોફાનથી કંટાળેલી માતા થોડા દિવસ તેમનાથી અલગ રહેવા ઇચ્છે છે તે પ્રશ્નમાં એ અકળામણ પરાકાષ્ઠાએ પહોંચે છે. બીજા સૉનેટના આરંભમાં માતાની સંતાનો સાથેની વયસહજ પ્રવૃત્તિનું ચિત્ર અંકાયું છે. એ સૉનેટના અંતે તોફાની બાળકોની એ જ પ્રવૃત્તિ જાણે મૂર્ધન્ય માતાને શિશુત્વની દીક્ષા આપી રહે છે એ ભાવપલટામાં હરખનો ચરમ ઉત્કર્ષ અનુભવી શકાશે. **◘ સાંજ :** સમી સાંજનું અવનવીન કલ્પનામઢ્યું લયકેફીલું આ ગાન સુરમ્ય વાતાવરણ સર્જે જાય છે. સૂરજની છાતીમાં સમયના તીરનું ભોંકાવું, ગાંસડીઓમાં બંધાઈને આવતા ઘાસમાં જાણે આખી સીમનું ફળિયામાં ઠલવાવું, સીમકુંવરીની નીલમવર્ણી સાડીમાં જાણે ખજૂરો પડયો હોય તેવી કેડી...અનેક કલ્પનાઓથી તમે સાંજને નવા સ્વરૂપે અહીં માણી રહેશો. —ધી. પ.

સંવાદિતા

બહાદુરશાહ પંડિત

આચાર્ય રજનીશજીએ એમના એક પુસ્તકમાં એક અનુભવ વર્ણવ્યો છે. એક વાર તેઓ એમના એક સાથીદાર સાથે મુસાફરી કરતા હતા. માર્ગમાં રાત પડતાં તેઓ બંને ગામની ધર્મશાળામાં રોકાયા. રાતના દસેક વાગ્યા એટલે ધર્મશાળાની બહાર ગામનાં કૂતરાં એકઠાં થઈ જોરશોરથી ભસવા લાગ્યાં. રજનીશજીના સાથીદાર એકદમ પથારીમાં બેઠા થઈ ગયા. 'કેમ શું થયું?' રજનીશજીએ પૂછ્યું. 'અરે! જુઓને આ કૂતરાં! કેટલો ઘોંઘાટ કરી મૂકે છે? હવે આપણને ઊંઘ ન આવે.' સાથીએ કહ્યું.

'કેમ, અવાજથી તમને ઊંઘ નથી આવતી?'

'ના, એમ તો હું શાળખાતામાં કામ કરું છું. સાંચાના અવાજ વચ્ચે પણ ઊંઘી જવાની મને ટેવ છે. પણ આ કૂતરાંનો અવાજ મારાથી સહન થતો નથી.'

'એનો અર્થ એ કે તમે કૂતરાંના ભસવાના અવાજને તમારો વિરોધી બનાવી લીધો છે. તમે સમજો કે આ કૂતરાં તો રોજ રાતે અહીં આવીને ભસતાં હશે—આજે ખાસ તમને હેરાન કરવા માટે જ આવ્યાં નથી. એમના ભસવાના અવાજને કર્કશ અને ઘોંઘાટમય માનીને તમે જાતે જ તમારી ઊંઘમાં ખલેલ પાડો છો. એ અવાજ સાંભળો જ નહિ અથવા એ અવાજને સંગીતમય માની લો તો તમને મઝાની ઊંઘ આવી જશે.'

અને રજનીશજીના સાથીદારને થોડી જ વારમાં ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

આ જગતમાં બનતા વિવિધ બનાવો તરફ આપણે કેવું વલણ અખત્યાર કરીએ છીએ એના પર આપણાં સુખદુ:ખનો, આશાનિરાશાનો અને ગમાઅણગમાનો આધાર રહે છે. આપણી દૃષ્ટિ વિધેયાત્મક હશે તો આપણી આસપાસનું વાતાવરણ આપણને સંવાદી લાગશે. આપણા માટે જ, આપણા સારા માટે જ આ દુનિયા સર્જાઈ છે એમ આપણને લાગશે.

માણસમાં આવી તાકાત છે એનો ઇતિહાસ સાક્ષી છે. માણસે કુદરતી વર્ષાનો ઉપયોગ કરી ખેતી કરવા માંડી, સાગરમાં વહાણ ચલાવવાનું શરૂ કર્યું, પર્વત પરથી પડતા ધોધની શક્તિનો ઉપયોગ કરી વીજળી ઉત્પન્ન કરી. આ પરથી સાબિત થાય છે કે માણસને કુદરત સાથે સંવાદિતા સાધી જીવતાં આવડે છે. માનવી એક જાતિ તરીકે તો કુદરતના દરેક પદાર્થને અને પ્રત્યેક બનાવને પોતાના જીવન સાથે સુસંગત બનાવી એમાંથી સંગીત ઉત્પન્ન કરી શકે છે, પણ માનવી વ્યક્તિગત રીતે કુદરતના અમુક બનાવોને પોતાના વિરોધી ગણી દુ:ખી થાય છે.

ભગવાને કે કુદરતે જે વ્યવસ્થાનું નિર્માણ કર્યું છે એ બરાબર જ છે. એમાં ખામી શોધવી એ મૂર્ખાઈ છે, એ દર્શાવતી એક સરસ વાર્તા સંસ્કૃતમાં છે. એક પંડિત જંગલમાંથી પસાર થતો હતો. એણે એક વડનું ઝાડ જોયું. એના ઉપર ફળરૂપે સોપારી કરતાં પણ નાના ટેટા જોયા અને દૂર એક તરબૂચનો વેલો જોયો. એની પાતળી વેલ પર મોટાં મોટાં તરબૂચ જોયાં. પંડિતને વિચાર આવ્યો કે આ કુદરતમાં કેવી ગેરવ્યવસ્થા છે! આવડા મોટા વડના ઝાડને ફળ કેટલાં નાનાં છે! અને આ દોરડી જેવા વેલાને કેટલાં બધાં મોટાં ફળ લાગ્યાં છે!

આમ વિચારતો પંડિત વડના ઝાડ નીચે આરામ લેવા માટે બેઠો. થોડી વાર થઈ ત્યાં વડના ઝાડ પરથી એક ટેટો તડાક દઈને એના ટાલવાળા માથા પર પડ્યો. પંડિત બિચારો માથે હાથ ફેરવવા લાગ્યો પણ એ સાથે એને વિચાર આવ્યો કે ખરેખર કુદરતની વ્યવસ્થા બરાબર છે. આ વડનો ટેટો જો તરબૂચ હોત તો મારી શી દશા થાત?

અનુભવે જગતના તમામ સંતોને સમજાયું છે કે જગતની યોજના સાથે સંવાદિતા સાધનાર જ સુખી થાય છે. નદીના વહેણની દિશામાં તરનાર કેટલી આસાનીથી અને ઝડપથી તરી શકે છે! હું શાળામાં ભણતો હતો ત્યારે અમારા વિદ્યાર્થી મંડળનો પ્રમુખ બનેલો. એક વાર અમારા મંડળની કારોબારીમાં ભારે મોટી કટોકટી ઊભી થઈ. કારોબારીમાં શાળામાં ચાલતી દંડની પ્રથા સામે વિરોધ કરવાનો ઠરાવ મુકાયો હતો. એની ચર્ચા કરતાં એક ઉદ્દામવાદી સભ્યે ગુસ્સે થઈ કહ્યું: 'કારોબારીના સભ્યો બધા કૂંઈબા જેવા છે.' થઈ રહ્યું! મૂળ ઠરાવ બાજુ પર રહી ગયો અને સભ્યો બધા પેલા ઉદ્દામવાદી પર ગુસ્સે થયા અને કારોબારીનું અપમાન કરવા બદલ એની પાસે માફી મંગાવવા પ્રમુખ પર દબાણ કરવા લાગ્યા. પેલો ઉદ્દામવાદી સભ્ય કહે કે મારી વાત સાચી છે એટલે હું માફી માગવા તૈયાર નથી. બાકીના સભ્યો કહે કે એ માફી ના માગે ત્યાં સુધી આગળ ચર્ચા નહિ ચાલે. બેઠકનું કામ સ્થગિત થઈ ગયું. થોડી વાર વિચાર કરીને મેં સભ્યોને કહ્યું કે 'ભલે એ માફી ના માગે પણ એથી કંઈ એને માફ કરવાનો આપણો અધિકાર છીનવાઈ જતો નથી. એથી હું દરખાસ્ત મૂકું છું કે 'આપણી કારોબારીના સભ્યોનું અપમાન કરનાર ભાઈ શ્રી...ના આ ગુનાને પહેલો જ ગુનો હોવાથી માફ કરવામાં આવે છે.' આ દરખાસ્ત બહુમતીથી પસાર થઈ અને સભાનું કામ આગળ ચાલ્યું.

કોઈ પણ સ્થળે સંવાદિતા સ્થપાવવી હોય તો મધ્યમ માર્ગ ગ્રહણ કરવો જોઈએ. વીણાના તાર બહુ તાણીએ તો તૂટી જાય, ઢીલા મૂકીએ તો નાદ પ્રગટે જ નહિ. એને મધ્યમ રીતે તાણવામાં આવે તો એમાંથી મધુર સંગીત પ્રગટ થાય. જીવનનું સંગીત પેદા કરવા માટે પણ આવો મધ્યમ માર્ગ જ સ્વીકારવો પડે છે અને મધ્યમ માર્ગ એટલે જ સંવાદિતા, સમાધાન.

વ્યક્તિઓ સાથેની સંવાદિતા ટકાવી રાખવા માટે મહાત્મા ગાંધીજીએ પ્રેમનો માર્ગ બતાવ્યો છે. પણ એ પ્રેમ સતત ટકાવી રાખવો કેવી રીતે? ગાંધીજીના જીવનનો એક પ્રસંગ આ દિશામાં ખૂબ પ્રેરણાદાયક થઈ પડે એમ છે.

મિસિસ ઍની બિસેન્ટે હોમરૂલ લીગની સ્થાપના કરીને ચળવળ શરૂ કરી એટલે સરકારે એમને નજરકેદ કર્યાં. એ વખતે ગાંધીજીએ શંકરલાલ બૅંકરના પત્રના જવાબમાં સત્યાગ્રહ કરવાની સલાહ આપી. એ પત્ર પ્રકટ થતાં સરકારે બિસેન્ટને મુક્ત કર્યાં એ પછી અસહકારના દિવસો આવ્યા ત્યારે મિસિસ ઍની બિસેન્ટ પોતાના 'ન્યૂ ઇન્ડિયા' નામના પત્રમાં દરરોજ ગાંધીજીની વિરુદ્ધમાં કંઈ ને કંઈ લખાણ પ્રકટ કરતાં. એક દિવસ એમાં ઘણો ખરાબ લેખ આવ્યો. કાકાસાહેબ ગાંધીજીને પૂછ્યું: 'ગઈ કાલના 'ન્યૂ ઇન્ડિયા'નો લેખ આપે વાંચ્યો?' ગાંધીજીએ કહ્યું: 'મેં ન્યૂ ઇન્ડિયા વાંચવાનું ક્યારનું બંધ કરી દીધું છે. જ્યાં સુધી કોઈ ખાસ દલીલવાળા લેખ આવતા હતા ત્યાં સુધી હું વાંચતો હતો, પણ મેં જોયું કે તેમાં કેવળ મારા પર વ્યક્તિગત ટીકા જ થવા લાગી છે ત્યારથી મેં તે વાંચવાનું છોડી દીધું છે. વ્યક્તિગત ટીકા સાંભળવાથી તેની મન પર કંઈ ને કંઈ અસર થવાનો સંભવ રહે છે. વાંચીએ જ નહિ તો મનનો સદ્‌ભાવ કાયમ રહે. હમણાં મારે મિસિસ ઍની બિસેન્ટને મળવાનું થાય તો મારા મનમાં તેમના પ્રત્યે જે આદરભાવ છે તેમાં કશી ખામી નહિ આવે.'

આમ, વ્યક્તિઓ વચ્ચેની સદ્‌ભાવના ટકી રહે તો સંવાદિતા પણ કાયમ રહે. □

સૂફી સંત કવિ

શાહ અબ્દુલ લતીફ

—લેખક • રામસિંહજી રાઠોડ—

'લહરિયન લખ લિબાસ, પાણી પસન હિકડો.'

કોટેશ્વરના કુંડની પાળે ઊભીને કોરીનાળના લહેરિયા લેત્રા સાગરજળના રાશિને નિહાળી એક જુવાન જોગીના મોંમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા, 'જળની આ લહેરો લાખ પ્રકારે આકાર ધરે છે, (પણ) પાણીને જોતાં એ તો એકનું એક જ દેખાય છે.'

એના મોંમાંથી મીઠડા શબ્દબોલની આવી ટશરો દ્વારા ભીતરનો અવાજ જાણે આધ્યાત્મિક જ્ઞાનના રૂડા રહસ્યની જેમ ઊતરી આવે છે. દરિયાના દમામ ઉપર એ જોગી ડોલી ઊઠે છે.

કોટસર જે કુંઢ તે રેઓ આહે રામ,
જીન સંનાસી સમરેઓ, અંધ્રર થ્યો આરામ,
કરોધ ને કામ વ્યા વન્જીદા નિકરી.

કોરીનાળની કુદરત વચ્ચે કોટેશ્વરના કુંડ ઉપર વિહરતાં જે સંન્યાસી રામને સમરે છે તેના મનમાંથી ક્રોધ અને કામ જેવા ભાવ શમી જઈ એ એના અંતરમાં આરામ અનુભવે છે.

આ જુવાન જોગીની અંતરચેતના આમ જાગતી જોઈ બાવા હરદાસે એને હુંકારો દીધો અને મસ્ત કલંદર જેવા પોતાના આ યુવાન સાથીના એ બોલને દરિયાઈ લહેરની લય સાથે મેળવીને એણે રાગ ગુનગુનાવ્યો; અને પછી તો એ બંને એમાં મશગૂલ બની ગયા.

કચ્છમાં માતાના મઠથી બાવા હરદાસ જોગીઓની જમાત લઈને હિંગળાજ પીરસવા નીકળ્યા હતા. સિંધમાં હાલના હૈદરાબાદ નજીકના ગંજાટકર ગામમાં મહામાયાની મઢીમાં એણે ધૂણી ધખાવીને રોકાણ કર્યું હતું. રાતે હરદાસે ભક્તિમાં લીન થઈને રાગ ગાવા માંડયા, અને ત્યારે એમની સાથે મીઠા ઈલાહી સૂરથી કોઈએ ટાપ પુરાવવા માંડી. બાવાને એથી વડી સુહાણુ થઈ પડી. રાગ પૂરો થયો અને બાવાએ એ અજાણ્યા ટાપરિયાની ઓળખાણ પૂછી. જવાબમાં એને એ મીઠુ જુવાનના અંતરની આરઝૂની પિછાન મળી. હરદાસ બાવાએ એને પોતાનો શાગિર્દ બનાવી જમાતમાં ભેળો લીધો.

અનેક સ્થાનકોમાં થઈ તેઓએ બલુચિસ્તાનમાં હિંગળાજની યાત્રા કરી. કેરમકરાન અને લાસબેલા પણ જઈ આવ્યા અને નગરઠઠ્ઠા થઈને લારનાં ઘણાં ગામોમાં ફરતાં તેઓ કચ્છ ભુજ પહોંચ્યા. તે પછી લખપત અને નારાયણસર થઈને કોટેસર આવ્યા હતા. આમ, 'નાની ને નારાણ બાઈ સાધ્યો સામીએ'. નાની એટલે કે હિંગળાજથી નારાયણસરની એ સુદીર્ઘ યાત્રા દરમિયાન બાવા હરદાસે એ જુવાન મીઠુ બાવાને રાગથી ખાસ્સો વાકેફ કરી દીધો એટલું જ નહિ, એણે એને રાગના પૂરા રંગે રંગી દીધો.


કચ્છમાં ત્યારે રાગ ને રાગીઓની બોલબાલા હતી. રાગ એ કચ્છી લોકગાયકીનો એક વિશિષ્ટ પ્રકાર છે. એની હલકમાધુરી હૃદયસ્પર્શી છે. પરંપરાથી લોકઅંતરમાં જળવાઈ રહેલી એની ધૂન અને તાનનો લલકાર આજે યે તેના આદ્ય સ્વરૂપમાં અણુપલટયો કાયમ રહ્યો છે. દુન્યવી વિષયોને સ્પર્શવા સાથે એનું ગાન સંસારથી પર એવી ઉચ્ચ ભૂમિકાને પણ આંબી જાય છે. આ રાગ ગાનાર એ રાગી. આવાં રાગીઓમાં પોતાના સમયમાં બાવા હરદાસ શિરમોર ગણાતા હતા અને એવા ગુરુ પાસેથી પેલા જુવાન મીઠુને રાગની સોગાદ મળી હતી.

પછી તો એ જુવાન જોગીએ ઘણી દુનિયા જોઈ. કચ્છ અને થરમાં એ ઘણું ઘૂમ્યા. લોકોની વચ્ચે રહી એમણે લાર પ્રદેશની રહનસહન ને ખયાલાતોને પિછાની, અને અંતે જેની પોતાની શોધ હતી એ તો પોતાના અંતરમાં જ છે એવા ભાન સાથે પોતાના ઘર તરફ એ પાછા ફર્યા. પુત્ર વિના ઝૂરતા પિતાએ પોતાના લટુડા લાલને હેમખેમ પાછો ફરેલો જોઈ અનહદ આનંદ અનુભવ્યો.

એ પિતા હબીબુલ્લા શાહ સિંધમાં હાલા ગામના સૈયદ પરિવારના પવિત્ર પુરુષ હતા. એમને ત્યાં ૧૬૮૯માં અબ્દુલ લતીફનો જન્મ થયો. 'શા અબ્દુલ લતીફ ભિટાઈ' નામે વિખ્યાત સૂફી સંત તે જ આ અબ્દુલ લતીફ. આરંભમાં આપણે જે મીઠુ જવાન જોગીની વાત કરી તે જ.

મુઘલાઈ શાસનની પકડ ઢીલી પડતાં સિંધમાં ત્યારે કલ્હોરાઓ પોતાની સત્તા જમાવવા લાગ્યા હતા અને એ માટે કૈંક કાવાદાવા ને ખટપટો ચાલતી હતી. પણ હાલાના સૈયદો એ રાજખટપટોથી અલિપ્ત રહી મજહબ–પરસ્તીમાં રત રહેતા.

છએક વર્ષની વયે અબ્દુલ લતીફને ઉસ્તાદ પાસે અક્ષરજ્ઞાન લેવા માટે મોકલવામાં આવ્યા. ત્યાં પ્રથમાક્ષર 'અલફ' શીખવ્યા પછી ઉસ્તાદે બીજો અક્ષર 'બે' બોલવા કહ્યું ત્યારે લતીફે અલફ એક જ છે (અને તે સિવાય બીજું કંઈ જ નથી) કહીને આગળ ભણવાનો ઈન્કાર કરી દીધો. હબીબશાહને બાળક પુત્રના આ ઈન્કારમાં દૈવી સંકેત સમજાયો અને એમણે પુત્રને ભણાવવાનો આગ્રહ ત્યજી દીધો. લતીફ હવે મસ્ત બની ઘૂમવા લાગ્યા. ઓલિયા જેવા પુત્રની દુન્યવી સુખો પ્રત્યેની લાપરવાહી માટે હબીબશાહને કોઈ રંજ નહોતો. પુત્રને એમણે પ્રકૃતિના ખોળે ભમવા દીધો અને દિન-બ-દિન લતીફની જિંદગી ઈશ્વર પરસ્તીમાં બર આવતી ગઈ.





◁ શાહ અબ્દુલ લતીફનો મકબરો (ડાબી બાજુ) અને તેના દર્શનાર્થે એકઠી થતી માનવ ભીડ.

એવામાં નજીકના જ કોટડી ગામના મિરઝા મુઘલબેગની પુત્રી બીમાર પડી. મુઘલબેગ હબીબશાહનો અનુયાયી હતો. દીકરીના આરામ વાસ્તે એણે સૈયદ હબીબશાહને દુઆ પઢવા બોલાવ્યા. સૈયદની પોતાની તબિયત ત્યારે બરાબર નહોતી એટલે એમણે પોતાના બદલે લતીફને મોકલ્યો. લતીફની ઉંમર ત્યારે વીસ વર્ષની હતી. આકરા ઓઝલમાં રહેતી દીકરી પાસે એમને લઈ જવામાં આવ્યા. મુઘલબેગની એ બીમાર છતાં યે ખૂબસૂરત દેખાતી પુત્રીનું હુસ્ન જોઈ અબ્દુલ લતીફ દંગ થઈ ગયા ને એનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. અને એ વખતે એમના મોંમાંથી સરી પડ્યું: 'જંહિજી આંગુરી સયયદ હથ મેં...' જેની આંગળી સૈયદના હાથમાં છે તેને ઊની આંચ પણ ન આવે. પછી એ દીકરી તો સાજી થઈ ગઈ, પણ જુવાન પુત્રીને લતીફે કરેલો સ્પર્શ અને એના મોંમાંથી સરેલાં વેણ મુઘલબેગના કબીલાને જચ્યાં નહિ. સૈયદો પ્રત્યેનું એમનું વલણ ફેરવાઈ ગયું ને એમાં એટલી તો આડોડાઈ ભળી કે અંતે સૈયદોએ કોટડીથી દૂર ચાલ્યા જઈ બીજે હવેલી વસાવવી પડી.

પણ લતીફના દિમાગમાંથી પેલી હુસ્નપરીની યાદ ખસતી નહોતી. ઘાયલ અવસ્થામાં એનું દિલ પછડાટા ખાતું હતું. પરંતુ ખાનદાની મર્યાદા લોપવા જેટલા એ બેહોશ નહોતા. ઔરંગઝેબના અવસાન પછીની નાદિરશાહીમાં ફેલાએલી અંધાધૂંધીના એ કાળમાં સાધુ-ફકીરો સિવાય અન્ય જનો માટે સલામત હરવું-ફરવું મુશ્કેલ બની ગયું હતું. એવી સ્થિતિમાં બેચેન લતીફ એક દિવસ ચૂપચાપ ઘર છોડી ચાલી નીકળ્યા. આવી એકલ યાત્રામાં એક દિવસ હિંગળાજની યાત્રાએ જતા કાપડી જોગી-બાવાઓની જમાતમાં એમને બાવા હરદાસનો મેળાપ થઈ ગયો અને આપણે આરંભમાં જોયું તેમ એમની સાથે એમણે મુલક ખૂંદવા માંડ્યો. એ યાત્રાટનમાં એમણે દુખિયારી દુનિયા ને દુનિયાની દિલદારીનો અનુભવ કર્યો. પ્રિયતમાને પામવાનો સંસારી રાહ ન લેતાં લતીફે ત્રણ વરસ સુધી એ હિંદુ જોગીઓનો સહવાસ સાધ્યો. કચ્છમાં ત્યારે સંત મેકણનો મહિમા ગવાતો હતો. દેશરા પરમેશરા નામે ખ્યાત થએલા રાવ દેશળને ત્યાં રાગી લખપતજીનો જન્મ થઈ ચૂક્યો હતો. સંગીત અને સાહિત્યની ભરમાર કચ્છમાં ત્યારે પૂરબહારમાં હતી. બાબા હરદાસ દ્વારા અને આ કચ્છમાંથી એમને રાગની પ્રેરણા અને લોકોના અંતરની પહેચાન મળી. કોટેસરમાં આધ્યાત્મિક ભાવે એમને પ્રિયતમાની પ્રાપ્તિની અંતરમાં અનુભૂતિ થઈ અને હવે કોઈ પણ પ્રકારની એષણા વિના તૃપ્ત હૃદયે તેઓ ઘર તરફ પાછા ફર્યા.

લતીફના પુનરાગમન પછી ત્રીજા જ દિવસે કોટડી પર ધલાઓએ આક્રમણ કર્યું ને લૂંટ ચલાવી નાઠા. મુઘલબેગ કબીલાના પુરુષોએ તેમનો પીછો પકડ્યો. સૈયદોએ એમને સહાય આપવા ઇચ્છા દર્શાવી પણ મુઘલબેગે એ ઠુકરાવી. ધલાઓ સાથેના દંગલમાં મુઘલબેગના પરિવારના તમામ પુરુષો કામ આવી ગયા. રહ્યો માત્ર એક જણ, ને તે નાનો બાળક હતો એટલે જ બચી ગએલો. પરિવારની સ્ત્રીઓએ આ આપત્તિને સૈયદોના શાપનું પરિણામ ગણ્યું અને તેના નિવારણ માટે મુઘલબેગની દીકરી સઈદા સાથે લતીફના નિકાહ માટે કહેણ મોકલ્યું. શાહ લતીફ તો હવે આધ્યાત્મિક પ્રેમની ઊંચાઇએ પહોંચી ગયા હતા, પણ છતાં એમણે એ પ્રસ્તાવ સ્વીકાર્યો ને સઈદા એમની તાજ-અલ-મુકદ્દસ—સતીઓના શિરમોર સમી બની રહી. આ નિકાહથી લતીફ શાહના જીવનમાં મીઠાશ તો આવી જ, પણ હવે એમનો ઈશ્ક આધ્યાત્મિકભાવે આગળ વધી ગયો હતો. હવે એ ઓલિયા બની ગયા હતા, એમના સૂરીલા રાગની ચિન્મય વાણી લોકોને સંતૃપ્ત કરવા લાગી હતી.

સારી રાત સુબહાનખે જાગી જની યાદ કયો
ઉનજી, અબ્દુલ લતીફ ચહે, મંજઈ લધો માન
તોણે કન સલામ અગયા અચયો ઉનજે.

સવાર સુધી આખી રાત જાગીજાગીને જેણે ઈશ્વરને યાદ કર્યા કર્યો છે તેમને, અબ્દુલ લતીફ કહે છે, અંતરમાં આરામ મળ્યો છે અને દુનિયા એને સલામ ભરે છે.

ભીટમાં એમની ઈલાહી મહેફિલો જામવા લાગી. અતલ અને ચંચલ નામે બે રાગી એમના કાયમના સાથી થઈ રહ્યા. બિલાલ, ઈનાયત, તમર, હાસિમ, ગીલાં વગેરે એમના ચાહકો દર જુમાની રાતે ભીટમાં સૂરની મહેફિલ કરવા લાગ્યા હતા. આસપાસ દૂરદૂર સુધી શાહ લતીફની પ્રતિષ્ઠા ફેલાઈ રહી હતી. પણ સિંધના કેટલાક ફકીરો ને સૈયદો શાહની આ તારીફ જીરવી શક્યા નહિ. શાહ લતીફને બદનામ કરવા એમણે આડોડાઈ અને ખટપટ કરવા માંડી. એ વખતના સિંધના શાસક નૂરમહમદ કલ્હોરાએ શાહ લતીફનું નિકંદન કાઢવાના પણ પ્રયાસો કર્યા. શાહને ઝેર દેવાનું કાવતરું કર્યું, તોફાની મારકણા ઘોડા પર સવારીએ ચડાવ્યા, પણ શાહને ઊની આંચ ન આવી. ગીલાં શાહની પ્રેમિકા હોવાનું આળ ચડાવ્યું તો ય શાહ પોતાના પંથમાંથી ચસ્યા નહિ. નૂરમહમદે કિન્નરી સરખી ગીલાંને શીખ આપવાને બહાને પોતાને ત્યાં બોલાવી મંગાવી, પણ એનાં નૂર અને નેકીથી એ અચરજ પામી અંજાઈ ગયો. અંતે એણે ગીલાં સાથે શરીઅત મુજબ શાદી કરી. શાહની દુઆથી ગીલાંથી એને પુત્રની પ્રાપ્તિ થઈ. આગળ જતાં એ પુત્ર ગુલામશાહ કલ્હોરો કચ્છમાં ઝારાના મહાવિનાશક યુદ્ધનો નિમિત્ત બન્યો હતો.

શાહ લતીફે કીશર ઢંઢ કને ભીટ બાંધી ત્યાં તકિયો કર્યો હતો. પોતાના શાગિર્દો સાથે ત્યાં એમણે કાયમી વસવાટ રાખ્યો હતો. એક દિવસ એમને પિતા હબીબશાહની સખ્ત બીમારીના સમાચાર મળ્યા. એથી વ્યથિત શાહે તુરત ખબર મોકલ્યા કે પોતે પિતાને મળવા તત્કાળ આવી રહ્યા છે. પણ આ મીઠો નિયાપો મળતાં જ હબીબશાહનો આત્મા પરિતૃપ્ત થઈ ગયો અને લતીફશાહ પહોંચે તે પહેલાં તો એમણે આ ફાની દુનિયા છોડી દીધી.

ભીટમાં શાહ લતીફ બિલકુલ સાદગીથી બેફિકર ફકીરી જીવન જીવતા હતા. સાંઈ મૌલા તરીકે એમની ખ્યાતિ વધુ ને વધુ પસરતી જતી હતી. રાગનો સૂર એમનો પ્રાણ ને આત્મા બની ગયો હતો. હુંપદનો લોપ કરી તેઓ દિલને આરામ દેવા સફાદિલ શાયરી કરતા હતા. પોતાના ફકીરો સાથે એમને ઊંડી મહોબત હતી. આમાં યે હિંદવાણુ મદન ભગત સાથે એમને અજીજ દોસ્તી હતી. દરવેશ આબિદ, નેકીલો મકદુમ ને બાળક સચલ શાહને પ્યારા હતા. દીન-ધર્મના ભેદ વિના એ હરેકના દિલમાં નૂર જોતા, રુહને ફંફોળતા. કુદરત અને દુનિયાની હર ચીજની તેના ભાવાભાવની શાહ અજબ શાયરી કરતા. દિલના દર્દીલા અવાજમાં પ્રકટતી એમની શાયરીને એમના ફકીરો ટપકાવી લેતા. અરમાનથી ફતારેલા શાહના સૂરનો આવો રસાલો જ્યારે એ ફકીરોએ શાહ રૂબરૂ રોશન કર્યો ત્યારે એંકારનું ખંડન કરવા શાહે નિસ્પૃહ ભાવે એને શાંતિથી કિરાર ઢંઢમાં પધરાવી દીધો! ફકીરો આથી બહુ નિરાશ થઈ ગયા. અંતે એમની એ હતાશા દૂર કરવા શાહે એમને પોતાની એક શાગિર્દ બાઈ નિયામત કને જવાનું સૂચવ્યું. શ્રુતિ અને સ્મૃતિ થકી શાહના બધા બેત એ નિયામતબાઇને હૈયે હતાં. તે મોંપાઠ કરાવીને લખી લેવા શાહે ફકીરોને કહ્યું. આ રીતે નિયામતને કંઠસ્થ શાહના સૂરનો જે કિતાબ લખાયો તે 'ગંજરસાલો' કહેવાયો. શાહના અંતેવાસી તમર ફકીર પાસે એ રાખવામાં આવ્યો અને આજે યે તે વસિયત રૂપે તમરના વારસો પાસે જળવાઈ રહ્યો છે.

દુનિયાનાં ઘણાં દુઃખ-કસાલા વેઠી અંતિમ દિવસોમાં શાહ સુહિણી રાગ ગાયા કરતા, અને એકાંતમાં જ રહેતા હતા. એક વાર વીસ દિવસ

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૦)

ગણેશ-જનની

મૂળ લેખક - શ્રી વનફૂલ

અનુવાદક - સુકન્યા ઝવેરી

હું પશુ-ચિકિત્સક, એટલે કે જાનવરનો દાક્તર છું. જે દેશમાં બીમાર માણસની પણ સારીરીતે ચિકિત્સા નથી થતી એ દેશમાં પશુ-ચિકિત્સા કરી શી રીતે હું મારો જીવનનિર્વાહ કરતો હોઈશ એ પ્રશ્ન જેઓના મનમાં જાગતો હશે એમની શાંતિ માટે કહી દઉં કે હું સરકારી પશુ-ચિકિત્સા વિભાગમાં નોકરી કરું છું. કમિશનરસાહેબનો ઘોડો, મૅજિસ્ટ્રેટસાહેબનો કૂતરો, પોલીસસાહેબની ગાય વગેરેની તંદુરસ્તીની દેખભાળ રાખી ઘોડાગાડીના ઘોડાને 'પાસ' કરી મારા અન્નની જોગવાઈ કરું છું. મનુષ્ય-ચિકિત્સકોની પ્રાઇવેટ પ્રૅક્ટિસ જેવી, એના પર નિર્ભર રહી શકાય એવી અમારા લોકોની 'પ્રૅક્ટિસ' હોતી નથી. આ પરાધીન દરિદ્ર દેશમાં હોવાની શક્યતા પણ નથી. તોય વચ્ચેવચ્ચે એકાદ બે 'કૉલ', 'વિઝિટ' મળે ખરાં. તે દિવસે એમ જ એક અણધાર્યો 'કૉલ' આવ્યો. એક જરૂરી તાર મળ્યો; 'મારો હાથી બીમાર; જલદી આવો.' ખુશ થઈ ગયો. સારા એવા પૈસા મળશે. જ્યાં જવાનું હતું એ જગ્યા ટ્રેઈન દ્વારા સાત-આઠ કલાકનો રસ્તો હતો. આટલે દૂર જવાનું હતું અને હાથી બીમાર! ઓછામાં ઓછા બસો રૂપિયા તો મળશે જ. બૉક્સ-પેટી બાંધી આનંદથી નીકળ્યો. દુર્ગાપૂજાના દિવસો પાસે આવી રહ્યા હતા, બહોળું કુટુંબ...ભગવાને ભેટાડી દીધું હતું.

સાંજ પહેલાં જ હું ત્યાં પહોંચી ગયો. ગામડું ગામ—નાનકડું એવું. સ્ટેશન પણ નાનું, ઝાઝા ઉતારુ પણ નહિ. સેકન્ડ ક્લાસમાં હું એકલો જ ઉતારુ. સ્ટાઈલ દેખાડવા, વટ પાડવા જ હું સેકન્ડ ક્લાસમાં ગયો હતો. જે મને સ્ટેશને તેડવા આવ્યા હતા તે શ્રીમાન ઉતાવળે આગળ આવ્યા અને હૅન્ડલ ફેરવી ગાડીનો દરવાજો ખોલી સન્માનપૂર્વક મને પૂછ્યું: 'આપ વેટેરીનરી સર્જન?' 'હા.'

'પધારો, પધારો; હું આપને તેડવા જ આવ્યો છું.'

એ સજ્જને જલદીથી મારી સૂટકેસ ઉપાડી લીધી. ગુમાસ્તા જેવો દેખાવ, પગમાં કૅનવાસના મેલા જોડા, બદન પર પણ કઘોણુ ધોતિયું અને પહેરણ. થોડાથોડા કાળા સફેદ દાઢીમૂછના વાળ પાંચ-સાત દિવસથી મૂંડાયા વિનાના હતા. મને થયું, આ જમીનદારના કોઈ કર્મચારી હશે. સ્ટેશનની બહાર આવ્યા. મને આશા હતી કે મોટર કે એવું કોઈ વાહન મારા માટે તૈયાર હશે. પણ જોયું, એવું કશું જ નહોતું. સજ્જન સાઈકલ પર આવ્યા હતા. સાઈકલ સ્ટેશનની દીવાલને ટેકે ઊભી હતી. એમણે મારા માટે એક બળદગાડું ભાડે કર્યું અને પોતે સાઈકલ પર ચડયા. થોડી વાર પછી ગાડું આવીને એક ઘર સામે ઊભું રહ્યું. છકડાની બારીમાંથી મેં બહાર કાઢી જોયું. આછા ઉજાસમાં જે ખોરડું નજરે પડયું એ કોઈ મોટા માણસનું ઘર કહી શકાય એવું ન લાગ્યું. સાવ સામાન્ય મધ્યમ વર્ગના ગૃહસ્થનું ઘર. આ ઘરના માલિક કંઈ હાથી પાળી કે રાખી શકે નહિ. ગાડાવાળાને પૂછુંપૂછું કરતો હતો ત્યાં ફાનસ લઈ એ સજ્જન બહાર આવ્યા. સાયકલને લીધે તેઓ વહેલા જ આવી ગયા હતા. આગ્રહપૂર્વક બોલ્યા: 'આવો આવો, દાક્તરબાબુ, પધારો આ ઓરડામાં.' તેમના ઘરના એ બહારના ઓરડામાં જઈ હું બેઠો.

એક બાજોઠ, એક કાથીનો તૂટેલો ખાટલો, એક ડગુમગુ ટેબલ, બે કૅલેન્ડરનાં ચિત્રો એ જ આ ઓરડાની સજાવટ. સજ્જને મારી સૂટકેસ ઓરડાના એક ખૂણામાં મૂકી મારી સામે હસતા મોંએ જોઈ બોલ્યા: 'એક મિનિટ બેસો. જરા હું અંદર જઈ આવું. જોઉં ચા થઈ કે નહિ.'

'મારો દર્દી ક્યાં છે?'

'અહીંઆં જ છે, મારો જ હાથી.' કહી સજ્જન અંદર ઘરમાં ચાલ્યા ગયા. હું નવાઈ પામ્યો. આ માણસ મશ્કરી તો કરતો નથીને?

એકાદ મિનિટ પછી તેઓ નાકું ભાંગેલા કપમાં ચા લઈ આવ્યા. 'પહેલાં ચા-બા પી લ્યો, પછી દર્દીને જોજો.'

'શું થયું છે?' 'ખાસ કંઈ નહિ, ખાતોપીતો નથી.'

એ પછી હસીને કહે: 'મારા માટે તો ખરે જ સારું છે. હાથીને ખોરાક દેવો પડતો નથી. પણ એની સાથે ઘરવાળીએ પણ ખાવાપીવાનું બંધ કર્યું છે, તેથી જ મુસીબત ઊભી થઈ છે.' હસતે મોંએ ફરી સજ્જન મારી સામે જોઈ રહ્યા.

'હાથી શા શૉખે પાળ્યો છે?' હું પ્રશ્ન પૂછ્યા વિના ન રહી શક્યો.

'અરે ના સાહેબ, મળી ગયો. ગરીબ ગૃહસ્થ માણસને હાથી પાળવાનો શૉખ થાય ક્યાંથી?'

ચાનો ખાલી કપ બાજુ પર મૂકી પૂછ્યું: 'એટલે?' એ કહે 'કૈં આજકાલની વાત છે? મારે થોડી ખેતીવાડી છે, સમજ્યા? આપના આશીર્વાદે નોકરી કરી ગુજરાન નથી ચલાવવું પડતું. દસેક વર્ષ પહેલાં, એક દિવસ મધરાતે ખેતરેથી પાછો આવતો હતો ત્યારે અચાનક એક માણસ ઊંધે માથે ખેતરમાં પડેલો નજરે પડ્યો. વાંકા વળી જોયું તો સાવ બેભાન હાલત. લોકોને બોલાવીને એને ઉપાડીને ઘેર લઈ આવ્યો. સેવાશુશ્રૂષા મળવાથી એ ભાનમાં આવ્યો. ઓળખાણ આપી ત્યારે ખબર પડી કે એ એક કચ્છી વેપારી હતો. ઘોડો ભગાવતો ખેતરમાં થઈને આવતો હતો. એકાએક ઘોડો એને પછાડીને ભાગી છૂટ્યો. બીજે દિવસે જ એના માણસો આવી પહોંચ્યા. ઘોડો પણ મળ્યો. મારો ખૂબ ઉપકાર માની એ ચાલ્યો ગયો. થોડા દિવસ પછી એક માણસ હાથીનું નાનકડું મદનિયું લઈ આવી પહોંચ્યો. પેલા કચ્છીએ ભેટ મોકલ્યું હતું. તેમનો હાથીનો ધંધો હતો. સાથે એક પત્ર પણ મોકલ્યો હતો, 'તમે મને જીવન બક્ષ્યું છે. એનો બદલો હું શી રીતે વાળી શકું? સામાન્ય ઉપહાર મોકલું છું, સ્વીકારશો તો કૃતાર્થ થઈશ.' નાનકડું મદનિયું ખૂબ જ સુંદર લાગતું હતું. મસ્તીભરી આંખો, નાનકડી સૂંઢ. ત્યારે તો બહુ સરસ લાગ્યું. પત્ની તો જોઇને આનંદે ગાંડી જ થઈ ગઈ. કહે: 'આ મારો ગણેશ આવ્યો છે' કહીને એક વાટકો દૂધ લઈ આવી. બસ, તે દિવસથી ગણેશ અહીં રહી ગયો. અમારે બાળબચ્ચાં નથી, આ ગણેશ જ અમારું સર્વસ્વ.'

સજ્જન ચૂપ થઈ ગયા. હું વિસ્મયપૂર્વક સાંભળતો હતો. પૂછ્યું: 'તમારા આવડા ઘરમાં એને રાખો છો ક્યાં?'

'આંગણામાં ઘણી બધી જગ્યા છે. એ સિવાય આખું ઘર તો એનું જ છે. બારણાં ક્યાં છે? બધું કાપી કરીને તેને મોટું કરવું પડ્યું છે. જેથી જ્યાં મરજી પડે ત્યાં એ આવ-જા કરી શકે. અમે જ સંકોચાઇને એક ખૂણામાં રહીએ છીએ.'

સજ્જન અકૃત્રિમ આનંદે હા...હા...કરતા હસી પડયા, 'ગણેશને કંઈ કહેવાય-કરાય નહિ, કહું તો બૈરી મારી ખેર ન રહેવા દે. એકસો વીઘાં જમીન છે સાહેબ. જે છે એ બધું જ એના પેટમાં જાય, બધું જ સ્વાહા. એક હાથીનો ખોરાક, સમજ્યાને! પૂજા વખતે એને શણગારવાનો. આ ફેરે વળી ઘરવાળીએ એક રૂપાનો ઘંટ બનાવડાવ્યો છે. હજુ સોનીના પૈસા ય નથી ચુકવી શક્યો'...સજ્જન હસતે મોંએ મારી સામે જોઈ રહ્યા. હાથી પાળવાની વિવિધ અગવડની વાતો આડંબર સહિત વર્ણન કરી ગૃહિણીને માથે બધો દોષનો ટોપલો ઢોળતા હતા ખરા, પણ ગણેશને લીધે તેઓ સાચે જ કંટાળ્યા છે એવું એમનું હસવું મેં જોઈ લાગ્યું નહિ.

'ખૂબ કહ્યાગરો છે?'

'કલાગરો એટલે? ઘરવાળી જ્યારે નાહવા જાય ત્યારે બાલદી અને ગમેછો સૂંઢમાં લઈ ઝુલાવતો ઝુલાવતો ગણેશ એની પાછળ પાછળ જાય. ગરમીના દિવસોમાં રસોડામાં બેસી બેરી રાંધે ત્યારે એ સૂંઢમાં પંખો લઈ હવા નાખે.'

'રસોડામાં એ કંઈ પેસી શકે?'

'અરે સાહેબ, અમારું ઘર તે કંઈ હવે માણસનું ઘર છે?' હાથીનું ઘર બની ગયું છે. આ બહારનો ઓરડો નાનો છે. આ સિવાય બીજા બે ઓરડા છે: એક રસોડું અને ભંડારિયું, અને બીજો સૂવાનો. બંને જ જબરદસ્ત મોટા એટલે કે હૉલ જેવડા કરવા પડયા છે એના માટે. બહારનાં બારણાં જુઓને... આ બાજુથી એ ફરવા નીકળે એટલે કાપીને મોટાં કરવાં પડયાં છે.'

'તમારી બધી વાત સમજે છે?'

'બધી? એકદમ માણસ જોઈ લ્યો. માન-અભિમાન, રિસામણાં-મનામણાં પણ કરે. આ જે ખાવાનું બંધ કર્યું છે એ મારું માનવું છે કે રીસને લીધે.'

'કેમ, કંઈ બન્યું હતું?'

'વાડીમાંથી લંગડો કેરી આવી હતી, સાહેબ... માળી આપી ગયો હતો. હું ઘેર નહોતો. ઘરમાંથી અમારે પાડોશમાં ક્યાંક ગઈ હતી. આવીને જુએ તો એકે કેરી નહિ! બધી ગણેશિયો આરોગી ગયો! તેથી ઘરવાળીએ એક લાફો મારી કહ્યું: 'રાક્ષસ! બધી કેરી ખાઈ ગયો? એકે અમારે માટે રાખી નહિ?' બસ, એ ત્યારથી રિસાઇને બેઠો છે. એ પછી પાણીનું ટીપું ય લીધું નથી. એવું વચ્ચે વચ્ચે ક્યારેક કરે છે. જરાક વઢયા કર્યા કે ખાવુંપીવું બંધ કરી દે. પણ આ રીતે લગાતાર છત્રીસ કલાક ખાવુંપીવું અગાઉ ક્યારેય બંધ કર્યું નથી. તે ઉપરાંત આટલી બધી કેરી ખાધી છે, ને તેથી અમને ડર લાગ્યો...'

સજ્જનની આંખોમાં આશંકા ઘેરી બની ગઈ.

'ચાલો જોઉં.' અંદર જઇને જોઉં તો એક વિરાટ હૉલ. જબરદસ્ત મોટી શેતરંજી પર ગણેશ ચૂપ થઇને બેઠો હતો. એક દુર્બળ-દેહ મહિલા તેની સૂંઢ પર, માથા પર, હાથ ફેરવતી ફેરવતી એને ખાવા માટે મનાવવા કંઈક વાનાં કરતી હતી. સામે મોટું બાથટબ. કંઈક પ્રવાહીથી ભરેલું, અને તેની પાસે લીંબુનાં છોતરાંનો ઢગલો. 'ખા, બેટા. ડાહ્યો છે ને—લીંબુ નાખીને સરસ બાર્લી બનાવી છે. તું જ જોને જરા...'

ગણેશે સૂપડા જેવા બંને કાન હલાવી છણકો કરતો હોય એવો અવાજ કર્યો. મહિલાએ મારી સામે સજળ નેત્રે જોઈ કહ્યું, 'આને નક્કી કંઈક માંદગી છે. એને આપ સારી રીતે તપાસી જુઓને.'

જોયું. રોગનું કોઈ ચિહ્ન દેખાયું નહિ. સંપૂર્ણ તંદુરસ્ત હતો. કારણ રીસ જ હતી!

પાછા ફરતાં એ સદ્‌ગૃહસ્થ કહે, 'ડાક્તરબાબુ, આપની ફી કેટલી દેવાની છે?'

'બીજા પાસેથી તો બસો રૂપિયા લેત, પણ તમારી પાસેથી કશું જ નહિ લઉં.'

'ના, ના. એવું તે કંઈ હોય? આટલી તકલીફ વેઠી આવ્યા છો ત્યારે.'

'ના, હું નહિ લઉં—.'

હું ફી લેવા કેમેય કબૂલ ન થયો ત્યારે તેમણે ઓસરીમાં ઊભેલી એક વ્યક્તિ પાસે જઈ ધીમેથી કહ્યું: 'તો પછી રૂપિયાની જરૂર નહિ પડે, પોદ્દાર; દાગીના તમે પાછા દઈ જાઓ.'

સમજ્યો. ગણેશ જનનીએ પોતાના દાગીના ગીરવે મૂકીને મારી 'ફી' માટે વ્યવસ્થા કરી હતી. □

અનુસંધાન] **શાહ અબ્દુલ લતીફ** [પૃષ્ઠ ૨૩૮થી

સુધી તેઓ મઢીમાં નકરા એકાંતમાં ભરાઈ રહેલા. એ પછી બહાર આવ્યા, સ્નાન કર્યું અને ચાદર ઓઢી સૂતા. ત્રણ દિવસ લગી લાગલાગટ એમના શાગિર્દોએ લગાતાર સૂરથી ધૂન ચાલુ રાખી સમાસમાના રાગ ગાયા કર્યા. અંતે જ્યારે અટકયા ત્યારે જોયું તો શાહનું ખાલી ખોળિયું સૂતું હતું. પ્રિયતમા રૂપ એમનો આત્મા એમના પ્રિયતમ ઇશ્વરમાં એકાકાર થઈ ગયો હતો.

હીજરી સન ૧૧૬૫ના સફરની ૧૪મી તારીખે (ઈ. સ. ૧૭૫૨) આ સૂફી સાંઈ શાહ અબ્દુલ લતીફ ભીટાઇએ આ ફાની દુનિયામાંથી દેહ-મુક્તિ મેળવી. એમના રિસાલા દ્વારા એમના સંતજીવનની સુવાસ સદા-બહાર સદાકાળ સુરભિત રહી છે. એમના સૂરનો 'છા ભીટાઇનો રસાલો' કચ્છી લોક-તવારીખમાં કચ્છી રાગના 'સુલતાની સોહાગ' થકી લોક-હૈયાંને હીંચારી દેતો પગપગ કચ્છડાની ધરતીમાં ધબકે છે. કચ્છના જનજીવનના રૂહમાં જાણે એ સતત જીવે છે.



ટિકિટસંગ્રહ ગયા જુલાઈની ૧૮મી તારીખે બહાર પાડેલી બ્રિટનની આ ચાર બહુરંગી ખાસ ટિકિટો આ આંતર-રાષ્ટ્રીય બાલવર્ષ નિમિત્તની હોઈ તેના પર (ત્યાંનાં) બાળકોમાં બહુ પ્રિય એવી ચાર બાલવાર્તાઓમાં આવતાં બહુખ્યાત પાત્રોનાં આલેખનો આપ્યાં છે. મૂલ્યાનુક્રમ પ્રમાણે પહેલી ટિકિટ પર બીએટ્રિસ પૉટરની વાર્તા 'પીટર રૅબિટ'માંનો પીટર સસલો અને બતકી જેમિના પુડલડક તથા ખિસકોલી; બીજી ટિકિટ પર કેનેથ ગ્રેહામની વાર્તા 'ધી વિન્ડ ઍન્ડ ધી વિલ્લોઝ'માંથી ટોડ (દેડકે), ઊંદર અને મિ બેજર; ત્રીજી પર એ. એ. મિલ્નેની વાર્તા 'વિન્ની ધ પુ'માંના રીંછ વિન્ની, ઇયૉર ગર્દભ, ઘૂવડ ને ભૂંડનું બચ્ચું તથા ક્રિસ્ટોફર રૉબિન અને ચોથી પર લૂઈ કૅરોલની વિખ્યાત-વાર્તા 'એલિસ્ટ્સ ઍડવેન્ચર્સ ઈન વન્ડર લૅન્ડ'માંની એલિસ તથા મૅડ હૅટર ને એશાયર બિલ્લીની રજૂઆત કરી છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી—લંડન)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક: પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

આમુખ

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યનાં અનેક પુસ્તકો અંગ્રેજીમાં તેમ જ ગુજરાતીમાં લખાયાં છે, લખાય છે. સાહિત્યનો ઇતિહાસ અનેક પદ્ધતિએ વિવિધ દૃષ્ટિકોણથી રચી શકાય. અંગ્રેજી સાહિત્યના ઇતિહાસનાં એવાં પુસ્તકો વિપુલ સંખ્યામાં પ્રાપ્ત છે. મારા નમ્ર મત મુજબ ગુજરાતી સાહિત્યનો કોઈ સંતર્પક ગ્રંથ આપણી પાસે નથી. મેં 'કુમાર'માં આ લેખમાળા દ્વારા અર્વાચીન સાહિત્યનો આસ્વાદ કરાવવાનું પ્રયોજન રાખ્યું છે. એમાં સાહિત્ય-વિવેચન તો હશે જ, પણ મારી પદ્ધતિ મુખ્યત્વે આસ્વાદનની રહેશે.

અર્વાચીન સાહિત્યના આ ઇતિહાસમાં મેં કેટલીક સામગ્રી નવેસરથી વિચારવાનો પ્રયત્ન કર્યો છે. કેટલીક વિગતો નવી ઉમેરી છે, કેટલીક અવગણાએલી સામગ્રીને ઔચિત્યપૂર્વક ઉપસાવી છે. લેખમાળા માત્ર સાહિત્ય-વિવેચન ન બની રહે પણ સામાન્ય ગુજરાતી જનસમાજને પણ ગુજરાતી સાહિત્યનો રસપ્રદ શૈલીમાં પરિચય મળી રહે તેવો હેતુ રાખ્યો છે. ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં ગુજરાતી વિષયનું શિક્ષણ પામનારા વિદ્યાર્થીઓને પણ તે અભ્યાસમાં ઉપકારક બની રહે તે જોવાની મેં કાળજી રાખી છે. કેટલાક સર્જકવિવેચકોનું પુનર્મૂલ્યાંકન કરવાનું પણ આ લેખમાળામાં મેં પ્રયોજન રાખ્યું છે.

મને આશા છે કે અર્વાચીન સાહિત્યના આસ્વાદની મારી આ લેખમાળા ગુજરાતી સાહિત્યના ઇતિહાસને લગતાં પુસ્તકોમાં નવી ભાત પાડશે અને 'કુમાર'ના વાચકોને તે રસપ્રદ નીવડશે.

પ્રકરણ ૧ · ગુજરાતમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના

મોગલ બાદશાહ ઔરંગઝેબનું ઈ. ૧૭૦૭માં અવસાન થયું. એ પછી મોગલ શાસનની પડતી થવા લાગી અને મરાઠાઓની રાજસત્તા પ્રબળ બનવા માંડી. તેમાં ઈ ૧૭૫૩થી માંડીને ઈ. ૧૮૧૮ સુધી, અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં મરાઠા સત્તા પ્રબળપણે પ્રવર્તતી હતી. એમની સર્વોપરિ સત્તા પૂનામાં પેશ્વાના હાથમાં હતી, પણ વહીવટ ઘણુંખરું તેના માંડલિક ગણાતા વડોદરાના ગાયકવાડના હાથમાં હતો. ગાયકવાડના વંશજો પેશ્વા સામેની તકરારમાં વારંવાર નવી સ્થપાતી જતી અંગ્રેજ સત્તા પાસે સહાય માટે દોડી જતા. અને અંગ્રેજો લશ્કરની અને નાણાંની સહાય આપીને સારી મહેસૂલી આવકવાળાં ગામ કે જિલ્લા યા બંદર તેમની પાસેથી પડાવી લેતા

અંગ્રેજો ભારતમાં આવ્યા હતા વેપાર કરવા. તેમની પહેલી કોઠી સૂરતમાં નંખાઈ હતી. શરૂઆતમાં તેમને માત્ર પોતાના જાનમાલની, વેપારની, સલામતીની જ ખેવના હતી. પણ ઔરંગઝેબના મૃત્યુ પછી મોગલ સત્તાનો મૃત્યુઘંટ વાગ્યો અને મોગલ સૂબાઓ સ્વતંત્ર થઈ બેઠા. મરાઠા સરદારો પણ અંદરઅંદર ઝઘડતા હતા. અંતે ઈ. ૧૭૬૧માં અહમદશાહ અબદલીની સરદારી નીચેના લશ્કર સામે પાણીપતના યુદ્ધમાં મરાઠાઓએ સદાશિવરાવ ભાઉની સરદારી હેઠળ સખત હાર ખાધી. અંગ્રેજોને મરાઠા સત્તાનો અત્યાર સુધી જે ભય લાગતો હતો તે હવે ઓછો થઈ ગયો. આ પાણીપતના યુદ્ધ પૂર્વે અંગ્રેજી ગવર્નર જનરલ રૉબર્ટ ક્લાઇવે ઈ. ૧૭૫૭માં પલાસીના યુદ્ધમાં બંગાળના નવાબ સિરાજ-ઉદ્ દોલાનો પરાજય કરી બ્રિટિશ સત્તાનો પાયો નાખી દીધો હતો. એ પછી તેમની સત્તાલાલસા વધતી ગઈ અને એમણે ત્રાજવાં મૂકીને તલવાર અને તોપનો સહારો લીધો. એમના સારા નસીબે એ સમય અંધાધૂંધીનો હતો. મોગલ અને મરાઠાઓના સતત ચાલતા રહેતા ઝગડાઓનો તેમણે બરાબર લાભ ઉઠાવ્યો. અલબત્ત, પાણીપતના યુદ્ધ પછી માધવરાવ પેશ્વા પાસે જ્યાં સુધી મહાદજી સિંધિયા અને નાના ફડનવીસ જેવા શૂરવીર અને કુનેહબાજ સલાહકારો હતા ત્યાં સુધી અંગ્રેજો ઝાઝું ફાવ્યા નહિ; પણ તક માટે ટાંપીને તેઓ બેઠા હતા, અને ઈ. ૧૭૯૪માં મહાદજી સિંધિયાનું અને ઈ. ૧૮૦૦માં નાના ફડનવીસનું મૃત્યુ થતાં જ મરાઠી સત્તાનો અસ્ત થયો અને અંગ્રેજી સત્તાનો પ્રભાવ વધવા માંડયો નાના ફડનવીસના મૃત્યુ પછી મરાઠા સરદારોમાં ફાટફૂટ પડવા માંડી. સિંધિયા અને હોળકર વચ્ચે લડાઈ સળગી. તેમાં સિંધિયા હાર્યો. પરિણામે રાઘોબા પેશ્વાના પુત્ર બાજીરાવ બીજાની સ્થિતિ વિષમ બની ગઈ. અને જેમ રાઘોબા, માધવરાવ પેશ્વાની સામે ખટપટ કરી અંગત લાભ સારુ અંગ્રેજોને જઈ મળ્યો હતો તેમ તેના પુત્ર બાજીરાવ બીજાએ પણ અંગ્રેજોનું જ શરણુ લીધું અને ઈ. ૧૮૦૨માં વસાઈના કરારથી પૂનાની રહીસહી પેશ્વાઇને ઊધઈ લાગી અને અંગ્રેજી રાજસત્તાનો ઝળહળાટ વરતાવા લાગ્યો. બાજીરાવે પોતાની સત્તા પાછી મેળવવા માટે ને અંગ્રેજો પર વેર વાળવા સારુ—તેઓ જ્યારે નેપાલ વિગ્રહમાં રોકાયા હતા ત્યારે,—લશ્કર એકત્ર કરી, પૂના રેસિડેન્સી પર હલ્લો કર્યો. પણ બાજીરાવ અને અંગ્રેજો વચ્ચે ખડકીના યુદ્ધમાં બાજીરાવનો સખ્ત પરાજય થયો. આમ, ઈ ૧૮૧૮માં ખડકીના યુદ્ધ પછી પેશ્વાઇનો પૂર્ણ અસ્ત થયો અને અંગ્રેજ સત્તાનો ભારતભરમાં પ્રભાવ વધી ગયો. ગુજરાતમાં પણ એ જ વર્ષથી અંગ્રેજી રાજ્યનો આરંભ થયો.

અંગ્રેજોના આગમન સમયનું ગુજરાત

અંગ્રેજી રાજ્ય અમલ ઈ. ૧૮૧૮માં ગુજરાતમાં સ્થપાયો તે સમયે સારા ય પ્રદેશમાં અવ્યવસ્થા, ભય અને બિનસલામતી પ્રવર્તતાં હતાં. અંગ્રેજોના આગમન પૂર્વે કેટલાં ય વર્ષોથી ગુજરાતમાં જુદાજુદા રાજકર્તાઓના ઝગડા સતત ચાલતા રહ્યા હતા. એ સંજોગોમાં પ્રજાના રક્ષણની, એમની જાનસલામતીની કોઈ બાહેધરી નહોતી. ઇજારદારો પ્રજાની પુષ્કળ રંજાડ કરતા હતા. ચોથ ઉઘરાવનારાઓના ત્રાસની કોઈ સીમા નહોતી. અને કાઠી—ગરાસિયાઓની લૂંટફાટ ચાલ્યા જ કરતી. 'મારે તેની તલવાર' અને 'બળિયાના બે ભાગ' જેવી સ્થિતિ પ્રવર્તતી હતી. પ્રજાનો આર્તનાદ સાંભળવા માટે કોઈ રાજકર્તાને નવરાશ નહોતી.

ન્યાયનું તો નામનિશાન નહોતું. રાજ્યના સૂબાઓના ચાડિયાઓ પ્રજા પાસેથી પુષ્કળ પૈસા પડાવતા હતા. કોઈ પૈસા ના આપી શકે તો તેમની છાતી પર ભારે વજનદાર પથ્થર મૂકીને તેમના પર જુલમ ગુજારવામાં આવતો. મગનલાલ વખતચંદે ઈ. ૧૮૫૧માં 'અમદાવાદનો ઇતિહાસ' લખેલો તેમાં એ જમાનાની કારમી પરિસ્થિતિનું ચિત્ર મળે છે. ચાડિયાઓના જુલમ વિષે તેમણે બે પદ્યપંક્તિ લખી છે :

હાલતાં દંડે, ચાલતાં દંડે, દંડે સારા દીન;
છાતી ઉપર પથ્થર મૂકી, પૈસા લેતા છીન.

કૃષ્ણરામ મહારાજે ઈ. ૧૮૧૭માં 'કળિકાળનો ગરબો' લખેલો તે પણ એ યુગની પરિસ્થિતિ પર પ્રકાશ ફેંકે છે :[1]

વર્ષે વર્ષે સવાઈ, ઈજારદારી વધારે;
રઈઅત રુવે રગડાઈ, કો આગળ પોકારે.
ચૌટે જણાવે તોર, દોડાવીને ઘોડા;
રાતે આવે ચોર, ઘર ઘર પડે દરોડા.
દરવાજે દરવાન, રાંક જનોને રોકે;
કોઈ ધરે નહિ કાન, રડે બિચારા પોકે.
અન્યાયીના દામ, લેઈ ઠરાવે સાચા;
ન્યાયીનાં લે જો નામ, તો તો હણે તમાચા.

સમગ્ર પ્રદેશમાં ભય અને ત્રાસનું સતત વાતાવરણ રહેતું હોવાને કારણે સમાજ ભીરુ અને સંકુચિત મનોદશાવાળો બની ગયો હતો. આવા અરાજકતાના વાતાવરણમાં કલા અને સાહિત્ય કે જ્ઞાનવિજ્ઞાનના વિકાસની વાત જ શી ? સાહિત્ય અને સંસ્કૃતિનો પ્રવાહ ક્ષીણ બની ગયો હતો. માત્ર ધર્મનો કંઇક ધબકાર પ્રજાજીવનની નાડીમાં ચેતન્યની શાખ પૂરી રહ્યો હતો. એ સમયમાં અત્યારના જેવી વ્યવસ્થિત કેળવણી માટેનાં કે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો નહોતાં. પ્રજામાં અજ્ઞાન અને વહેમ વ્યાપક હતાં. એક જમાનામાં ગુજરાતના સમૃદ્ધ દરિયાકાંઠાનો બરાબર ઉપયોગ કરનારા, દૂર દેશાવરો—જાવા-સુમાત્રા સુધી વ્યાપારી સાહસો ખેડનારા વીરલાઓનો અઢારમા સૈકામાં અભાવ વરતાતો હતો. દરિયો ખેડવાથી ધર્મ રસાતાળ જાય એવી વહેમી માન્યતા હતી, અને પરદેશ જનારને તે ન્યાત બહાર મૂકી દેતી. વ્યક્તિ પર એની જ્ઞાતિની જબરી પકડ રહેતી. દેશની અંદરના ભાગોમાં પણ પ્રવાસ કરનારને જાનમાલની બિનસલામતી લાગતી. એવા સંજોગોમાં સમગ્ર સમાજ કૂપમંડુકની અવસ્થામાં જીવન વ્યતીત કરી રહ્યો હતો. પોતાની ન્યાતની બહાર કોઈની નજર જ જતી નહિ. વિશ્વનાથ ભટ્ટે 'વીર નર્મદ'માં (પૃ. ૧૦. ૧૧), 'દુર્ગારામ ચરિત્ર' (મહીપતરામ કૃત) અને 'નવલ ગ્રંથાવલિ' (નવલરામ કૃત)માંથી અવતરણો ટાંકીને એ યુગનું સારું ચિત્ર આલેખ્યું છે :

"દેશના સ્વરૂપનો પણ ખ્યાલ નથી, ત્યાં દેશના અભિમાનની તો વાત જ શી કરવી ? ભૂગોળનું કોઇને ભાન સરખું નથી. પુરાણોમાં નવ ખંડ ગણાવ્યા છે તેને જ અંધશ્રદ્ધાથી વળગી રહ્યું છે. નવી નિશાળો ઊઘડી તેમાં સાચી ભૂગોળ શીખવવાનું દાખલ થયું, પણ એ ભૂગોળ પર શીખવનારનો જ વિશ્વાસ બેસતો નથી. મહેતાજી નિયમ તરીકે શીખવવું જોઇએ માટે જાહેરમાં શીખવે છે કે પૃથ્વી ગોળ છે ને તે ફરે છે, પણ ખાનગીમાં નિશાળિયાઓને કહે છે કે 'એ તો સાહેબ પરીક્ષા લેવા આવે ત્યારે બોલવા માટે યાદ રાખવાનું છે, બાકી ખરી રીતે તો પૃથ્વી ગોળ નથી તેમ ફરતી પણ નથી જ, નહિતર આપણાં બધાંનાં ઘર પડી જ જાય. ને પૃથ્વીના ખંડ ચાર જ નહિ, પણ શાસ્ત્રમાં કહ્યા તેમ નવ છે.' ચીન વિલાયતનાં નામ લોકો જાણે છે, પણ ઠામની કોઇને ખબર નથી. એ બંને દેશો ક્યાંક પાસે પાસે આવ્યા છે એમ સૌ માને છે એટલે પૂછે છે કે 'હેં ભલા, અહીંથી નીકળીએ તો પહેલાં ચીન આવે કે વિલાત ?' એ વખતના અંગ્રેજ અમલદારો પણ દેશીઓની આ કૂપમંડુક વૃત્તિથી એટલા બધા જાણીતા હતા કે એક વાર એક અંગ્રેજ કલેકટરે હાઇસ્કૂલની પરીક્ષા લેવા માંડી તે વખતે હેડમાસ્તરે વ્યાકરણ ને ભૂગોળના સવાલો વિદ્યાર્થીઓને પૂછવા તેને વિનંતી કરી, એટલે એ નાકનું ટેરવું ચડાવી બોલી ઊઠેલો : 'What! Grammar and geography to the blacks ?' (એ કાળિયાઓને વળી વ્યાકરણ ને ભૂગોળ કેવાં ?)"

અંગ્રેજ રાજ્યઅમલમાં નિશાળો સ્થપાઈ અને વ્યવસ્થિત શિક્ષણ-પદ્ધતિ ગોઠવાઈ તે અગાઉ પંડયાઓ અથવા મહેતાજીઓ ઓટલા પર નિશાળ ચલાવતા. 'મહેતાજીઓ લીંપેલી ઓટલી કે પાટ પર બેસતા. છોકરાઓ સામે ધૂળ ઉપર પોતાથી વધુ શીખેલા છોકરાઓના જોડિયા થઇને સામસામી બેસતા. જુદુંજુદું ભણનાર અને જુદીજુદી ઉમરના દરેક છોકરાના જુદાજુદા સૂરના ઘાંટાથી નિશાળમાં કાને પડ્યું સંભળાતું નહિ. સવારના પહોરમાંથી આ નિશાળના અભ્યાસક્રમનો આરંભ થતો. મોડા થનાર છોકરાઓને તેડવાને મહોલ્લાવાર બબ્બે છોકરા જતા. સમજાવીને, ધમકાવીને અને છેલ્લે ટાંગાટોળી કરીને પણ નિશાળે લઈ જતા ! આળસુ દેખાતા અગર વાતચીત કરતા છોકરા તરફ મહેતાજી નામ દઇને દડી ફેંકતા કે બિચારા છોકરાના મોતિયા મરી જતા. દડી લઇને મહેતાજીને આપવા જવી પડતી, અને મહેતાજી પોતાના તે વખતના મિજાજ પ્રમાણે વધતી-ઓછી સજા કરતા. બારસ, અમાસ, પૂનમ વગેરે દિવસે છુટ્ટી મળતી. કોઈ મોટો વરઘોડો જતો હોય ત્યારે બધા છોકરા હારબંધ ઊભા રહીને 'છુટ્ટી બાઈ છોડ દો, રૂપૈયા ઉછાળ દો' એ પ્રમાણે ઘાંટા પાડતા. આવી છુટ્ટી ઘણી વાર મળતી અને છુટ્ટી અપાવતાં બંદીવાનના બંધ છોડાવ્યા જેટલું પુણ્ય થતું એમ ઘણા માનતા !' ('સાઠીના સાહિત્યનું દિગ્દર્શન'—લેખક ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી, આવૃત્તિ પહેલી, ઈ. ૧૯૧૧. પૃષ્ઠ ૨, ૩, ૪)

એ દિવસોમાં મહેતાજીને નિયમિત પગાર મળતા નહોતા. પણ વિદ્યાર્થીઓ કકડામાં એક એક મૂઠી અનાજ બાંધી લાવતા. તદુપરાંત દર અગિયારસે, અમાસે અને પૂનમે દરેક છોકરો મહેતાજીને પૈસો પૈસો આપવા બંધાએલો હતો. બળેવ, દિવાળી વગેરે સપરમે દિવસે તેમ જ શ્રાવણ મહિનામાં વિદ્યાર્થીઓના વાલીઓ તરફથી સારી કમાણી થતી. વળી કોઇને ત્યાં પુત્રજન્મ થાય ત્યારે શહેરના બધા મહેતાજીઓ પોતાના વિદ્યાર્થીઓને લઇને એ ગૃહસ્થને ત્યાં પહોંચી જતા અને સારી દક્ષિણા પામતા. લગ્નના દિવસોમાં પણ તેમને ઠીક આવક થતી.

વિદ્યાર્થીઓ નિશાળમાં પાટલા પર ધૂળ નાખીને તેમાં પાઠ લખતા. પાટી ઉપર સફેદા કે ખડીથી લખવાની પદ્ધતિ હતી. ચોમાસામાં ધૂળ મળે નહિ તે વખતે છોકરાઓ રોડાં એકઠાં કરી તેને ભાંગીને ભૂકો કરતા. તેને 'પરપોટા' કહેતા. તે પાટલા પર ભભરાવીને પછી તેઓ લખતા. લખવા માટેનું વતરણું વળીનું અથવા દાતણનું બનાવતા. ભણતરમાં કક્કો, બારાખડી, આંક, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર તો ખરા જ પણ તેમાં આન-પાન એટલે કે આના-પાઈના સરવાળા વગેરે પણ આવી જતા. સાડાસાતનો પા એ આંકમાં પણ તેમને પારંગત કરવામાં આવતા. એ બધા પ્રકાર પત્યા પછી હડાકાર શીખવવામાં આવતા. તેમાં વર્ગમૂળ, ઘનમૂળ, વર્ગસમીકરણ વગેરેનો સમાવેશ થતો. વધારામાં તેમને લીલાવતીના હિસાબ તથા 'કરપલ્લવી' અને 'ડંકાપલ્લવી'નું શિક્ષણ પણ અપાતું હતું. લીલાવતી હિસાબમાં ઝાડનાં પાંદડાં ગણવાની પદ્ધતિ હતી. ડંકાપલ્લવીમાં હાલની તાર મૂકવાની ટેલિગ્રામની પદ્ધતિમાં જેમ સાંકેતિક શબ્દો અને તેના અર્થો હોય છે તે પ્રકારના સંકેતો શીખવવામાં આવતા. 'કરપલ્લવી'માં આંગળીની સંજ્ઞાથી મહેતાજી સવાલો પૂછતા અને વિદ્યાર્થીઓ સંજ્ઞા ઓળખીને તે પ્રમાણે જવાબો

૧ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ—હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, આવૃત્તિ ૧લી, ૧૯૩૨, પૃષ્ઠ ૧.

આપતા. કવિ ગણપતરામ રાજારામે 'ભરૂચ જિલ્લાનો કેળવણીના ઇતિહાસ' લખ્યો છે તેમાં નોંધ્યા મુજબ વિદ્યાર્થીઓને લેખનપદ્ધતિ પત્ર પ્રશસ્તિ, લિપિવિવેક વગેરેનું તેમ જ પ્રબંધ વિક્રમ, ભોજ રાજાની કથાઓ, ચાણક્ય નીતિ, વિદુર નીતિ, પંચોપાખ્યાન વગેરેનું શિક્ષણ આપવામાં આવતું. અને કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ તો દૂર કાશી જેવી વિદ્યાપીઠોમાં જઈ સંસ્કૃતમાં પંડિત થઇને આવતા. લોકશિક્ષણ માટે કથાકારો અને પુરાણીઓ હતા. તેઓ ધર્મલાભ અને મનોરંજન પીરસતા પણ લોકોની અંધશ્રદ્ધા યથાવત રાખતા. અંગ્રેજી રાજ્ય સ્થપાયા પછી બીજે જ વર્ષે ઈ. ૧૮૧૯માં મોટો ધરતીકંપ થયો હતો એ પ્રસંગે લોકોની અંધશ્રદ્ધા અને વહેમી માન્યતાનું જે નિદર્શન થયુ તેનું યથાર્થ વર્ણન 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન'માં મળે છે:૨

'દેશીઓ માટે તો આ પહેલો જ પ્રસંગ હતો અને તે સૌ પ્રથમ બહુ જ ગભરાઈ ગયા હતા. ચે તરફથી એવી ખબર ફેલાઈ કે પૃથ્વીનો પ્રલય આવી પહોંચ્યો છે. તે સાભળીન સૌ ચે કી ઊઠયા હતા; અને શરૂઆતનો ગભરાટ શાંત પડતાં લોકોના નિર્બળતાનો લોભી ન સ્વાર્થી પુરુષોએ લાભ લેવા માંડયો...કાશીથી એક પત્ર આવી પહોંચ્યો હતો તેની લોક પર ગાઢી અસર થવા પામી હતી. એ પત્ર નીચે પ્રમાણે હતો :

'શ્રી રામજીના નામનો એક પત્ર આવ્યો છે...કલિયુગના મધ્યભાગમાં સત્યયુગ થશે. શ્રી બુદ્ધજી દર્શન દેશે કલિયુગનાં ૪૯૧૨ વર્ષ પૂરાં થયાં છે અન સં. ૧૮૮૬ (સન ૧૮૧૯) પછી સત્યયુગ ૧૩૦૩૩ વર્ષ ચાલશે. આસો સુદ પાચમ (૨૪ સપ્ટેમ્બર, ૧૮૧૯)ના રોજ ૨૪ ઘડી વીત્યા બાદ તે પળે શ્રી બુદ્ધજી પ્રગટશે અને સત્યયુગના આરંભ થશે. ધરતી સાત ઘડી અને ત્રીસ પળ સુધી ધ્રૂજશે. ધરતી ફાટશે, પછી જૂઠા અને ધર્મોદા નહિ કરનાર મનુષ્યો તેમાં સમાઈ જશે...જેઓ આ કાગળ વાંચશે, સાભળશે અથવા તો સૌ સાંભળે અને વાંચે એવી વ્યવસ્થા કરશે તે બહુ પુણ્યશાળી થશે. આમાં વિશ્વાસ રાખશે ; જેઓ તે માનશે નહિ તેમને બ્રાહ્મણ અને ગૌ માર્યાનું પાપ લાગશે...' સદ્દ્હુ પત્ર બાળબોધ લિપિમા વ્રજભાષામાં લખાએલો હતો. તેમાં જણાવેલી પાપીઓને નાશ કરવાની ઘડી આવી પહોંચતાં લગભગ પ્રત્યેક સંભવિત હિંદુ સ્વચ્છ થઇન મોંમાં તુલસીપત્ર રાખીને ક્યારે એ પળ આવે તેની રાહ જોઇને—જે ટાળવા સારુ તેણે છૂટે હાથે દક્ષિણા આપી બ્રહ્મભોજન કરાવ્યું હતું—બેઠો હતો. 'મુસ્લિમો પણ એટલા જ ગભરાયા હતા અને મસ્જિદોમાંથી પાપીઓને શિક્ષા થશે એવી બાંગ પોકરાવી હતી; અને મક્કાથી એક સીલબંધ પત્ર આવ્યો હતો તેમાં રોઝે કયામત આવી પહોંચ્યાનું જણાવ્યું હતું'

મધ્યકાલીન સમાજમાં સ્ત્રીઓની હાલત તો બદતર હતી લૂટારાઓ અને અપહરણકારોથી બચાવવા માટે લોકો કન્યાઓને નાની વયમાં જ પરણાવી દેતા હતા. રોગચાળાને કારણે, તેમ જ યોગ્ય ઈલાજ શોધવાને બદલે ભૂવાઓમાં અને મંત્રતંત્રમાં અંધશ્રદ્ધા રાખવાન કારણે બાળમરણનું પ્રમાણ પણ ઊંચું રહેતું. દીકરીના જન્મ માબાપ માટે તીવ્ર અણગમા અને અકળામણનું કારણ બની રહેતો. બાળલગ્ન અને વ્યાપક રોગચાળાને કારણે સમાજમાં બાળવિધવાઓની સંખ્યા પણ નાની નહોતી. એમાંથી અનેક સામાજિક અનિષ્ટો ઉદ્ભવતાં હતાં. એકંદરે જોતાં અંગ્રેજી રાજ્યની સ્થાપના કાળે ગુજરાતના પ્રજા લગભગ નિષ્પ્રાણ, તેજોહીન અને હતવીર્ય બની રહેલી હતી. (ચાલુ)

---

૨. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન. સંપાદક: ડૉ. મધુસૂદન પારેખ, આવૃત્તિ ૧લી, ઈ. ૧૯૭૬, પૃ. ૭૮-૭૯.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૦૩

ક્ષય

શરીરનો ધીરેધીરે ક્ષય કરે છે તે 'ક્ષય' રોગને આયુર્વેદમાં 'રાજ્યક્ષ્મા' કહે છે. એનું 'ટી.બી.' નામ પણ એટલું જ જાણીતું છે, જે તેના અંગ્રેજી નામ 'ટ્યુબરક્યુલોસિસ'નું ટૂંકું રૂપ છે એક કાળે ટી.બી.નું નામ સાંભળતાં લોકોના હાંજા ગગડી જતા હતાં, પણ સાંપ્રત વિજ્ઞાને એના અનેક અકસીર ઔષધો તથા અન્ય દવાઓ વિકસાવ્યા પછી આજે જો આરંભથી યોગ્ય ઉપચારો કરવામાં આવે તો આ રોગ અસાધ્ય નથી રહ્યો. છતાં ચેપી હોવાને કારણે તથા મોટા ભાગની ગરીબ પ્રજા તેની સામે યોગ્ય પ્રતિકાર કરી શકવા જેવી સ્થિતિમાં ન હોઈ હજી આ રોગનો ફેલાવો ઠીકઠીક પ્રમાણમાં રહ્યો છે.

ક્ષય જંતુજન્ય રોગ છે અને રોગીનાં થૂંક, શ્વાસોચ્છ્વાસ તથા ગંદી હવા દ્વારા તે ફેલાય છે. ગીચ વસવાટ, ગંદકી, પૌષ્ટિક અને સાત્ત્વિક ખોરાકની ઊણપ, રોગપ્રતિકાર શક્તિનો અભાવ, અતિ પરિશ્રમ, શુક્રક્ષય, અતિ સાહસ અને ચિંતા, શોક ભય વગેરે જેવી માનસિક નબળાઈ, અણધારી સ્થિતિ ઇત્યાદિ ક્ષયના પ્રસાર અને વૃદ્ધિમાં કારણરૂપ બને છે.

શારીરિક ક્ષીણતા, તાવ, રાત્રે પાંસળાંમાં પરસેવો અને દુખાવો, ખાંસી અને કફના ગળફા, ક્વચિત્ કફમાં લોહી પડવું, થાક, અશક્ત અને બેચેની એ ક્ષયનાં લક્ષણો છે, જે રોગની સાથે ઉત્તરોત્તર વધુ પ્રબળ બનતાં જાય છે

ક્ષયના ફેલાવા સામે સાવચેતી રૂપ રોગીનાં કપડાં, વાસણ, પથારી વગેર એની રોજિંદા વપરાશની બધી જ વસ્તુઓ અલગ રાખવી અને જંતુઘ્ન દ્રવ્યો વડે એને સ્વચ્છ રાખવા અંગે ખૂબ ચીવટ રાખવી. બાળકોને દૂર જ રાખવાં અને ગંદકી કે માખી વગેરે ન થાય તેની ચોંપ રાખવી.

ક્ષયની સારવાર માટે સરકાર તરફથી પણ ખાસ પ્રબંધ થાય છે તેનો લાભ લેવો, અને વૈદ્ય કે દાક્તરની સૂચના પ્રમાણે શક્ય તે બધા જ ઉપચાર ચીવટપૂર્વક કરવાથી ક્ષય મટાડી કે અટકાવી શકાય છે. આયુર્વેદમાં પણ ક્ષયના અનેક ઉપચાર ને સારવાર છે, પણ એ યોગ્ય વૈદ્યની સલાહ પ્રમાણે શરીરના ઘસારાની પૂર્તિ કરી, પોષણ, નવચેતન અને તાજગી આપે એવી સારવાર લેવી. આયુર્વેદના મત પ્રમાણે. (૧) ચંદનબલાલાક્ષાદિનું માલિશ, (૨) જમ્યા પછી જૂના સારા દ્રાક્ષાસવનું એક મોટી ચમચી જેટલી માત્રામાં પાન, (૩) સુવર્ણવસંતમાલતીનું નિયમિત સેવન, (૪) સવાર સાંજ ચ્યવનપ્રાશ (જીવન)નું સેવન, (૫) ઘી કે તેલમાં સાંતળેલ લસણનું સેવન, (૬) બકરીનું દૂધ અને માંસ, (૭) ખુલ્લી સ્વચ્છ સૂકી હવામાં રહેવું અન ફરવું તથા (૮) સંપૂર્ણ આરામ ક્ષયમાં લાભપદ છે. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

દાક્તરી તપાસ

એક્સ-રે, બ્લડપ્રેશર, ઇ. સી. જી. વગેરે

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

રોગનિદાનમાં એક્સ-રેનો ઉપયોગ વિશિષ્ટ હોઈ વૈદક વિજ્ઞાનની બધી શાખાઓમાં તેનો ઉપયોગ થાય છે. શરીરના અમુક ભાગમાં જણાતાં સૂચક લક્ષણો ઉપરથી રોગનું અનુમાન કરી તેની વિશેષ ખાતરી માટે એક્સ-રે દ્વારા કરાએલી તપાસની મદદ લેવાય છે. શરીરની અંદરના અવયવો કે હાડકાંની સ્થિતિનું દર્શન એ એક્સ-રે તપાસનો મુખ્ય ઉદ્દેશ છે. પણ આ તપાસ વળી જુદી જુદી અનેક રીતે થાય છે. એક્સ-રે ફોટો તથા સ્ક્રીનિંગ જેવી તપાસથી તો લગભગ સૌ જાણકાર છે. પરંતુ હાડકાં સિવાય શરીરના બીજા ભાગોમાંથી આ કિરણો પસાર થઈ શકતાં હોવાથી અમુક ભાગ જોવા કે એની છબી લેવા કેટલીક યુક્તિઓ કરવી પડે છે. દા. ત. પેશાબમાં લોહી આવે છે. એનાં એક કરતાં વધુ કારણો હોઈ શકે. એટલે ચોક્કસ નિદાન કરવા એક્સ રે દ્વારા મૂત્રમાર્ગની તપાસ કરવી જરૂરી છે. હવે એક્સ-રે તો એ માર્ગની આરપાર પણ નીકળી જઈ શકાતાં હોઈ રેડિયોલૉજિસ્ટ એટલે કે એક્સ રે નિષ્ણાત દર્દીના હાથની નસમાં આયોડાઈનનું ઈન્જેક્શન આપે છે. મૂત્રમાર્ગના અવયવો સુધી આ દવા પહોંચી ગયા પછી લેવાએલા તેના એક્સ-રે ફોટોમાં એ અવયવો સ્પષ્ટ દેખાય છે, ને તેમાં જો ચેપ હોવાનું જણાય તો પછી દાક્તર એ પછી જરૂરી તપાસ આગળ ચલાવીને ઉપચાર યોજે છે. આ જ રીતે પેટ કે બરડામાં ઓચિંતી વેદના ઊપડે તો તે પિત્તની પથરી, મૂત્રનળીની પથરી, પૅન્ક્રીઆસનો સોજો, હોજરીનું ચાંદું કે અન્ય કારણે હોઈ શકે. આ બધાં અંગોના રોગનાં લક્ષણો ઘણી વાર એકસરખાં હોય છે એટલે ખરેખર રોગ ક્યાં છે તે જાણવામાં એક્સ-રે તપાસ મદદરૂપ બની શકે. આમાં યે હોજરી–આંતરડાં જેવાં અવયવોમાંથી એક્સ-કિરણો પસાર થઈ જઈ શકતાં હોઈ એક્સ રે છબીમાં એ અવયવોની સ્પષ્ટ છાપ મેળવવા માટે દર્દીને બેરિયમ પાવામાં યા એનિમા દ્વારા આપવામાં આવે છે. આમાં યે બેરિયમના પ્રકાર બદલીને તથા એક્સ-રેની શક્તિ વધારીઘટાડીને છબી લેવાથી જોઈતું પરિણામ મેળવી શકાય છે. છાતીની એક્સ-રે તપાસ દ્વારા ફેફસાંની સ્થિતિ તથા હૃદયના કદ-આકારના ફેરફારની ખબર પડે છે. ક્ષય કે કૅન્સરની શરૂઆત તથા અન્ય રોગો પકડી શકાય છે. મોટાં ઑપરેશનોમાં વાઢકાપ કરવા પહેલાં જે તે અંગની એક્સ રે છબી લઈ કાપ ક્યાં મૂકવો જરૂરી છે તે સમજી લેવાય છે. હાડકું ભાંગ્યું હોય તો ક્યાં કેટલી ઈજા થઈ છે તે એક્સ રે દ્વારા જાણી લઈ તેના ઉપચાર નક્કી કરાય છે.

શાળામાં સંખ્યાબંધ બાળકોની કે કારખાનાંના અનેક કારીગરોની સામૂહિક એક્સ-રે તપાસ માટે અનુકૂળ એવાં અનેક ખાસ સાધનો પણ વિકસાવાયાં છે. એ બધાંનો વિગતે પરિચય આપણને જરૂરી નથી. મુખ્ય બાબત એક જ છે ને તે શરીરનાં અંદરનાં અવયવોની તપાસ, જેના દ્વારા રોગ અને તેના સ્થાનની પરખ, અસ્થિભંગ, વાઢકાપ અગાઉ રોગિષ્ઠ અંગની ચોક્કસ સ્થિતિ વગેરેની જાણ થઈ શકે. આમ, એક્સ-રે તપાસ એ આજની નિદાનપદ્ધતિનું એક અત્યંત મહત્ત્વનું અને ઘણી વાર તો અનિવાર્ય એવું અંગ બની ગઈ છે.

રોગિષ્ઠ શરીરની અંદરની સ્થિતિ સમજવામાં જેમ એક્સ રે તપાસનું મહત્ત્વ છે તેમ હૃદય અને રુધિરાભિસરણની નિશ્ચિત જાણકારી મેળવવા લોહીના દબાણની તપાસનું પણ આગવું મહત્ત્વ છે. આપણે સૌ જાણીએ છીએ કે શરીરમાં ખૂણેખૂણે પથરાએલી સૂક્ષ્મ કેશવાહિની સુધી પૂરતું લોહી પહોંચાડવા માટે અમુક દબાણ હોવું જરૂરી છે. સામાન્યત: ક્રોધ કે ભય વગેરે જેવી સ્થિતિમાં લગભગ પચાસ ટકા જેટલું દબાણ વધે છે, ને તે સ્વાભાવિક લેખાય છે. ખાધા પછી પણ તેમાં થોડો વધારો જણાય છે, તો નિદ્રાવસ્થામાં તેમાં થોડો ઘટાડો થાય છે. કંઈ પણ પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં સવારમાં લોહીનું દબાણ સહેજ ઓછું હોય છે, તો પરિશ્રમ કે ચિંતામાં તેમાં વધારો જણાય છે. આવી વધઘટ ચિંતાનું કારણ નથી, પરંતુ વિશ્રાંત સ્થિતિમાં પણ રુધિરાભિસરણમાં બોજ પડતો વરતાય ત્યારે લોહીના દબાણની—'બ્લડપ્રેશર'ની તપાસ કરાવવી જરૂરી બને છે. બાવડા પર પાટો બાંધીને એક ખાસ સાધન દ્વારા દાક્તર કઈ રીતે બ્લડપ્રેશર માપે છે તે સૌએ જોયું હશે. તેમાં ઉપરનો —સિસ્ટોલિક દબાણનો મોટો આંક અને નીચેનો—ડાયાસ્ટોલિક નાનો આંક દાક્તર નોંધે છે. બ્લડપ્રેશરની આ તપાસ માત્ર કોઈ એક જ વાર નહિ, પણ બે ચાર વખત કર્યા પછી તેમાંના જે ઓછામાં ઓછા આંક હોય તેને સાચા ગણવામાં આવે છે. આમાં યે સિસ્ટોલિક આંક કરતાં ડાયાસ્ટોલિક આંકનું વિશેષ મહત્ત્વ છે. હૃદયના બે ધબકારા વચ્ચેના આરામના ગાળામાં હૃદય ઉપર કેટલો બોજ રહે છે તે આ આંકડા દ્વારા વ્યક્ત થાય છે. બીજી રીતે કહીએ તો હૃદય કેવો ને કેટલો આરામ પામે છે તે આ ડાયાસ્ટોલિક આંક દ્વારા જાણવા મળે છે.

સિસ્ટોલિક આંક ૧૫૦ અને ડાયાસ્ટોલિક આંક ૯૦ (૧૫૦/૯૦) એ બ્લડપ્રેશરનો સામાન્ય આંક લેખાય છે. એથી ઉપરનો આંક 'હાઈ બ્લડપ્રેશર' અને નીચેનો 'લો બ્લડ પ્રેશર' સૂચવે છે. પરંતુ આ આંક ચોક્કસ નથી. એથી ઓછા કે વધુ દબાણવાળી કોઈ વ્યક્તિ તદુરસ્ત પણ હોઈ શકે. એટલે બ્લડપ્રેશરની તપાસ એ તો દાક્તરી તપાસનું એક અંગ છે, એ સંપૂર્ણ તપાસ નથી.


કેટલીક વાર કોઈ દેખીતા કારણ વિના લોહીનું દબાણ વધે છે. ઊંડી ચિંતા કે સતત થાક વગેરે જેવી સ્થિતિ—જેને 'એસેન્સીઅલ હાઈપરટેન્શન' કહે છે. એવા પ્રકારની સ્થિતિ લંબાય એ ઈચ્છનીય નથી. બ્લડપ્રેશરની તપાસ અને ઉપચાર પ્રત્યેની બેદરકારી ક્યારેક હૃદયની નિષ્ક્રિયતા (હાર્ટ ફેલ્યૉર) અગર કઠણ બનેલી ધમની મગજમાં તૂટી પડવાથી રક્તાઘાત (એપોપ્લેક્સી) અથવા ધમનીમાં લોહીનો ગઠ્ઠો જામવાની કૉરોનરી થ્રૉમ્બોસિસ જેવી જોખમી સ્થિતિ આવી પડે છે.

ઇલેક્ટ્રો કાર્ડિયોગ્રામ–ટૂંકમાં ઈ. સી. જી. એ હૃદય અને તેના કાર્યની સ્થિતિ કે બગાડની જાણકારી આપતી એક આધુનિક તપાસ છે. એમાં હૃદયના કાર્યની નિયમિતતા કે અનિયમિતતાનો એક આલેખ (ગ્રાફ) આપમેળે અંકાય છે. આ ગ્રાફને સમજવામાં નિષ્ણાત દાક્તર એના દ્વારા હૃદયરોગની ચાલુ સ્થિતિ સમજવા ઉપરાંત આવનારા હૃદયરોગની ચેતવણી, કદીક દર્દીની જાણ બહાર થએલા હૃદયરોગના હળવા હુમલા, હૃદયના સ્નાયુને થએલી ઈજા તથા તેના ઉપચાર કર્યા પછી એ ઈજાને આવતી રૂઝ, હૃદયને મળતા પોષણ વગેરે અનેક સ્થિતિને સમજી પરખી શકે છે, ને તેના આધારે ઘટતા ઉપચારો યોજી શકાય છે. મોટી શસ્ત્રક્રિયા દરમિયાન અચેતનાવસ્થામાં હૃદય કેટલો બોજ ઉપાડે છે તે ઈ. સી. જી. દ્વારા જાણનો એનેસ્થેટિસ્ટ (બેભાન બનાવનારી દવા આપનાર નિષ્ણાત) જરૂર પડ્યે તેમાં ઝડપથી જરૂરી ફેરફાર કે ઉપચાર પ્રયોજે છે.

હૃદય કેટલો ઘસારો વેઠી શકશે અને અગાઉની સરખામણીમાં રોગીનું આરોગ્ય અને આયુ કેવું રહેશે તેનો અંદાજ પણ ઈ. સી. જી. દ્વારા પામી શકાય.

હૃદય ધબકતાં અગાઉ એની ઉપરના સ્નાયુ અને જ્ઞાનતંતુઓની ગાંઠ

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૦)



ભારતના સાંસ્કૃતિક વારસાનું એક સંરક્ષણ*

વૃંદાવન સંશોધન-કેન્દ્ર

લેખક · જગદીશ ભા. પટેલ

વતનની ઊડતી મુલાકાતે આવેલા એક પ્રાધ્યાપક મથુરાની શેરીમાંથી પસાર થતા હતા. અનેક જૂનાં સંસ્મરણો મનમાં ઊઠી રહ્યાં હતાં. એવામાં માત્ર ઉત્તર પ્રદેશના ફેરિયાઓ જ કરી શકે એવો 'ચણા જોરગરમ'નો લહેકો સંભળાયો. વતનની આ વિશિષ્ટ વાનગી ચાખવાની ઇચ્છા રોકી શકાય તેમ નહોતી. ચણા પૂરા કરીને તેઓ કાગળ ફેંકી દેતા હતા ત્યાં જ એમની નજર એ કાગળ પરના અક્ષરો પર પડી. એ ચોંકી ઊઠ્યા. કોઈ જૂની હસ્તપ્રતનું એ એક પાનું હતું. તુરત એ પેલા ચણાવાળા પાસે દોડી ગયા ને એની પાસે એ પ્રકારનાં જેટલાં પાનાં હતાં એ બધાં ખરીદી લીધાં.

એ હતા લંડન યુનિવર્સિટીની સ્કૂલ ઑવ ઑરીએન્ટલ ઍન્ડ આફ્રિકન સ્ટડીઝના હિંદીના પ્રાધ્યાપક ડૉ. આર. ડી. ગુપ્તા. જૂના હસ્તલિખિત પાનાંઓમાં એમને રસ પડે એ સ્વાભાવિક જ હતું.

કોઈ પણ જમાનાની પ્રગતિનો ખરો ખયાલ તે તે સમયના સમાજમાં ચાલતા આંતરપ્રવાહો પરથી જ આવી શકે. એ સમયના લોકો જે કલાવારસો ને સાંસ્કૃતિક વારસો મૂકતા જાય છે તે, એમની કલાસૂઝ, એ કાળના ઐતિહાસિક બનાવો, એ સમાજના રૂઢિગત ખયાલો, એમની વિચારધારા, સાંસ્કૃતિક પ્રવાહો આદિનો સુપેરે પરિચય આપે છે. વર્તમાન સમાજ જે ઇતિહાસને મહત્ત્વનો ગણે છે તેનો આધારસ્તંભ આ સાંસ્કૃતિક વારસો છે અને એ જ એ યુગની જીવંત ચેતનાનો દ્યોતક છે.

ડૉ. ગુપ્તાને દેશના પ્રાચીન વારસાની અવદશા થતી જોઇને લાગ્યું કે જો આવી ચીજોની યોગ્ય જાળવણી ન થાય તો ધીરે ધીરે આવા અનેક અમૂલ્ય હસ્તલિખિત ગ્રંથો પસ્તીમાં વેચાઇને નાશ પામશે. એની યોગ્ય જાળવણી થવી જ જોઇએ. પછી તો એમણે એ પણ જોયું કે વ્રજ વિસ્તારમાં તો વિપુલ પ્રમાણમાં અમૂલ્ય હસ્તપ્રતો હતી વળી, આ વિસ્તારની ગરીબાઇને કારણે એનું મૂલ્ય સમજ્યા વિના એને નિરુપયોગી સમજી જેમની પાસે એ હતી તેઓ એને પસ્તીમાં વેચી દેતા હતા. કેટલાક એને નદીમાં યે પધરાવી દેતા. ન જાણે આમ કેટલાયે મૂલ્યવાન હસ્તલિખિત ગ્રંથો નાશ પામી રહ્યા હતા. ગાંઠને ખર્ચે તેઓ આખા વિસ્તારમાં ઘૂમી વળ્યા અને લગભગ પાંચ હજાર જેટલી હસ્તપ્રતો એકઠી કરી. સાથોસાથ એમને સંખ્યાબંધ લઘુચિત્રો (મિનીએચર્સ), ઐતિહાસિક દસ્તાવેજો, જૂના સિક્કાઓ, ટપાલટિકિટો વગેરે પણ મળ્યાં ને એ પણ એમણે ખરીદી લીધાં.


અને આવી પુષ્કળ સામગ્રી એકઠી કરીને એમણે ઈ. ૧૯૬૮ના નવેમ્બરમાં વૃંદાવનમાં પોતાની વારસાગત માલિકીની 'નારાયણ શાળા'માં 'વૃંદાવન સંશોધન કેન્દ્ર'ની સ્થાપના કરી. ડૉ. કરણસિંહે તેનું ઉદ્‌ઘાટન કરેલું પ્રાચીન હસ્તપ્રતો અને એવી અન્ય સામગ્રી એકઠી કરવી, તેની જાળવણી કરવી ને ભારત તેમ જ વિદેશના અભ્યાસેચ્છુકોને એ સુલભ બનાવીને સંશોધનાર્થે સહાય કરવી એ એમનો ઉદ્દેશ હતો. આ ઉપરાંત, વિવિધ પ્રકાશનો, પ્રદર્શનો, અભ્યાસસત્રો વગેરે દ્વારા જ્ઞાનનો પ્રસાર કરીને પોતાના દેશના આવા ઐતિહાસિક, ધાર્મિક, સાહિત્યિક ને સાંસ્કૃતિક વારસા પ્રતિ આમપ્રજાને સભાન કરીને તેમાં તેનો રસ કેળવવાનો પણ ખયાલ હતો. ભારતીય સંસ્કૃતિનાં વિધવિધ પાસાંઓના સંશોધનાત્મક અભ્યાસ માટે ઉત્તેજન અને માર્ગદર્શન પૂરું પાડવાની પણ એમની નેમ હતી અને વૃંદાવન સંશોધન કેન્દ્ર આજે આ માર્ગે જ કાર્ય કરી રહ્યું છે.

વૈષ્ણવ સંપ્રદાયના ગૌડીય, નિમ્બાર્કી, વલ્લભી, રાધાવલ્લભી અને હરિદાસી જેવા પંથો આ વ્રજ વિસ્તારમાં જ વિકસ્યા છે. આ બધા પંથના સંસ્થાપકો વિદ્વાન ને તત્ત્વજ્ઞાની હતા. એમણે વિપુલ પ્રમાણમાં સાહિત્યસર્જન કર્યું હતું. સંસ્કૃત, બંગાળી, વ્રજ આદિ ભાષાઓમાં રચાએલા એ હસ્તલિખિત સાહિત્યની અનેક નકલો પ્રસારાર્થે તૈયાર થતી. વૃંદાવનના મદનમોહન મંદિરમાં સનાતન ગોસ્વામીનું એક ચિત્ર છે. તેમાં નિરૂપ્યા પ્રમાણે તેઓ લખવામાં એટલા લીન બની ગયા છે કે ભીક્ષાટને જવાનું પણ વિસરી જતાં રાધાજી સ્વયં એક યુવતીના સ્વાંગમાં એમને દૂધ આપી જાય છે. એ કાળના મહંતો, આચાર્યો આમ પોતાના મત કે ધર્મપ્રચારાર્થે આ રીતે બને તેટલી વધુ હસ્તપ્રતો તૈયાર કરતા અને જતનપૂર્વક તેને જાળવતા. આમ, આ વ્રજ વિસ્તારમાં હજારો હસ્તલિખિત પ્રતો એકઠી થતી ગઈ અને પેઢી દર પેઢી એ સંગ્રહ વારસામાં ઊતરતો ગયો. કાળાંતરે મુદ્રણનો વિકાસ થતાં છાપેલાં પુસ્તકો ઉપલબ્ધ થવા લાગ્યાં અને નવી પેઢીને જૂની હસ્તપ્રતોનું મૂલ્ય ઘટી ગયું. સમય, સાધન કે ઇચ્છાના અભાવે પેઢીઓથી ઘરમાં ઊતરી આવેલા એવા અમૂલ્ય વારસાને જાળવવાની ખેવના ઘટતી ચાલી અને બેદરકારીને કારણે ઘરમાં જ પડી રહી આ પૈસાની લાલચે રદ્દીમાં વેચાઇને એ મૂલ્યવાન સામગ્રી નાશ પામવા લાગી.

ડૉ. ગુપ્તાએ એક વાર માથે પોટલું ઉપાડી એક મજૂરને નદી તરફ જતો જોયો. પૂછપરછ કરતાં જણાયું કે એ પોટલામાં અનેક હસ્તલિખિત પ્રતો ભરી હતી ને પેલો તેને નદીમાં પધરાવવા જતો હતો. ઘણી મથામણ કરીને અંતે ડૉ. ગુપ્તાએ એ ગ્રંથોના માલિક પાસે પોતાને લઈ જવા માટે મજૂરને સમજાવ્યો. રાધારમણ મંદિરના મહંત પાસેનાં એ પુસ્તકો હતાં. મહંતે ડૉ. ગુપ્તાને એવી સંખ્યાબંધ હસ્તપ્રતો ભરેલો એક ઓરડો બતાવતાં કહ્યું કે જો હું એ ખાલી કરી નાખીને ભાડે આપું તો મહિને દસ રૂપિયા મળે. એક એવો જણ પણ મળ્યો જેણે પોતાના નવા ઘરના પાયામાં આવી હસ્તપ્રતો ને પ્રાચીન શિલ્પખંડોથી પુરણી પૂરેલી! હાથરસના એક પંડાએ પોતાના દાદાનો હસ્તપ્રતોનો સંગ્રહ વેચીને પાંત્રીસ સો રૂપિયા રોકડા કરી લીધેલા. એક છોકરો માત્ર આઠ આનામાં એમને કેટલીક હસ્તપ્રતો વેચી ગએલો જેમાં રૂપ ગોસ્વામીના 'વિદગ્ધ માધવ' અને કવિ કર્ણપુરીની 'ચૈતન્ય ચંદ્રોદય'ની નકલો હતી.

*ડૉ. આર. ડી. ગુપ્તાએ પોતાના વારસાગત મકાનમાં સ્થાપેલા સંશોધન-કેન્દ્રનું મકાન.





△ શક ૧૪૭૨માં રૂપ ગોસ્વામીના પોતાના હસ્તાક્ષરમાં લખાએલી 'વૈરાગ્ય માહાત્મ્ય'ની પ્રતનાં પાનાં. (ડાબી બાજુ) કેન્દ્રના સંગ્રહમાંની દસમી સદીની, સપ્તતંત્રી વીણાધારિણી સરસ્વતીની એક પાષાણ-પ્રતિમા.

સંભવ છે કે ખિસ્સાખર્ચી માટે એ છોકરો ઘરમાંથી આમ અવારનવાર હસ્તપ્રતો ઉઠાવીને વેચી નાખતો હશે. એક વાર ડૉ. ગુપ્તાએ એક મંદિર પાસે એક રિક્ષાવાળાને જૂની હસ્તપ્રતોના કાગળ બાળીને ચા ઉકાળતો જોએલો! એને અટકાવીને જોયું તો એ કવિરાજ કૃષ્ણદાસજીના 'ચૈતન્ય ચરિતામૃત'ની સુંદરાક્ષરી નકલનાં પાનાં હતાં. એ રિક્ષાવાળાએ તો આમ, બે કોથળા ભરાય એટલી હસ્તપ્રતો બાળી નાખી હતી!

અલબત્ત, કેટલાક વિદ્વાન સાધુઓ પોતાની પાસેની હસ્તપ્રતોનું મૂલ્ય સમજતા હોય છે, પણ તેમની પાસે જવાબદાર અનુજો હોતા નથી. ડૉ. ગુપ્તા ગૌડીય પંથના વિદ્વાન અને માનભર્યું સ્થાન ભોગવતા એક બાબા કૃષ્ણદાસને મળેલા. એમની પાસે બે હજારથી યે વધુ હસ્તપ્રતો હતી. ડૉ. ગુપ્તાએ એ સંગ્રહને સંશોધન કેન્દ્ર માટે મેળવવા બહુ પ્રયત્નો કર્યા, પણ બાબાએ નમતું જોખ્યું નહિ. કેટલાક સમય પછી ફરી ડૉ. ગુપ્તા ત્યાં ગયા ત્યારે બાબા દેવ થઈ ગએલા અને એમનો ગ્રંથસંગ્રહ રફેદફે થઈ ગએલો. વળી, આગ્રા, જયપુર ને દિલ્હીના વેપારીઓના દલાલો પણ આવી હસ્તપ્રતો ને લઘુચિત્રો વગેરે સસ્તી કિંમતે પડાવી લેવા ભટકતા હોય છે પાણીના મૂલે તેઓ આવી સામગ્રી ખરીદી વિદેશીઓને મોંઘા ભાવે વેચે છે. આમ, સંશોધન કેન્દ્ર માટે આવી સામગ્રી એકઠી કરવાનું કામ એટલું સરળ રહ્યું નથી. પણ ડૉ. ગુપ્તાએ પોતાના ધ્યેય માટે પુરુષાર્થ ખેડવામાં પણ કંઈ બાકી રાખ્યું નથી

અત્યારે કેન્દ્ર પાસે સંસ્કૃત, હિન્દી, બંગાળી, ઉડિયા, ગુજરાતી, ઉર્દૂ અને પંજાબી વગેરે ભાષાઓની કુલ ૧૫,૦૦૦ જેટલી હસ્તલિખિત પ્રતો, ૨૫૦ જેટલાં લઘુચિત્રો, ૨૦૦ જેટલા નાગરી તેમ જ ફારસી ભાષામાં લખાએલા દસ્તાવેજો તથા વિપુલ સંખ્યામાં જૂની ટપાલટિકિટો, પોસ્ટ-કાર્ડ, કવર આદિનો સંગ્રહ છે.

સંગ્રહમાંની મોટા ભાગની હસ્તપ્રતો ૧૬મીથી ૧૮મી સદીના અરસાની છે. ઉત્તર ભારતના મધ્યયુગીન સાહિત્યના અભ્યાસ માટે એ મૂલ્યવાન છે. એમાંની ઘણી હસ્તપ્રતો ગૌડીય સંપ્રદાયના ઇતિહાસ ને સાહિત્ય માટે અગત્યની છે. આ ઉપરાંત, ૧૫૦ જેટલી પ્રતો ભૂર્જપત્રો પર બંગાળી, નાગરી તથા ઉડિયામાં લખાએલી છે. આવી જ રીતે લખાએલી વૈદિક સંધ્યાવિધિ તથા કવિ જયદેવના 'ગીતગોવિંદ'ની પણ નકલો છે.

કાંગડા, ચિતોડ અને મુઘલ શૈલીનાં ધાર્મિક તથા ઐતિહાસિક વિષયન લઘુચિત્રોનો સંગ્રહ પણ છે. સ્વામી હરિદાસ અને અકબર તથા તાનસેનનું મિલન. ચૈતન્ય મહાપ્રભુ અને નિત્યાનંદ તથા અદ્વૈતાચાર્ય, રાધાકૃષ્ણ ઇત્યાદિ વિધવિધ વિષયનાં અમૂલ્ય ને દુર્લભ ચિત્રો તેમા છે. ગૌડીય કે વલ્લભી પંથના વિદ્વાનો, ધર્મગુરુઓ ને શિષ્યોની છબીઓ પણ ને સંગ્રહમાં છે હિન્દી ઉર્દૂ ને બંગાળીમાં લખાએલા પત્રો તથા





△ કૃષ્ણ અને ગોપબાળકો. કેન્દ્રના સંગ્રહમાંનું શાંતિપુરા શૈલાનું એક ચિત્ર (ડાબી બાજુ) પ્રાપ્ત થયું ત્યારે અને (જમણી બાજુ) ખાસ પ્રક્રિયાઓ દ્વારા તેને પુનઃ ઉપસાવ્યા બાદ. △

નાગરી ને ફારસીમાં લખાએલા ઐતિહાસિક દસ્તાવેજોનો પણ અહીં છે. જે ભારતના મધ્યયુગના ઇતિહાસ પર પ્રકાશ પાડે છે. સોળમીથી ૧૯મી સદીના સિક્કા તથા ઈ. સ. પૂર્વેના પણ થોડા સિક્કા અહીં છે.

આ સંશોધન કેન્દ્ર આગ્રા યુનિવર્સિટી સાથે સંકળાએલું છે. ઉત્તર પ્રદેશની સરકારના સાંસ્કૃતિક ખાતા તરફથી તથા કેન્દ્ર સરકાર તરફથી તેને આર્થિક સહાય મળે છે. વળી 'લીવર હલ્મ ટ્રસ્ટ' અને 'બ્રિટિશ ઍકેડેમી (લંડન)' તરફથી પણ સાત લાખ રૂપિયાની મદદ મળી છે. સભ્યપદની આવક તથા ખાનગી દાનની રકમ પણ તેમાં ઉમેરાય છે. લંડનના 'ઈન્ટરનૅશનલ એસોસીએશન ઑાવ વૃંદાવન રિસર્સ ઇન્સ્ટિટ્યૂટ' તથા સિડનીની 'ઑસ્ટ્રેલિયન કમિટી ઑાવ ધ વૃંદાવન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ' પણ આ સંસ્થાને સહાય કરે છે.

ભેજ, ગરમી આદિની પ્રતિકૂળ અસર સામે પ્રાચીન હસ્તપ્રતોના રક્ષણાર્થે પૂરતાં સાધનો સાથે એક 'કન્ઝર્વેશન યુનિટ' પણ અહીં કામ કરે છે. વળી, પ્રાપ્ત થએલી હસ્તપ્રતોની યાદી, વર્ગીકરણ, મરામત, બાંધણી ઇત્યાદિ તથા તેની જાળવણી ને વ્યવસ્થા માટે પણ એક ખાસ વિભાગ છે. જૂનાં ચિત્રો માટે પણ આ જ રીતે વૈજ્ઞાનિક પદ્ધતિથી જાળવણી રાખવાની વ્યવસ્થા છે. આ માટે પરદેશી નિષ્ણાતોને બોલાવીને તથા અહીંથી યોગ્ય માણસોને પરદેશ મોકલીને આ કામની ખાસ તાલીમ અહીંના માણસોને આપવામાં આવી છે.

સંસ્થાનો પોતાનો ફોટોગ્રાફીનો પણ ખાસ વિભાગ છે. જેના દ્વારા ૨૩૪૮ જેટલી એકરંગી નેગેટિવો, ૧૬૪ જેટલી રંગીન નેગેટિવો અને ૨૦૭૦ જેટલી રંગીન સ્લાઈડ્ઝ ક્રમબદ્ધ અને વર્ગીકૃત કરીને એકઠી કરેલી છે ને તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે.

ભારતીય મંદિરો, તહેવારો, રોજિંદું જીવન, ધાર્મિક પ્રવૃત્તિઓ ને રસમોરિવાજો વિષે પણ દસ્તાવેજી સામગ્રી તૈયાર કરેલી છે. સંસ્થાનાં કાર્યોનો તાદૃશ ચિતાર આપતી તથા વ્રજ વિસ્તારના ધાર્મિક–ઐતિહાસિક વિકાસ અને તહેવારોને આવરી લેતી ફિલ્મો પણ આ સંસ્થાએ બનાવી છે. વળી, હસ્તપ્રતોની માઇક્રોફિલ્મ પણ તૈયાર કરાય છે જે માટેની જરૂરી સામગ્રી પણ સંસ્થા પાસે છે. 'હસ્તપ્રતોનું રક્ષણ' એ વિષય પર સંસ્થાએ એક ફોટોગ્રાફિક પ્રદર્શન પણ ઑસ્ટ્રેલિયા, બ્રિટન અને ભારતમાં રજૂ કરેલું છે.

અંતમાં આ બધી જ પ્રવૃત્તિઓ હજી વિકસતી જ રહી છે. આના પ્રસારને માટે નવા મકાન સાથે ગ્રંથાલય, માઇક્રોફિલ્મિંગ એકમ તથા ફોટોગ્રાફિક લેબોરેટરી, કૉન્ફરન્સ હૉલ, વધુ મોટું દફતર, પ્રકાશન વિભાગ, અતિથિગૃહ સ્ટાફ ક્વાર્ટર્સ વગેરેની યોજના પણ છે. હસ્તપ્રતોના વાચનની તાલીમનું કેન્દ્ર પણ વિકસાવવાની સંસ્થાની ખ્વાહિશ છે.

સંસ્થા પાસેથી હસ્તપ્રતોની વર્ગીકૃત યાદી, સંસ્થાનું જર્નલ, સંસ્થાનો વિસ્તૃત પરિચય, વ્રજ વિસ્તારની હસ્તપ્રતોની જાળવણી વિષે નિબંધ વગેરે જેવાં કેટલાંક પ્રકાશનો પણ સંસ્થાએ પ્રકટ કરેલાં છે.

અજ્ઞાન અને અણસમજથી આપણા સાંસ્કૃતિક વારસાની ઘણી સામગ્રી નાશ પામી રહી છે ત્યારે ક્યાંક ક્યાંક આવી સંસ્થાઓ એની જાળવણી માટે ધૂણી ધખાવીને કાર્ય કરી રહી છે એ આનંદ અને સંતોષ પ્રેરે છે, એ તો ખરું જ પણ આપણે હજી આ દિશામાં કેટલું કરવાનું બાકી છે તે તરફ પણ આંગળી ચીંધે છે. □

(આ લેખમાંનાં બધાં ફોટોચિત્રો 'વૃંદાવન સંશોધન કેન્દ્ર'ના સૌજન્યથી)

લઘુકથા

સુનયના

મહેશચંદ્ર પ્રભાશંકર ત્રિવેદી

'ના, ના એ શક્ય જ નથી.' રાહુલ બોલી ઊઠયો, 'તમે વિચાર તો કરો પપ્પા! હજી એસ.એસ.સી.માં પાસ તો હમણાં થયો, અત્યારથી હું બંધનમાં પડવા નથી માગતો.'

'બી ફ્રેન્ક'માં માનનારા આ કુટુંબનો દીકરાએ પપ્પા નટવરલાલને જણાવી દીધું. પણ એના કાકાની દીકરી શોભાએ એને પૂછ્યું ત્યારે તેણે કહ્યું. 'શોભા, ભણતરનું તો એક બહાનું હતું, બાકી મારી એની સાથે ઇચ્છા જ નથી. સાંભળ્યું છે કે ગુણવંતરાયની એ દીકરીની એક આંખ ફાંગી છે. વળી, ગામડિયણ છે. નથી બોલવા-ચાલવાનું ભાન, ન સારા સંસ્કાર. હું એની સાથે હરગીઝ પરણવાનો નથી.'

'પણ એ તને દિલથી પ્રેમ કરે છે...' શોભાએ વધુ સમજાવવા પ્રયત્ન કર્યો. પણ આ તો રાહુલ હતો—નટવરલાલનો એકનો એક દીકરો—પૂરા લાડકોડમાં ઊછરેલો. રાહુલે વાત કાપી નાખતાં કહ્યું, 'શોભા, પ્લીઝ, હું ભણી-ગણીને મોટો ડૉક્ટર થવા ઇચ્છું છું અને એવી કોઈ મેડિસીન નથી જે સુવર્ણાનું પરિવર્તન કરી શકે...!'

અને પછી તો સૂર્યે અનેક દિવસોને તેજોમય બનાવી નાખ્યા. અનેક રાત્રિઓ પર ચંદ્રએ શીતળ ચાંદની ફેલાવી. ડૉ. રાહુલનું નામ શહેરમાં ગાજતું થઈ ગયું.

અચાનક એક દિવસ નટવરલાલે લગ્નની વાત કાઢી ત્યારે રાહુલે કહ્યું.

'પપ્પા, જો તમને વાંધો ન હોય તો મુંબાઈમાં મારી સાથે ભણતી હતી તે સુનયના સાથે હું લગ્ન કરવા માગું છું. દેખાવે સારી છે, સુંદર છે, મૉડર્ન છે. જો કે હજી સુધી હું એના કુટુંબને મળ્યો નથી, પણ તમે ઇચ્છતા હો તો આપણે ત્યાં એમને...'

નટવરલાલે સૂચક સ્મિત કરી હા પાડી.

અને થોડા દિવસ પછી સુનયનાએ ઘરમાં પ્રવેશ કર્યો. રાહુલે તેને આવકાર આપ્યો અને સુનયનાએ મોહક સ્મિત સાથે કહ્યું: 'બહાર પપ્પા ઊભા છે, એમને રિસીવ કરવા નહિ જાઓ?'

રાહુલ ઊઠીને બહાર જાય તે પહેલાં એક સદ્‌ગૃહસ્થે પ્રવેશ કર્યો અને નટવરલાલ બોલી ઊઠયા: 'આવો આવો ગુણવંતરાય, હમણાં જ મેં તમને યાદ કર્યા હતા.'

રાહુલે પરિચય કરાવ્યો. 'પપ્પા, આ સુનયના... આ ગુણવંતરાય.'

નટવરલાલે કહ્યું: 'હા બેટા, આ એ જ ગુણવંતરાય છે જેની દીકરી સુવર્ણાને તેં એક દિવસ નકારી હતી. પણ રાતદિવસ મહેનત કરી તેમણે સુવર્ણાને ભણાવીગણાવી ડૉક્ટર બનાવી. આંખનું ઑપરેશન કરાવી સુવર્ણામાંથી સુનયના બનાવી. એક જ આશાએ કે રાહુલ એમનો જમાઈ બને. બોલ બેટા, હવે તું શું કહે છે?' □

બારેજા લાયન્સ કલબની ડાયાબિટિસ અંગે મફત માર્ગદર્શિકા

લાયન્સ કલબ બારેજાના ભૂતપૂર્વ પ્રમુખ અને હેલ્થ કમિટીના ચેરમૅન એક નિવેદનમાં જણાવે છે કે ડાયાબિટિસનો રોગ હવે સામાન્ય થવા માંડયો છે. ડાયાબિટિસનો દરદી પોતાની જિંદગી તન્દુરસ્તીપૂર્વક જીવી શકે એ દૃષ્ટિને ખ્યાલમાં રાખીને લાયન્સ કલબ બારેજાએ એક માર્ગદર્શિકા પ્રસિદ્ધ કરેલ છે. પોસ્ટ-ખર્ચના ૫૦ પૈસાની ટિકિટો નીચેના સરનામે મોકલનારને તે વિનામૂલ્યે મોકલી આપવામાં આવશે.

ચેરમૅન: હેલ્થ કમિટી, લાયન્સ કલબ, બારેજા (૩૮૨૪૨૫) જિ. અમદાવાદ.

પચ્ચીસ વર્ષ પહેલાં



ઑગસ્ટ ૧૯૫૪ • સળંગ અંક ૩૬૮

એ વખતે ચાલતી ટચૂકડા લેખોની માળા 'આ તમે જાણો છો?'માં આજથી પચ્ચીસ-વર્ષ પહેલાંના અંકમાં 'પોલીસ' વિષે માહિતી આવેલી, જે તાજેતરમાં થએલા પોલીસ આંદોલનના સંદર્ભમાં રસપ્રદ થઈ પડશે :

પોલીસની સંસ્થા આપણા દેશ માટે નવી નથી. મનુએ દુષ્ટ લોકોને દંડ આપવા અને અપરાધનું પ્રમાણ અંકુશમાં રાખવા માટે પોલીસ જેવી સંસ્થા હોવી જરૂરી ગણી છે. ઈ. પૂ. ૩૧૦ આસપાસ લખાએલા કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણ એના સમયની 'હેરક પ્રવૃત્તિ'નું રસપ્રદ વર્ણન આપેલું છે. મૌર્યથી મુઘલ સમય સુધી કયા પ્રકારની પોલીસ-સંસ્થા હતી તેનો નિર્ણય થવો હજુ બાકી છે, પરંતુ ત્યારે પણ થોડાંઘણાં નગરોને બાદ કરતાં દેશમાં દરેક ગામનું શાસન એ ગામને હસ્તક જ હતું અને ગામડાનો મુખી જ તેના ગામની શાંતિ ને સલામતી માટે જવાબદાર ગણાતો. આજે પોલીસ-સંસ્થા જે સ્વરૂપે છે એવું કંઈક તેનું સ્વરૂપ મુઘલ શાસન દરમિયાન ઘડાવા માંડ્યું અને કેટલાંક મોટાં શહેરોમાં કોટવાલની નિમણૂક શરૂ થઈ ગઈ. આ કોટવાલનો દરજ્જો આજના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ જેવો હતો અને તે શહેરોમાં બનતા રોજિંદા બનાવો પર નજર રાખવા સાથે નગર માર્ગોની સલામતી જાળવતો. નાનાનાના ગુનાઓની તપાસ ને સજાનો અધિકાર એને અપાએલો હોઇને શહેરનો તે એક મહત્વનો ને ખૂબ પ્રતિષ્ઠિત અધિકારી ગણાતો.

મુઘલ વહીવટ નીચે મુલકને જુદા જુદા સૂબામાં વહેંચી નાખવામાં આવેલો ને દરેક સૂબેદારના હાથ નીચે કેટલાક ફોજદારો રહેતા. આ ફોજદારના હાથ નીચેના થાણેદારો મહેસૂલ ઉપરાંત વહીવટી અને પોલીસ ફરજો પણ સંભાળતા; પરંતુ ગુના બનતા અટકાવવા અને બન્યા પછી ગુનગારોને શોધી કાઢવા એ આજે પોલીસની જે સૌથી વધુ અગત્યની ફરજો ગણાય છે એ બે ફરજોનો એમના કાર્યક્ષેત્રમાં સમાવેશ થતો નહોતો.

બ્રિટિશોના હાથમાં દેશનો વહીવટ જતાં તેમણે સુલેહશાંતિ જાળવવા માટે ઉપર્યુક્ત બંને ફરજોનો સમાવેશ કરતું પોલીસતંત્ર વિકસાવવું શરૂ કર્યું. ઈ. ૧૮૬૦ના પ્રથમ પોલીસ-કમિશનના ભલામણો પરથી ૧૮૬૧માં પોલીસ-ધારો પસાર કરવામાં આવ્યો. આગળ જતાં ૧૯૦૨–૩ના પોલીસ-કમિશને પોલીસ સંસ્થામાં કેટલાક વધુ સુધારા સૂચવ્યા, જેના પરિણામે આજે આપણે જોઇએ છીએ તેવી પોલીસ-સંસ્થા અસ્તિત્વમાં આવી.

જિલ્લા યા 'ડિસ્ટ્રિક્ટ પોલીસ' એ પોલીસ-સંસ્થાનું પ્રધાન વહીવટી ને કારોબારી એકમ છે, એના ઉપરી તરીકે એક સુપરિન્ટેન્ડેન્ટ હોય છે જે જિલ્લા મૅજિસ્ટ્રેટને શાંતિ જાળવવા સહાય કરે છે અને પોતાના હાથ નીચેના પોલીસદળની શિસ્ત અંગે જવાબદાર રહે છે. જિલ્લો 'સર્કલ' નામે જુદાજુદા પેટા વિભાગોમાં વહેંચાએલો હોય છે અને એવા દરેક સર્કલ દીઠ એકેક ઈન્સ્પેક્ટર હોય છે. આવું દરેક સર્કલ પાછું જુદાંજુદાં પોલીસ થાણામાં વહેંચાએલું હોય છે અને દરેક થાણાદીઠ એક સબ-ઈન્સ્પેક્ટર તથા તેના હાથ નીચે હેડ કૉન્સ્ટેબલ અને કૉન્સ્ટેબલો હોય છે.

છૂપી પોલીસ આપણા દેશમાં ૧૯૦૨–૩ના પોલીસ કમિશનના અહેવાલના પરિણામે થઈ. એશિયાભરમાં સૌથી લાંબી ૩૪,૦૦૦ માઈલની આપણી રેલવે માટે વળી જુદી જ પોલીસ રોકવામાં આવે છે. હવે તો સ્ત્રીઓનું પોલીસદળ પણ આપણા દેશમાં ઊભું થતું જાય છે. દરેક જિલ્લાને વાયરલેસ સાધનોથી સજ્જ કરવાના પ્રયત્નો ચાલુ છે. પોલીસને તેની ફરજ પ્રત્યે જાગ્રત અને પ્રોત્સાહિત રાખવા માટે 'પોલીસ ઍન્ડ ફાયર સર્વિસીઝ મેડલ' તથા 'પોલીસ મેડલ' નામક ચન્દ્રકો રાખવામાં આવ્યા છે, જેના વિજેતાઓનાં નામ દર પ્રજાસત્તાક દિને (તા. ૨૬મી જાન્યુઆરીએ) તથા સ્વાતંત્ર્ય દિને (૧૫મી ઑગસ્ટે) જાહેર કરવામાં આવે છે.

'પોલીસ' શબ્દ પહેલવહેલો ૧૮મી સદીની શરૂઆતથી પ્રચલિત થયો. 'નગરની પોલીસ' (સિટી પોલીસ) એ શબ્દ પ્રારંભમાં નગરના સામાન્ય વહીવટ માટે એટલે કે મોટે ભાગે મ્યુનિસિપલ ફરજો માટે યોજવામાં આવતો. મૅકૉલેએ તો 'પોલીસ' શબ્દ 'દીવાબત્તીની વ્યવસ્થા'ના અર્થમાં વાપરેલો છે! આજના અર્થમાં એ શબ્દ પહેલવહેલો ૧૮૨૯માં વપરાશમાં આવ્યો. એ સાલમાં લંડન શહેરના પોલીસદળ (લંડન મૅટ્રોપૉલિટન પોલીસ ફોર્સ)ની સ્થાપના થઈ. સ્કૉટલૅન્ડના રાજાઓ ઈંગ્લૅન્ડના રાજવીને નજરાણું આપવા આવતી વખતે જે સ્થાને ઊતરતા એ 'સ્કૉટલૅન્ડ યાર્ડ' નામક સ્થાને આ દળની કચેરી રાખવામાં આવેલી તે પરથી એ દળ પણ આજે 'સ્કૉટલૅન્ડ યાર્ડ'-ના નામે ઓળખાય છે.

પીટરબરો મુકામે વાહનવ્યવહાર સંભાળતી પોલીસ વળી 'પ્રકાશિત પોલીસ' છે. સફેદ કોટમાં સજ્જ થએલો પોલીસ એક હાથમાં લાલ ને બીજામાં લીલી બત્તી પકડી રાખે છે ને એના શિરટોપ (હેલમેટ) પર 'પોલીસ' શબ્દ ખિસ્સા-બૅટરી વડે પ્રકાશતો રહે છે!

ઇંગ્લૅન્ડનો પોલીસ 'બૉબી'ના વહાલસોયા નામે ઓળખાય છે. 'બૉબી' એ 'રૉબર્ટ'નું લાડકું નામ છે, ને ઈ. ૧૮૨૯માં લંડન પોલીસદળની સ્થાપના કરનાર સર રૉબર્ટ પીલ પરથી એ ઊતરી આવેલું છે. પોલીસ માટે વપરાતા બીજા શબ્દ 'કૉપર'નું મૂળ અજ્ઞાત છે. કેટલાકના કહેવા મુજબ તે અંગ્રેજી દેશ્ય શબ્દ 'ટુ કૉપ' એટલે 'પકડવું' પરથી ઊતરી આવેલો છે. જ્યારે કેટલાકના કહેવા મુજબ તે 'કૉન્સ્ટેબ્યુલરીઝ ઑવ પોલીસ'નું ટૂંકું રૂપ છે. 'કૉન્સ્ટેબલ શબ્દનું મૂળ લાટીન શબ્દ 'કોમીસસ્તાબુલી'માં રહેલું છે જેનો અર્થ થાય અશ્વપતિ (master of the horse).

બકરસ્ત (બુખારેસ્ટ)માં વાહનવ્યવહાર સાચવતા પોલીસ ને મોટરિસ્ટો વચ્ચે એટલી બધી જીભાજોડી થતી કે ત્યાંના સત્તાવાળાઓએ ગયા મહાયુદ્ધ પહેલાં એ ફરજ બહેરા ને મૂગા પોલીસને જ સુપ્રત કરેલી! કાયદાનો ભંગ કરતા કોઈ પણ વાહનનો નંબર એ નોંધી લેતો અને એની સાથે દલીલમાં ઊતરવા આવનાર નાસીપાસ થઈ ને રસ્તે પડતો!

અમેરિકામાં પોલીસ-વાનને 'બ્લૅક મેરિયા' નામે ઓળખવામાં આવે છે. આ કોઈ કલ્પિત નહિ પણ સાચેસાચું નામ છે. એ નામની એક હબસણ બૉસ્ટન મુકામે એક બોર્ડિંગ હાઉસ ચલાવતી. તે શરીરે એટલી મજબૂત હતી કે કોઈ પણ કેદીને લઈ જવામાં પોલીસ અશક્ત નીવડતી ત્યારે મેરિયાનું શરણું શોધાતી અને તે એને એકલે હાથે જેલ સુધી ઘસડી જતી!

નિબંધ-સ્પર્ધા પરિણામ

આ સાથે આપને જાણ કરવાની કે શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે 'બાળકોમાં નૈતિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ઉત્કર્ષ પ્રેરવા શું કરવું જોઇએ?' આ વિષય ઉપર એક ઈનામી નિબંધ-સ્પર્ધા યોજવામાં આવી હતી, જેની જાહેરાત ડિસેમ્બર ૧૯૭૮ના અંકમાં પૃષ્ઠ ૩૫૧ પર હતી. આ નિબંધ સ્પર્ધામાં આવેલ કૃતિઓ નિર્ણાયકોના મત પ્રમાણે ઈનામ પ્રાપ્ત કરવાના ધોરણમાં આવી શકે તેમ ન હોવાથી એક પણ કૃતિને ઈનામ-વિજેતા જાહેર કરવામાં આવતી નથી.

પુષ્પમાળા-૭

કદંબ

લેખક - શંકરદેવ વિદ્યાલંકાર



અહો કદમ્બ, અહો નિમ્બ, અમ્બ, અહોબ કુલ તમાલા !
કહું દેખ્યો તુમ કૃષ્ણ હમારે, નન્દ કે લાલા ?

કૃષ્ણ વ્રજ છોડીને મથુરા ગયા પછી તેના વિરહમાં ગોપીઓ જે વનવૃક્ષોને કૃષ્ણના ખબર પૂછતી પાગલની જેમ ભમે છે તે વૃક્ષોમાં કદમ્બ મુખ્ય છે. યમુનાના તટ પર જેની ડાળે ઝૂલો બાંધી કૃષ્ણ હીંચતા હતા, જેની છાયામાં મનોહર દેહભંગ કરી એમણે પોતાની મધુર બંસરી વગાડી ગોપગોપીઓને મુગ્ધ કર્યા હતાં એ કદમ્બનાં અનેક સુંદર વર્ણનો લલિત સાહિત્યમાં જોવા મળે છે. 'ઋતુસંહાર'માં કવિ કાલિદાસ કહે છે :

માલાઃ કદમ્બ-નવકેસર કેતકી ભિઃ ।
આયોજિતાઃ શિરસિ બિભ્રતિ યોષિતોડદ્ય ।।

(વર્ષાકાળમાં રમણીઓ પોતાના કેશકલાપમાં કદંબ પુષ્પોના શણગાર સજે છે.) અને 'મેઘદૂત'માં :

સીમન્તે ચ ત્વદુપગમજં યત્ર નીપં વધૂનામ્

(વર્ષાઋતુ આવતાં નવવધૂઓ પોતાના સેંથામાં કદમ્બ પુષ્પને દામડી પેઠે લગાડે છે.)

પ્રાચીન ઋષિ આશ્રમનું વર્ણન કરતાં એક સંસ્કૃત કવિ કહે છે :

નીપ-સ્કંધે નિવસતિ લસદ્ બર્હભારો મયૂરઃ ।
નીપ સ્કંધે કુહરિણિ શુકાઃ સ્વાગતં વ્યાહરન્તિ ।।

(કદંબની શાખા પર આકર્ષક પૂંછવાળો મયૂર વસે છે, અને કદંબની બખોલમાં પોપટ અતિથિઓનું સ્વાગત કરી રહ્યા છે.)

આ કદમ્બને 'ધારા કદમ્બઃ પ્રાવૃષ્યઃ કાદમ્બર્યો હરિપ્રિયઃ ।
નીપો ધૂલિ કદમ્બ શ્ચ સુવાસો વૃત્ત પુષ્પકઃ ।।
તથા કદમ્બો વૃત્તપુષ્પશ્ચ સુરભિઃ લલના પ્રિયઃ ।
કાદમ્બર્યો સિન્ધુપુષ્પઃ મહાઢય કર્ણપૂરકઃ ।।

એમ ધનવન્તરિ અને રાજનિઘંટુમાં કદમ્બને વિધવિધ નામે ઓળખાવ્યું છે. ઍન્થોકેફેલસ કદમ્બા (Anthocephalus Cadamba) એ એનું શાસ્ત્રીય નામ છે. વ્રજભૂમિમાં મથુરાથી ત્રીસેક માઈલ દૂર રાધાના જન્મસ્થળ મનાતા બરસાના ગામ નજીક 'સાંકરી ખોર' નામે ઓળખાતી એક પહાડી નેળ છે. કહે છે ત્યાં કૃષ્ણ ગોપીઓનાં દહીં-માખણ લૂંટતા હતા. કદમ્બનાં અહીં પુષ્કળ વૃક્ષો હતાં, આજે યે છે.

ઉષ્ણ પ્રદેશોમાં ભેજ અને નીતારવાળી નદીકાંઠાની જમીનમાં બધે આ કદમ્બ ઊગે છે. શિવાલક પર્વતની તરાઈથી માંડી ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, આસામ, દક્ષિણ ભારત, બ્રહ્મદેશ, લંકા, મલાયા, સુમાત્રા અને છેક ચીન સુધી પ્રચુર માત્રામાં કદમ્બનાં વૃક્ષ ઊગે છે. વનવૃક્ષ હોવા ઉપરાંત, ઉદ્યાનપ્રેમી લોકોનું આ એક પ્રિય પુષ્પવૃક્ષ છે બૌદ્ધોમાં તો કદમ્બ વૃક્ષ પવિત્ર ગણાય છે. આસામ, બંગાળ ને આંદામાનમાંથી દર વર્ષે પાંચસો ટન જેટલું કદમ્બ કાષ્ઠ નિર્યાત થાય છે.

પુખ્ત થયે કદમ્બ વૃક્ષ દસેક મીટર ઊંચું વધે છે. આ પાનખરી વૃક્ષની શાખાઓ ખૂબ ફેલાય છે. સામસામે ગોઠવાએલાં, દાંડીવાળાં, એકાદ વેંત લાંબાં, પહોળાં ને અણિયાળાં ચળકતાં લીસાં પાનની ઘટા તથા વર્ષાના આરંભમાં પીળચટ્ટા સફેદ પાંખડીના દડા જેવા વિશિષ્ટ આકારનાં પુષ્પોથી કદમ્બ વૃક્ષ અત્યંત શોભાયમાન લાગે છે. રાતે એનાં પુષ્પોની મદીલી મીઠી ગંધના પમરાટથી વાતાવરણ મહેકી ઊઠે છે. એની આ મહેકને કારણે 'મહાઢય', ગોળ આકારને કારણે 'વૃત્ત પુષ્પ', કર્ણફૂલ જેવું હોવાથી 'કર્ણ-પૂરક', સ્ત્રીઓને પ્રિય હોવાથી 'લલના પ્રિય' એમ એની વિધવિધ લાક્ષણિકતાઓના લીધે એ અનેકવિધ નામે ઓળખાયું છે. ખીલ્યા પછી એકાદ સપ્તાહમાં એની પુષ્પ સળીઓ ખરી પડે છે. બાકી રહે તે કદમ્બનું ફળ. નારંગી રંગનું અને અનેક નાનાં ફળના દડા જેવું એ હોય છે. પાકે ત્યારે ખટ્મધુ અને વિશિષ્ટ ગંધવાળું બને છે. ખિસકોલી વગેરેનું એ પ્રિય છે. વાત, કફ ને દાહમાં એ વપરાય છે. એનામાં જ્વરનાશક અને શક્તિવર્ધક ગુણો પણ છે. કોંકણમાં કદમ્બની છાલનો તાજો રસ બાળકોના પેટની ગરબડમાં અપાય છે. અરુચિમાં જીરા ને સાકર સાથે એ રસ પીવાય છે. પાંદડાંનો ઉકાળો જ્વરનાશક છે અને ગળાની તકલીફમાં તેના કોગળા કરાય છે. કદમ્બનું દાતણ પણ ગુણકારી મનાય છે.

કદમ્બનાં ફળોમાંથી એક પ્રકારની મદિરા બને છે. સંસ્કૃતમાં કદમ્બ ફળને 'કાદમ્બર્યં' કહ્યું છે. કાદમ્બરી એટલે મદિરા. એક સંસ્કૃત શ્લોકમાં કૃષ્ણના મોટા ભાઈ બલરામની મદિરાપ્રિયતાનું વર્ણન કરતાં કહ્યું છે :

કાદમ્બરી–મદ–વિઘૂર્ણિત-લોચનસ્ય ।
યુક્તં હિ લાંગલ-ભૃત–પતનં પૃથિવ્યામ્ ।।

એટલે કે મદિરાના મદથી મસ્ત લોચનવાળા બલરામનું પતન અનિવાર્ય છે.

કદમ્બનું લાકડું પોચું ને મજબૂત તથા પીળાશપડતું શ્વેત હોય છે. એમાંથી કાગળ બનાવવાથી માંડી ઘર વપરાશની જણસો ને ઓજારો બનાવવામાં તથા કોલસા પાડવામાં એ ઉપયોગી છે. □

ચંપક-પરિવાર : લાલ ચંપો, નાગ ચંપો અને ગુલચીન

[ગયા અંકના અનુસંધાને]


લાલ ચંપો : માત્ર આછી પીળી ઝાંયવાળાં લાલ ચટક ફૂલોવાળો આ ચંપો ધોળા ચંપાના સહોદર સમો જ છે. પ્લુમેરા રુબ્રા ફ્રૅંગિયાની (Plumera Rubra-Frangiyani) એ એનું શાસ્ત્રીય નામ. અંગ્રેજીમાં એને લાઈફ ટ્રી, પૅગોડા ટ્રી, રેડ જસ્માઈન, રેડ ફ્રૅંગિયાની, ક્રિશ્ચન ટેમ્પલ ટ્રી અને ડેડ મૅન્સ ફ્લાવર પણ કહે છે. મેક્સિકો, ગીઆના અને ઈક્વેડોર એ એનાં મૂળ વતન, પણ બહુ જૂના સમયથી એ પૂર્વના દેશોમાં પણ જાણીતો છે. ઇટાલીના એક સરદાર ફ્રૅંગિયાનીને આ ચંપો અત્યંત પ્રિય હતો અને એણે એમાંથી વિવિધ પ્રકારનાં સુગંધિત તેલો બનાવવા સાથે યુરોપમાં એનો પ્રસાર કરેલો એટલે એના શાસ્ત્રીય નામમાં ફ્રૅંગિયાનીનું નામ પણ જોડયું છે.

બહુ નમનરમ્ય અને સુગંધી આ લાલ ચંપો ગમે તેવી જમીનમાં પણ ઊગી શકતો હોઈ સારી પેઠે લોકપ્રિય રહ્યો છે. દક્ષિણ ભારત અને

મુંબાઈ તરફ એ વિશેષ પરિચિત છે. એનાં પાન ખરવાનો અને પુષ્પો ખીલવાનો સમય તથા તેના ઔષધીય ગુણો પણ લગભગ શ્વેત ચંપા જેવા જ છે. ચોમાસાના આરંભમાં એની કલમ રોપ્યા પછી તેની વિશેષ માવજત કરવાની જરૂર રહેતી નથી.

લીલો ચંપો–નાગ ચંપો

ગાઢ મીઠી માદક સુગંધથી મઘમઘતા આ ચંપાનાં ફૂલ ખીલે ત્યારે આરંભમાં એ લીલાં હોય છે એ પરથી એને લીલો ચંપો નામ મળ્યું



લાગે છે. સંસ્કૃતમાં 'હરિત ચંપક' નામે એની ઓળખ અપાઈ છે. હિંદીમાં એને 'હરિચંપા' કહે છે તેમાં 'હરિત' ઉપરથી 'હરિ' થયું હશે એમ લાગે છે. આ ઉપરાંત હિંદીમાં એનાં મદનમસ્ત, કટહલી ચંપા ને નાગચંપા એવાં નામ પણ છે. આપણે નાગચંપા નામે પણ તેને ઓળખીએ છીએ. આર્ટૉબૉટ્રેસ ઓડૉરેટિસિમસ (Artabotrays Odoratissimus) એ એનું શાસ્ત્રીય નામ છે.

નાગચંપો એ સીતાફળ-રામફળના વર્ગનું વૃક્ષ છે. શ્રીલંકા, ભારત અને ઉષ્ણ કટિબંધીય પ્રદેશોમાં એ વન્ય દશામાં ઊગે છે. કદમાં નાનું, સદાય લીલું અને ઘટાદાર રહેતું તથા માદક સુગંધી ફૂલોવાળું આ વૃક્ષ ઉદ્યાનોમાં પણ સ્થાન પામે એ સ્વાભાવિક છે. એનાં પાન દાંડીવાળાં લાંબાં ને બંને છેડે સાંકડાં તથા ચમકદાર ઘેરાં લીલા રંગનાં હોય છે ને આંતરે ઊગે છે. ઑગસ્ટ–સપ્ટેમ્બરમાં એનાં ફૂલ પૂર બહારમાં ખીલે છે. આરંભમાં લીલાં લાગતાં આ ફૂલ પૂર્ણ રીતે ખીલે ત્યારે પીળાં બની જાય છે. શાખાઓ ઉપર એ એકાકી યા જોડમાં ઊગે છે. આ ફૂલોની દાંડી ઉડેથી વળેલી હોય છે. પાકેલાં ફણસની સુગંધ જેમ અછતી નથી રહેતી તેમ લીલા ચંપાની માદક સુગંધ પણ આસપાસના વાતાવરણને મઘમઘતું કરી દેતી હોઈ હિંદીમાં લીલા ચંપાને 'કટહલી (ફણસ) ચંપા' કહે છે.

લીલા ચંપાનું ફળ લીસું, ચળકતું અને અજમેરી બોર જેવા આકાર ને કદનું હોય છે. પાકે ત્યારે એ પીળું પડી જાય છે. તેની અંદર એક બાજુ સહેજ ચપટાં એવાં એક કે બે બીજ હોય છે. આ બીજ વડે તેમ જ કલમ કરી એને ઉગાડી શકાય છે.

નાગચંપાનાં ફૂલમાંથી સુગંધી તેલ મળે છે જે માથાના તેલ તથા સાબુ વગેરેની બનાવટમાં સુગંધ તરીકે વપરાય છે.

ગુલે ચીન–ચિનાઈ ચંપો

નામ પરથી જ સમજાઈ જાય છે કે ચંપાની આ જાત ચીનથી આવી હશે. લાંબાં ઘેરા લીલાં પાનવાળો આ સદાબહાર ચંપો શોભાવૃક્ષ તરીકે સારી એવી લોકપ્રિયતા પામ્યો છે. પ્લુમેરીઆ આલ્બા (Plumeria



Alba) એ એનું શાસ્ત્રીય નામ. ગુલે ચીન ને ચીની ચંપક નામે પણ એ ઓળખાય છે. વર્ષાકાળમાં ઉજ્જ્વલ શ્વેત પુષ્પોથી જ્યારે એ છવાઈ જાય છે ત્યારે તારા મઢયા આકાશ જેવો શોભી ઊઠે છે. આ ચંપાનાં ફૂલમાં સુગંધ હોતી નથી, પણ શોભાવૃક્ષ તરીકે એ સુંદર વૃક્ષ છે. આ ચંપો પણ ડાળ રોપવાથી ઊગે છે □

અનુસંધાન] દાક્તરી તપાસ [પૃષ્ઠ ૨૪૪થી

જેવા એક ભાગ 'પેસમેકર'માંથી સૂક્ષ્મ વીજપ્રવાહ પ્રકટે છે, જે આખા હૃદય ઉપર ફરી વળે છે. હૃદયની આ વિદ્યુત્કીય કામગીરીનું માપ એ ઈ. સી. જી. છે. હૃદયનું આ કાયતંત્ર કેટલી સરળતાથી ને ક્ષમતાથી ચાલે છે તેની જાણ ઈ.સી.જી. દ્વારા થાય છે. ઈ સી જી.માં અંકાતા ગ્રાફની રેખાની પ્રત્યેક ચડઊતર હૃદય ને તેના કાર્ય તથા સ્થિતિની માહિતી આપે છે જે તેના તજ્જ્ઞ સરળતાથી સમજી શકે છે

ચાળીસની વય પછીની શારીરિક તપાસમાં ઈ.સી જી.નું પણ મહત્ત્વ છે. રોગીએ આ કાર્ડિયોગ્રાફ સઘરી રાખવા જોઇએ. ભાવિ સંદર્ભમાં એનું મહત્ત્વ છે. હૃદયરોગની સ્થિરતા કે વધારાઘટાડાની સમજ પામવામાં એ સહાયક બની રહે છે.

હૃદયના વીજતરંગોની જેમ મગજના તરંગો નોંધવા માટે 'ઇલેક્ટ્રોએન્કેફેલોગ્રાફ'-ટૂંકમાં ઈ. ઈ. જી. નામની એક અન્ય પરીક્ષા છે, જેમાં નોંધાતા ગ્રાફના આધારે મગજની સ્થિતિ તથા ફેફરું વગેરે જેવા મગજના રોગોનું નિદાન થાય છે.

પ્રાથમિક પૃચ્છા, બાહ્યાંગોનું નિરીક્ષણ તથા ખાસ સાધનો દ્વારા કરેલી શારીરિક તપાસ, લૅબૉરેટરી ટેસ્ટ તથા અહીં જોઈ તેવી ખાસ ઊંડી તપાસ કર્યા પછી રોગ અને તેનાં કારણોની ચોક્કસ સમજ મેળવીને તારવેલા નિર્ણયો પરથી રાગનું નિશ્ચિત નિદાન થઈ શકે છે. આમ, દાક્તરી તપસનું ક્ષેત્ર વ્યાપક છે અને તેનું મહત્ત્વ પણ છે અલબત્ત, દરેક વખતે આટલી ઊંડી તપ સોમા ઊતરવાનું જરૂરી નથી હોતું, પણ જરૂરી જણાય તો આજના વદકશાસ્ત્ર પાસે ચોક્કસ નિદાન માટે આવી ઘણી સારી એવી સગવડો છે ખરી. □


ભૂલ-સુધાર: જુલાઈ માસના અંકમાં આ લેખના (પૃ. ૨૧૩) પહેલા કૉલમમાં લીટી ૩૮માં 'લ્યુકોસાઇટોસિસ નામક શ્વેત કણોની સંખ્યા વધે છે' તેને સ્થાને 'શ્વેતકણોની સંખ્યા વધે છે જે લ્યુકસાઇટોસિસ કહેવાય છે' તેમ જોઈએ. આ પછીની લીટીમાં પણ 'શ્વેતકણોની સંખ્યા ઘટે છે જે લ્યુકોપેનિયા કહેવાય છે' તેમ જોઇએ.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કલાવાર્તા

ઊર્મિ પરીખનું સર્જન-પ્રદર્શન





△ ઉપર: બારી બહારની દુનિયા. નીચે: (ડાબી બાજુ) અતીતનું પુષ્પ અને જમણી બાજુ પુષ્પવિહીન

'કુમાર'ના વાચકો કુ. ઊર્મિ પરીખનાં ચિત્રોથી પરિચિત છે. તેમનાં રંગીન ચિત્રો ને પરિચય 'કુમાર'માં આવી ગયાં છે. તાજેતરમાં તેમનાં ચિત્રોનું એક વૈયક્તિક પ્રદર્શન અમદાવાદની કૉન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં યોજાઈ ગયું. આ પૂર્વે પણ વ્યક્તિગત રીતે તથા મિત્રસમૂહમાં ને અન્ય પ્રદર્શનોમાં એમની કૃતિઓ પ્રદર્શિત થતી રહી છે ને તેમાં માનઅકરામ ને રોકડ ઈનામો પણ તેમણે મેળવ્યાં છે. ગયે વર્ષે જ ગુજરાત રાજ્ય લલિત કલા પ્રદર્શનમાં પેઇન્ટિંગનું રૂ. ૧૦૦૦નું ઈનામ તેમણે મેળવેલું.

નાનકડી ગૅલેરીમાં યોજાએલા આ છેલ્લા પ્રદર્શનમાં એમનાં મોટા કદનાં ચિત્રો પ્રાધાન્ય જમાવતાં હતાં. આ ચિત્રો અગમ્ય નહોતાં તેમ તેમાં વિષયનું વૈવિધ્ય પણ નહોતું, પણ મોટે ભાગે તેમણે પોતાની જાતને જુદી જુદી પરિસ્થિતિમાં રજૂ કરી હતી. ક્યારેક ફૂલો વચ્ચે તો ક્યારેક અંકુરિત છોડની સાથે, ક્યાંક બારીમાં કે ક્યાંક વૈચારિક ગહનતામાં સરી જતા પાત્ર તરીકે. તેમનાં આ પાત્રાલેખનમાં ભાવિને ઝાંખતી કે કુતૂહલભરી વિસ્ફારિત મોટી આંખો ખાસ ધ્યાન ખેંચતી હતી.





આ પૂર્વેનાં ચિત્રોમાં તેઓ રંગોનો છૂટથી ઉપયોગ કરતાં હતાં. સમય જતાં બ્લૅક અને ગ્રે રંગનો ઉપયોગ વધી ગયો. કલાકાર રંગથી દૂર શાથી જાય? કદાચ તેમની શારીરિક અશક્તિની મન પર કોઈ અસર હશે? આજે તેમની ઉંમર ૩૦ વર્ષની છે. કેટલીક શારીરિક અશક્તિ છતાં તેઓ પીંછીને જોરથી ઘુમાવી રહ્યાં છે. કલાભિવ્યક્તિ એ કદાચ તેમના જીવનનો સૂર જ છે. ચિત્રોમાં શોભન તત્ત્વ વધતું જાય છે પરંતુ અભિવ્યક્તિ ને ગહનતા સચવાયાં છે. પુષ્પો સાથેના ચિત્રાલેખનમાં તો તેઓ ખૂબ સૂક્ષ્મ બની જાય છે, અને તેમાં માનવીના હૃદયની કૂણામાં કૂણી લાગણી અભિવ્યક્ત કરી શક્યાં છે. જાપાનીઝ કલાકારની જેમ કૅનવાસનો મોટો ભાગ સફેદ—ખાલી છોડવામાં તેઓ કુશળ છે. તેમના પિતા શ્રી રસિકલાલ પરીખનાં ચિત્રોની જેમ તેમનાં પાત્રો પણ મીઠાશભર્યાં છે. તેમનાં બધાં જ ચિત્રો 'ટેક્સ્ચર'ની સારી ગુણવત્તા ધરાવે છે. તેમના ચિત્રને તમે સહેજે ઓળખી શકો. એમનાં ચિત્રોમાં અ-આલેખિત મોટો વિસ્તાર, પાત્રોની મોટી વિસ્ફારિત આંખો, ચિત્ર વિભાજનની આગવી રીત અને સૌમ્યતા એ એમનાં ચિત્રાલેખનનાં આગવાં અંગ હોઈ એમનું નિજી વ્યક્તિત્વ પ્રકટ કરે છે અને એથી એમની કૃતિઓમાં મનોહરતા હમેશાં છે. —નટુભાઈ પરીખ

સાહિત્યસંપર્ક

શબ્દકથા : કલમ

કલમ વિવિધ અર્થમાં વપરાય છે. 'લેખણ', 'કંડિકા' અને 'એક ઝાડ કે છોડની ડાળી બીજા પર બાંધવી વ.' અર્થવાળો કલમ આપણે ત્યાં ફારસી દ્વારા અરબીમાંથી આવેલો છે. તેરમી શતાબ્દી લગભગના 'ત્રિકાંડશેષ' કોશમાં તેમ જ મેદિનીકોશમાં સંસ્કૃતમાં પણ કલમ શબ્દનો એક અર્થ 'લેખની' થતો હોવાનું નોંધ્યું છે. 'લેખની', 'ચોર' અને 'શાલિ' એવા તેના ત્રણ અર્થ આપેલા છે. પરંતુ એ પહેલાંના કોશોમાં કે જૂના સંસ્કૃત સાહિત્યમાં લેખણના અર્થમાં કલમ વપરાએલો નથી તે જોતાં ઉક્ત કોશોમાં તે અરબી ફારસીના પ્રભાવે જ આવેલો છે.

આ સંદર્ભમાં એક રસપ્રદ હકીકત એ છે કે ગ્રીક ભાષામાં 'कलमोस' (Kalamos) અને લૅટિનમાં 'कलामुस (Calamus) શબ્દો 'બરુ' અને 'બરુનો કિત્તો' એવા અર્થમાં જાણીતા છે. આ જોતાં ગ્રીકમાંથી એ શબ્દ અરબીમાં આવ્યો હોવાનો સંભવ છે.

કલમનો એક અર્થ 'શાલિ' હોવાનું ઉપર કહ્યું. સંસ્કૃત-પ્રાકૃતમાં સામાન્યતઃ શાલિ માટે, તેમ જ એક ઊંચી જાતના ચોખા માટે—કોલમ જાતના ચોખા માટે તે વપરાયો છે. કાલિદાસે 'રઘુવંશ'માં રઘુરાજાના દિગ્વિજયનું વર્ણન કરતાં, વંગદેશના શાસકોને—કલમને ઉખેડીને ફરી ચોપે તેમ યુદ્ધમાં હરાવીને ફરી તેમની ગાદી પર સ્થાપ્યાનું કહ્યું છે; વળી 'કુમારસંભવ'માં તપ કરતી ઉમાની જટાની લટો કલમના અગ્ર જેવી પિંગળવર્ણી હોવાનું કહ્યું છે. તો અનેક સંસ્કૃત અને પ્રાકૃત કવિઓએ 'કલમગોપિકા'ને (એટલે કે કલમના ખેતરનું રખોપું કરતી યુવતીને) વિષય બનાવી રસિક રચનાઓ કરી છે.

હરિવલ્લભ ભાયાણી

બે મહત્ત્વના ગ્રંથ-ભાગ

ધીરુ પરીખ

૧

ગુજરાતનો રાજકીય ને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૫ : શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન તરફથી પ્રાગૈતિહાસિક કાળથી તે છેક આ સદીના ઉત્તરાર્ધ સુધીનો ગુજરાતનો રાજકીય, સાંસ્કૃતિક ઇતિહાસ આપવાનું જે ૯ ગ્રંથોનું આયોજન થયું છે તેમાંનો આ પાંચમો ગ્રંથ સર્વશ્રી રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના સંપાદન નીચે પ્રકટ થયો છે. કુલ ચાર ખંડ અને ૧૭ પ્રકરણો ઉપરાંત કેટલાંક પરિશિષ્ટોમાં વહેંચાએલો આ ગ્રંથ વિવિધ વિષયના જ્ઞાતાઓ—સર્વશ્રી છોટુભાઈ નાયક, ઝિયાઉદ્દીન દેસાઈ, ભોગીલાલ સાંડેસરા, કે. કા. શાસ્ત્રી પ્રવીણચંદ્ર પરીખ, શાંતિલાલ મહેતા, જયંતકુમાર ઠાકર, અંબાલાલ પ્રે. શાહ, ચિનુભાઈ નાયક, રમણલાલ ના. મહેતા, પનુભાઈ ભટ્ટ, કાંતિલાલ સોમપુરા, હરિલાલ ગૌદાની, પ્રિયબાળા શાહ અને રમેશકાંત ગો. પરીખ–ની કલમે લખાએલાં પ્રકરણો–પરિશિષ્ટોમાં ગુજરાતના સલ્તનત કાલની વાત કરે છે. આ સલ્તનત કાલમાં મુસલમાનોના શાસનની નેમ અને નિયત તથા તે સામે હિંદુ રાજવીઓની મક્કમતાનો સુપેરે તાદૃશ ચિતાર આપવામાં આવ્યો છે. વળી, તે કાળે વહેમ રૂઢિઓમાં ફસાએલા હિંદુ સમાજની શી સ્થિતિ હતી તેનું પણ અહીં યથાતથ નિરૂપણ કરવામાં આવ્યું છે. આવી સામાજિક રાજકીય પરિસ્થિતિ વચ્ચે આપણા ભક્ત કવિઓએ અને જૈન પ્રબંધકારોએ સાહિત્યની ધૂણી ધખાવી સંસ્કારની જ્યોત જલતી રાખી હતી તેનો પણ સમ્યક્ ખયાલ આપવામાં આવ્યો છે. અનેક શિલાલેખો, સિક્કાઓ, અભિલેખો, પાળિયા, મંદિર–મસ્જિદો, સંસ્કૃત પ્રાકૃત પ્રબંધો, અરબી-ફારસી તવારીખો આદિના ઢગલામાંથી એ કાળના ઇતિહાસને શાસ્ત્રીય રીતે તારવીને અહીં રજૂ કરાયો હોઈ આ ગ્રંથ એ કાળની શ્રદ્ધેય તાસીર છતી કરે છે. ગ્રંથને અંતે જે ચાળીસેક જેટલી આર્ટ પ્લેટો મૂકવામાં આવી છે તે પણ આ ગ્રંથની શ્રદ્ધેયતા અને ઉપયોગિતાને દઢાવી રહે છે. લખાણ વિવિધ લેખકોને હાથે થયું હોવાથી શૈલીની એકવાક્યતા ના જળવાય તે અનિવાર્યતાને સ્વીકારીને જ ચાલવું રહ્યું. સમગ્રતયા આ ગ્રંથ ઇતિહાસ–સંસ્કૃતિમાં રસ ધરાવનાર અભ્યાસીઓ અને ગુજરાતની અસ્મિતાના ચાહક વાચકો માટે આધારભૂત સંદર્ભગ્રંથ બની રહે તેવો છે. (પ્રકા. ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯, પા. પૂઠું, પૃ. ૫૮૦, રૂ. ૨૫-૬૦.)

૨

પ્રેમાનંદની કાવ્યકૃતિઓ ખંડ ૨ : મધ્યકાલના મહાકવિ પ્રેમાનંદની સઘળી કૃતિઓનો સંગ્રહ આપવાનું માતબર કાર્ય તે કાળના સાહિત્યના ઊંડા અભ્યાસીઓ સર્વશ્રી કેશવરામ કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરાએ હાથ ધર્યું હતું તે આ ગ્રંથના પ્રાકટ્યથી પૂરું થાય છે. આ બીજા ખંડમાં દશમ સ્કંધ, રુક્મિણીહરણ, સપ્તમ સ્કંધ, વામનચરિત્ર, શામળશાનો વિવાહ ને શ્રાદ્ધ એ છ આખ્યાનો ઉપરાંત સ્વર્ગની નિસરણી, વિવેક વણઝારો, રુક્મિણીનો શલોકો, બાળલીલા, દાણલીલા, ભ્રમરપચીશી, રાધિકાના વિરહના માસ એમ સાત લઘુ કૃતિઓ સમાવિષ્ટ કરવામાં આવી છે ગ્રંથને અંતે ત્રણ પ્રકરણો આપવામાં આવ્યાં છે તે પણ પ્રેમાનંદના અભ્યાસીઓને ખૂબ જ ઉપકારક છે. આ ત્રણ પ્રકરણોમાંથી બે છે શબ્દકોશ અને પૌરાણિક શબ્દકોશને લગતાં; જ્યારે છેલ્લા પ્રકરણમાં શ્રી પ્રકાશ વેગડે પ્રેમાનંદ–સંદર્ભસૂચિ તૈયાર કરી આપી છે. વિવિધ હસ્તપ્રતોની સહાયથી સમુચિત પાઠ સ્વીકારી તૈયાર થએલી પ્રેમાનંદની કૃતિઓની આ વાચના અત્યાર સુધીમાં થએલા એ દિશાના પ્રયત્નોમાં અદ્યતન હોઈ સવિશેષ સ્વીકાર્ય બને તેવી છે. પાઠભેદોને તે તે પૃષ્ઠ પર નીચે નોંધવામાં આવ્યા છે, જેથી વાચકને અન્ય પાઠ પણ ઠીક લાગે તો તેમ કરી અર્થભાવ આસ્વાદવાની અનુકૂળતા કરી અપાઈ છે. સંપૂર્ણ શાસ્ત્રીય પદ્ધતિનું આ સંપાદન મધ્યકાલના અન્ય પ્રમુખ કવિઓની કૃતિઓનાં સંપાદનોની અપેક્ષા સંપાદકો પાસે રખાવે એવી સ્વાભાવિક લાગણી આથી જન્મે છે, અને અન્ય સંપાદકોને આવી પ્રવૃત્તિ તરફ આકર્ષે એવું સાહજિક મન કરવા પ્રેરે છે. આ ખંડ સાથે પ્રેમાનંદની સર્જક પ્રતિભાનું સમાલોચન કરતો વિદ્વદ્વર્ય પ્રા. અનંતરાય રાવળનો અભ્યાસલેખ અનિવાર્ય કારણોને લઈ જોડી શકાયો નથી, પણ ટૂંક સમયમાં એ અલગ પુસ્તિકારૂપે પ્રકટ થનાર છે અને ગ્રાહકોને તે ગ્રંથ કિંમતમાં જ આપવાની જાહેરાત પણ થએલી છે એ આ સંપાદનનો વધારાનો લાભ છે. (પ્રકા. સાહિત્ય–સંશોધન પ્રકાશન, ૧૩, તેજપાળ સોસાઍટી, પાલડી, અમદાવાદ-૭, પાકું પૂઠું, પૃ. ૭૮૮, રૂ. ૫૫)

કેટલીક નવલ-નવલિકાઓ

બહાદુરશાહ પંડિત

નિશા નિમંત્રણ : પતિ તન્મય ઍટમિક રીઍક્ટરના સંચાલનની તાલીમ લેવા કૅનેડા ગયો છે એ દરમિયાન પુત્ર પુત્રી અને પિતા

સાથે ઘરની જવાબદારી સંભાળતી ઊર્મિલા દેસાઈ, પુત્રી બિન્દ્રાવતીની કલાકાર તિલકરાજ સાથેની મોહવશ મૈત્રીના કારણે ભારે મોટી આફતમાં ફસાઈ જાય છે.

તિલકરાજનું આકસ્મિક મૃત્યુ થયા બાદ ઊર્મિલા દેસાઈને અંધારી આલમના આદમીઓ સામે ઝઝૂમવું પડે છે અને અંતે એના એક સમયના પ્રેમી સમીરની ત્યાગભાવનાથી એ બે ખૂનના આરોપમાંથી બચી જાય છે.

આદર્શ ગૃહિણી ઊર્મિલાની માનસિક સ્વસ્થતા અને શૂરવીરતાની આ આકર્ષક કથા 'ધ બ્લૅન્ક વૉલ'નું રૂપાંતર છે એવું લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું ન હોત તો એ મૌલિક કૃતિમાં સહેલાઈથી ખપી જાત. કથામાં એક પછી એક બનતા બનાવો અને ગૃહિણી ઊર્મિલાનું તંગ માનસ આલેખવામાં લેખક એટલા સફળ થયા છે કે વાચકને આ નવલકથા શરૂ કર્યા પછી એક જ બેઠકે પૂરી કરવાની ફરજ પડે છે. ઊર્મિલા દેસાઈને બચાવી લેવા ગુંડાટોળીમાં ફસાએલા એના જ એક સમયના પ્રેમી સમીરનો થએલો ઉપયોગ અંતની ચમત્કૃતિને પ્રતીતિજનક બનાવી કથાનો કલાત્મક અંત આણે છે. ડિટેક્ટિવ કક્ષાની હોવા છતાં એનાં અપલક્ષણોથી વંચિત આ કથા આપવા બદલ શ્રી યશવંત મહેતાને અભિનંદન ઘટે છે. (નેહલ પ્રકાશન, માદલપુર, અમદાવાદ-૯; પૃ. ૨૪૦, પાકું પૂઠું, રૂ. ૧૩.)

અરમાનની કબર: કથાનો નાયક અરમાન સ્કૂલમાં સાથે ભણતી સ્વપ્નાના પ્રેમમાં પડે છે પણ લગ્ન પહેલા બંને છૂટાં પડી જાય છે. અરમાન આશા સાથે પરણી નીરસ જીવન જીવે છે અને પુરુષદ્વેષી બનેલી સ્વપ્ના અનેકને મિત્રો બનાવી હરખાવે છે. એ લંગારમાં અરમાનના ભાઈ સ્મૃતેશનો પણ નંબર લાગે છે. અરમાન અને સ્વપ્નાના પ્રેમની વાત જાણતાં આશા આત્મહત્યા કરે છે ને સ્મૃતેશ સ્વપ્નાનું ખૂન કરે છે. અંતે એ અકસ્માતથી મૃત્યુ પામે છે. સપાટી પરના બનાવોની આ કથામાં કલાનો સ્પર્શ અનુભવાતો નથી. એથી સર્જનનો આનંદ લેવા ઇચ્છતા વાચકના 'અરમાન'ની આ કૃતિ કબર બની જાય છે. (લે. કનુ આચાર્ય 'દિલ'; પ્ર૦ નેહલ પ્રકાશન, માદલપુર, અમદાવાદ-૯; પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂ. ૧૨.)

સંમોહિતા: આ સંગ્રહમાં 'સંમોહિતા' અને 'આતંક' એ બે લઘુનવલો પ્રસિદ્ધ કરવામાં આવી છે. લકવાગ્રસ્ત પિતાની સારવાર કરવામાં લગ્નની વય વટાવી ચૂકેલી મીરાંના પિતા તરફના અજ્ઞાત વેરનો લાભ ઉઠાવી એના સ્વાર્થી કાકા અને હિપ્નોટીઝમની અસર નીચે અકસ્માત કરવા તરફ કેવી સિફતથી દોરી જાય છે એનું રહસ્યમય અને જિજ્ઞાસાપ્રેરક આલેખન કરતી સુઘટ્ટ વસ્તુસંકલનાવાળી આકર્ષક લઘુનવલ 'સંમોહિતા' ગુના માટે થતા હિપ્નોટીઝમના ચાલાકીપૂર્ણ ઉપયોગની શક્યતા નિર્દેશવા ઉપરાંત મનોવિજ્ઞાનના રહસ્યગર્ભ નિયમો તરફ પણ ધ્યાન ખેંચે છે.

'આતંક'માં પણ પોતાની સગી બહેન પર વેર લેવા માટે રચાએલા કાવત્રાની રસભરી કથા આલેખાઈ છે. કથામાં સારી ડિટેક્ટિવ વાર્તાના આકર્ષક અંશો ઘણા હોવા છતા એનો અંત સ્ટંટ ફિલ્મને મળતો બનાવી દઈ લેખકે પ્રતીતિજનકતા ઘટાડી દીધી છે. છતાં બંને લઘુનવલો શ્રી યશવંત મહેતાને ખ્યાતિ અપાવે એવી છે. (નેહલ પ્રકાશન, માદલપુર, અમદાવાદ-૯; પૃ. ૨૯૬, પાકું પૂઠું, રૂ. ૧૫.)

સાવ અચાનક: વીમા કંપનીમાં નોકરી કરતો સતીશ મરાઠી યુવતી વિલાસ સાથે પ્રેમલગ્ન કરવા માગતો હતો, પણ કુટુંબીજનોના દબાણથી વાગ્દત્તા સુધા સાથે પરણે છે. લગ્ન પછી સતીશ સુધાને પોતાના પ્રેમની વાત કરે છે, તો સુધા રાહુલ સાથેના પોતાના પ્રેમની વાત કરે છે, અને બંને છૂટાં પડે છે. સતીશ વિલાસને મળવા દોડી જાય છે. પણ ત્યાંથી અપમાનિત થઈ પાછો ફરે છે અને માર્ગમાં મળતી સુંદર ત્યક્તા મુક્તા સાથે લગ્ન કરે છે. એના મિત્ર હેમંત એને મુક્તા પતિનું ખૂન કરી જેલ ભોગવી આવેલી છે એવી માહિતી આપે છે. અંતે સતીશનું વિલાસ સાથે પુનર્મિલન થાય છે. વાસ્તવિકતા અને પ્રતીતિકરતાના અભાવવાળી ઘટનાઓ ધરાવતી આ કથા ઊગતા વાચકોને કથારસ પૂરો પાડી શકે એવી મધ્યમ કક્ષાની કૃતિ છે. (લે. વિઠ્ઠલ પંડયા. આર. આર. શેઠના ક. મુંબાઈ-૨, અમદાવાદ-૧ પૃ. ૨૫૮, પાકું પૂઠું, રૂ. ૧૧-૭૫.)

હજી યે તું સાંભરે છે: ઓરમાન માના ત્રાસથી ભાગીને મુંબાઈ પહોંચેલો દેવચંદ એની હોશિયારી અને પ્રામાણિકતાથી ગગુ શેઠને આકર્ષી એમની પુત્રી મીના માટેના ઉમેદવાર બને છે. પણ દેવચંદ પોતાના બાલસખી વિજયા સાથે પરણવા ઇચ્છે છે. દુર્ભાગ્યે વિજયાને એક દમિયલ યુવાન સાથે પરણવું પડે છે. મીના મૃત્યુ પામે છે અને વિજયા વિધવા બને છે પછી સાધ્વી બનેલી વિજયા સાથે દેવચંદ પરણે છે. શ્રી વિઠ્ઠલ પંડયાની બધી નવલકથાઓની જેમ આ કથા પણ ઘટનાઓમાં રસ ધરાવતા વાચકોને પૂરી વાંચી જવી ગમશે, પણ કલાના સ્પર્શ પામવા ઇચ્છતા વિદગ્ધ વાચકને શ્રમ એળે ગયાનો અનુભવ થશે. (આર આર. શેઠની કં. મુંબાઈ-૨, અમદાવાદ ૧; પૃ ૨૫૮, પાકું પૂઠું, રૂ. ૧૧-૭૫)

માણસ હોવાની બીક: કૉલેજમાં અભ્યાસ કરતા એન. સી. સી. કેડેટ સુનીલ પર પ્રસન્ન થઈ સુષમાના કહેવાતા મામા સુષમાને એની સાથે પરણાવવા તૈયાર થાય છે. પરંતુ સુનીલના ભાઇને લગ્ન પછી તરત જ અકસ્માત થતાં એને ભાભી સાથે પરણવું પડે છે. ભાભીને છોડી એ ફરી મુંબાઈ જઈ સુષમાને પોતાની પરિસ્થિતિ સમજાવે છે. પણ ત્યાંથી અપમાનિત થઈ પાછો એક બીજી યુવતી કાન્તાના પ્રેમમાં પડે છે. શ્રી વિઠ્ઠલ પંડયાની બધી કથાઓમાં બને છે એમ અંતે એ સુષમાને મળે છે. સ્થૂલ ઘટનાઓની પરંપરામાં રસ લેનાર વાચકોને ગમે એવી કૃતિ. (આર. આર. શેઠની કંપની, મુંબાઈ ૨, અમદાવાદ-૧; પૃ. ૨૯૯, પાકું પૂઠું, રૂ. ૧૪-૫૦.)

ધવલગિરિ: ઈ. સ. ૧૯૬૦થી '૭૦ દરમિયાન 'બુદ્ધિપ્રકાશ', 'સંસ્કૃતિ' ને 'સમર્પણ' જેવાં સન્માન્ય માસિકોમાં પ્રસિદ્ધ થએલી વાર્તાઓમાંથી શ્રી રજનીકાન્ત રાવલે એમની ચુનંદી ૨૦ વાર્તાઓને આ સંગ્રહમાં સ્થાન આપ્યું છે. વિષય અને આયોજન બંને દૃષ્ટિએ વૈવિધ્યપૂર્ણ આ વાર્તાઓમાં પ્રણય, યુદ્ધ, જીવનનું માંગલ્ય, વિષમતા વગેરેનું આકર્ષક રીતે આલેખન થયું છે વસ્તુ અને નવીનતાની તાજગીભરી આ વાર્તાઓ વાચકને સતત જકડી રાખવાની ક્ષમતા ધરાવે છે, એમાં લેખકની ચિત્રાત્મક ભાષાશૈલીનો ફાળો પણ ઘણો મોટો છે. વાસ્તવિક જીવન અને હૃદયંગમ વાતાવરણ ધરાવતી 'ધવલગિરિ', 'જય ગોપાલનું મંદિર', 'ડાક બંગલો', 'સમાધિ', 'રક્તતિલક' આદિ વાર્તાઓ ફરીફરી વાંચવાની ઇચ્છા જગાડે એવી છે. લેખકની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને રહસ્યપૂર્ણ આલેખનશક્તિ એમની વાર્તાઓને આકર્ષક કલાઘાટ આપે છે. (આર. આર. શેઠની કં. મુંબાઈ ૨, અમદાવાદ-૧; પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂ ૯-૫૦.)

જલતા હિમગિરિ: મિહિરના કામિની પ્રત્યેના અદમ્ય આકર્ષણની આ કથામાં મિહિર કામિનીને ચાહે છે પણ કામિની શ્રીકાન્તને ચાહતી હતી અને મિહિરને ધિક્કારતી હતી. બીજી બાજુ ઉજ્જવલા મિહિરને ચાહે છે ને મિહિરનો મિત્ર અભિનવ એને સકંજામાં લેવા પ્રયાસ કરે છે.

એક પર્યટન સમયે મિહિરે કામિનીને એની ઇચ્છા વિરુદ્ધ કરેલા આલિંગનથી ઉદ્ભવતી આ નવલકથાની ઘટનાઓની પરંપરાને અંતે કામિનીનો મિહિર પ્રત્યેનો ધિક્કાર પ્રેમમાં પલટાય છે ત્યારે મિહિર ઉજ્જવલા પ્રત્યેની સહાનુભૂતિ ને કરુણાથી એનો સ્વીકાર કરવા તૈયાર થાય છે.

અભિનવનો ઉજ્જવલા પરનો બળાત્કાર,

શ્રીકાન્ત કે એના સાગરિતનું મિહિર પર આક્રમણ, પ્રો. અમર અને કામિની વચ્ચેનો પ્રેમ ઇત્યાદિ અપ્રતીતિજનક ઘટનાઓ બાદ કરીએ તો શ્રી મોહનલાલ પટેલની આ કૃતિ વાચકને અંત સુધી જકડી રાખી શકે છે. અલબત્ત ધિક્કારમાંથી પ્રેમ પરિણમે છે એવો માનસશાસ્ત્રીય સિદ્ધાંત અહીં ચરિતાર્થ થયો નથી. (વોરા, અમદાવાદ-૧; પૃ. ૨૮૦, પાકું, રૂ. ૧૪.)

અંતરંગ : જાણીતા પત્રકાર શ્રી જયવદન પટેલે 'ગુજરાત સમાચાર'ની પૂર્તિમાં 'ઝાકળ ઝંઝા' વિભાગમાં લખેલી પ્રસંગ-કથાઓમાંથી ૨૫ પસંદ કરીને અહીં સંપાદિત કરવામાં આવી છે. આ પચીસે કથાઓ એનાં શીર્ષકો જ કહે છે એમ સ્ત્રીઓની કથાઓ છે. એમાં સ્ત્રીઓનાં વિવિધ પ્રકારનાં સંવેદનોની સરળ છતાં માર્મિક ભાષામાં રજૂઆત છે. કોઈ સંતાન વિહોણી ગતિ કે મનગમતો પતિ ન પામતી મંજિલ કે દહેજના પાપે રીબાતી વેણુ આ કથાની નાયિકાઓ છે. એમના સંજોગોમાંથી સર્જાતી વેદનાની વાતો અહીં વાચકના હૈયાને સ્પર્શી જાય એ રીતે સાકાર થઈ છે. (પ્ર દેવી મહેતા, સાહિત્યનિધિ, અમદાવાદ-૬; મુખ્ય વિક્રેતા ગુર્જર, અમદાવાદ ૧; પૃ. ૨૨૪, પાકું, રૂ. ૧૧.)

લાગણીનું ઘર : 'ઝાકળ ઝંઝા'માં પ્રસિદ્ધ થએલી પ્રસંગ-કથાઓમાંથી ૨૦ વાર્તાઓ આ સંગ્રહમાં સંપાદિત કરવામાં આવી છે. લેખકની નારીહૃદયના ભાવો સમજવાની ને એમને મુલાયમ ભાષાશૈલીમાં અભિવ્યક્ત કરવાની શક્તિના આ પ્રસંગો દ્યોતક બન્યા છે. દરેક પ્રસંગ એકાદ પાત્રના જીવનની આસપાસ બનેલો હોવાથી એમાં અન્ય પાત્રોનું આલેખન યથાવકાશ જ થયું છે. એથી આ કથાઓમાં ટૂંકી વાર્તાનાં તમામ લક્ષણો શોધવાનો પ્રયાસ કરવો નિરર્થક છે. દરેક પ્રસંગાલેખનના પાત્રના નામની તાજગી અને અંતમાં વ્યક્ત થતી પાત્રની ભાવના વાચકને જકડી રાખે છે અને ચમત્કૃતિનો આનંદ પૂરો પાડે છે. (પ્ર. લાગણી પ્રકાશન, વિજયનગર, અમદાવાદ; પૃ. ૧૭૬, પાકું, રૂ. ૯.)

શમણું નામે ગામ : શ્રી જયવદન પટેલે 'ગુજરાતસમાચાર'નીરવિવારનીપૂર્તિમાં'ઝાકળ ઝંઝા' વિભાગમાં આલેખેલી વાસ્તવિક સમાજજીવનની તસ્વીરોમાંથી અહીં ત્રીસેકનો સંગ્રહ કરવામાં આવ્યો છે દરેકના શીષક પરથી સમજાય છે કે એ બધી છબીઓ નારીઓની છે. નારીજીવનનાં વિવિધ પાસાંને વ્યક્ત કરતી આ છબીઓમાં ભાષાની કાવ્યાત્મકતા ને આલેખનની સફાઈ આકર્ષક ચિત્રો ખડાં કરી વાચકનું દિલ જીતી લે છે. (પ્ર દેવી મહેતા. સાહિત્યનિધિ, અમ૦ પૃ ૨૫૬, પાકું, રૂ.૧૨-૫૦).

નવાં પ્રકાશનો

ધીરુ પરીખ

પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ મુંબાઈ-૨

પરિચય ટ્રસ્ટ વિવિધ ક્ષેત્રોમાંથી વિષય પસંદ કરી સામાન્ય જનો માટે ઉપયોગી વાચન સામગ્રી પૂરી પાડતી 'પરિચય પુસ્તિકા' શ્રેણીમાં જે તે વિષયના વિદ્વાન અને નામી લેખક પાસે તૈયાર કરાવી જે લઘુપુસ્તિકાઓ વર્ષોથી પ્રકટ કરે છે તે યોજનામાં નીચે પ્રમાણે વધુ પ્રકાશનો થયાં છે :

ચૅખોવ (અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ), બાળકોના રોગો (ડૉ. રોહિત ઓઝા), રશિયાના અર્થતંત્રનાં સાઠ વર્ષ (વિકટર એલ. કૉર્નીફ), આનંદશંકર ધ્રુવ (ચન્દ્રકાન્ત મહેતા), ભારતનાં અભયારણ્યો (પદ્માકાર ફૂલમર્ણી). એન. સી સી. (ડૉ. રમણલાલ ચી. શાહ). નગાધિરાજ હિમાલય (નવનીત પારેખ). રોગ અને રસી (ડૉ. ગોપા કોઠારી) દાંતના રોગો (ડૉ સી પી. બાધાણી), રાજ્ય સંચાલિત ઉદ્યોગ (રાજ કે. નિગમ). શીખ ધર્મ (ઉપેન્દ્રરાય સાંડેસરા), જનતા સરકારની આર્થિક નીતિ (વાડીલાલ ડગલી) મરડો અને કબજિયાત (ડૉ. પી. એન. જોષી), શિકારીનાં શસ્ત્રો અને સાધનો (વજેન્દ્રપ્રસાદ દેસાઈજી), હરસ, મસા અને ભગંદર (ડૉ ભાનુ ર. શાહ), બાળકોને લગતા કાયદા (હરીશ યાદવ), રક્તદાન (નાનુભાઈ અમીન). સ્વામી આનંદ (વીણા શાહ). કાશ્મીર (ઇન્દિરા ડગલી), મહાકવિ વલ્લથોલ (એમ. કે. કે. નાયર) ભારતનો ખાંડનો ઉદ્યોગ (અભિજિત દોશી), કુદરતી સંપત્તિની જાળવણી (એચ. એમ. પટેલ). ટેસ્ટ ટ્યૂબ બાળક (ડૉ. સાધના દેસાઈ), આજનું ચીન (બી જી. વર્ગીઝ) ભારત આંકડામાં (કૉમર્સ રિસર્ચ બ્યૂરો), ટૉલ્સ્ટૉય (દર્શક). ગાંધીજીના આશ્રમો (વનમાળા દેસાઇ), ડબ્લ્યુ બી. યેટ્સ (નિરંજન ભગત). (પ્રત્યેક પુસ્તિકાનાં પૃ. ૩૨, પ્રત્યેકનું કાચું પૂઠું. પ્રત્યેકના ૭૫ પૈસા)

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થા
શાહીબાગ રોડ અમદાવાદ-૪

શ્રી સ્વામિનારાયણની દ્વિશતાબ્દી નિમિત્તે આ સંસ્થા તરફથી સંપ્રદાયના કેટલાક સંતપુરુષો તેમ જ સર્જકો ને સર્જન વિષે સુઘડ છપાઈવાળી નીચેની પુસ્તિકાઓ પ્રકટ થઈ છે :

ભગવાન સ્વામિનારાયણ (હરીન્દ્ર દવે), વચનામૃત બિંદુ. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી (શાસ્ત્રી ભક્તિપ્રિયદાસ), ભક્તરાજ દાદાખાચર (સાધુ માધવપ્રિયદાસ), સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી (શાસ્ત્રી સિદ્ધેશ્વરદાસ), ભગવાન સ્વામિનારાયણ—સંગીતકલાના પોષક (નિનુ મઝુમદાર. (પ્રત્યેક પુસ્તકનાં પૃ. ૩૦ થી ૩૨. કાચું પૂઠું, પ્રત્યેકના ૬૦ પૈસા.)

પ્રસ્તુત સંસ્થા તરફથી સ્વામિનારાયણ સાહિત્ય ગ્રંથમાળા પ્રકટ કરવાનું નક્કી થયું છે તે પ્રમાણે નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે :

પ્રેમસખી પદાવલિ : સ્વામિનારાયણ સંપ્રદાયમાં શુદ્ધ ભક્તિની કવિતા માટે જાણીતા થએલા સ્વામી પ્રેમસખીની અનેક રચનાઓમાંથી વિવિધ વિષયનાં ૨૯૯ પદોનું આ સંપાદન જાણીતા સાક્ષર શ્રી અનંતરાય રાવળે કર્યું છે. આરંભે મુકાએલો શ્રી રાવળનો 'કવિ અને કવિતા' લેખ સ્વામી પ્રેમસખીનાં જીવન અને કવનનો વિવેચનાત્મક પરિચય આપી રહે છે તે અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. અંતે 'શબ્દાર્થબોધ' શીર્ષકથી પદોમાંના વિશિષ્ટ સંદર્ભવાળા શબ્દોના સટીક અર્થો આપવામાં આવ્યા છે તે સંગ્રહનાં પદોને માણવામાં ઉપકારક થશે. (કાચું પૂઠું, પૃ. ૧૩૪, રૂ ૪.)

દેવાનંદ પદાવલિ : સ્વામિનારાયણ સંપ્રદાયના બીજા કવિ દેવાનંદનાં જ્ઞાનવૈરાગ્યનાં અને ભક્તિનાં પદ તથા સહજાનંદ સ્વામીનાં સ્તવન મળીને કુલ ૧૫૦ રચનાઓનું આ સંપાદન જાણીતા કવિ વિવેચક ડૉ. જયંત પાઠકે કર્યું છે. આરંભે પ્રાસ્તાવિક લેખરૂપે સંપાદકે કવિનાં જીવન અને કવનનો પણ પરિચય કરાવ્યો છે અને અંતે શબ્દાર્થ આપ્યા છે તે આ પદોને આસ્વાદવામાં ઉપયોગી થઈ પડશે. (કાચુ પૂઠું, પૃ. ૭૬ રૂ. ૩.)

આધાર વરસે અનરાધાર : ભગવાન સ્વામિનારાયણના ભક્તજનોના જીવનપ્રસંગો અને એમાં ભગવાન સ્વામિનારાયણનાં કર્તૃત્વને વાર્તાત્મક શૈલીથી શ્રી નાનુભાઈ દવેએ અહીં નિરૂપ્યાં છે, જેમાંથી સ્વામિનારાયણ ભગવાનના મહા પાવનકારી વ્યક્તિત્વનો પરિચય મળી રહે છે. (કાચું, પૃ. ૧૪૪, રૂ ૪.)

વેદરસ : શ્રીજી મહારાજે પરમહંસોને ઉદ્દેશીને પોતાનું પરમ રહસ્ય પ્રકટ કરતો જે પત્ર લખ્યો છે તેનું મૂળ નામ છે વેદરહસ્ય'. એ પત્ર અહીં 'વેદરસ' શીર્ષકથી પ્રકટ થયો છે તે મુમુક્ષુઓને માર્ગદર્શક બનશે. (કાચું પૂઠું, પૃ ૨૧૪, રૂ ૬.)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર પાસે અમદાવાદ-૧

ઇંદ્રધનુષ્યના રંગોમાંથી : વૈવિધ્યસભર લોકજીવનનું પોત વાચક સમક્ષ રજૂ થાય

એ આશયથી પસંદ કરેલી પોતાની વીસ વાર્તાઓમાં તેના લેખક શ્રી પુષ્કર ચંદરવાકરની જીવનકલાની સાથોસાથ વાર્તાકલાનાં પણ દર્શન થયા વગર રહેતાં નથી. પાત્રો, ભાષાશૈલી, વાતાવરણ—દરેક રીતે લોકજીવનનો પાસ પામેલી આ વાર્તાઓ સરસ અને સ્વચ્છ વાચન-સામગ્રી પૂરી પાડી રહે છે. (કાચું, પૂઠું, પૃ. ૧૯૮, રૂ. ૩-૫૦.)

શ્રી મોટાના જીવનપ્રસંગો : શ્રી મુકુલભાઈ કલાર્થીએ આ પુસ્તિકામાં સ્વ. શ્રી મોટાના પાવન જીવનના કેટલાક પ્રેરણાદાયી પ્રસંગો રજૂ કર્યા છે તે ઊગતી પેઢીને જીવનઘડતરમાં મદદરૂપ થાય તેવા છે. (કાચું, પૃ. ૮૮, રૂ. ૨.)

જોએલું અને જાણેલું : 'અખંડ આનંદ' માસિકમાં એ શીર્ષકથી વિવિધ લેખકો દ્વારા રજૂ થતા પ્રેરણાદાયી જીવનપ્રસંગોનો આ સંચય નિરાશામય જીવનમાં આશાનું તેજ પ્રકટાવી પ્રગતિને પંથે દોરી જાય તેવો હોઈ આવકાર્ય છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૩ ૫૦.)

રુચિરા રામાયણ : સામાન્ય જનોને મહાકાવ્ય રામાયણનો સંપૂર્ણ સાર સામાન્ય ભાષાશૈલીમાં અને ગેયતાભર્યા છંદમાં મળી રહે એ ઉદ્દેશથી મૂળ ૫૦૦ લીટીમાં લખાએલા અને પછીથી ૨૦૦૦ લીટીમાં વિસ્તારેલા જગજીવનદાસ મોદીના કાવ્યની આ છે બીજી આવૃત્તિ, જેનું સંપાદન તેમના પુત્ર જગમોહનદાસે કર્યું છે. (કાચું પૂઠું, પૃ. ૮૩, રૂ. ૩-૫૦.)

ગ્રંથાલય વ્યવસ્થા અને સંચાલન : શિક્ષણના વિકાસ અને વિસ્તાર સાથે ગ્રંથાલયપ્રવૃત્તિ અને અભ્યાસક્રમો પણ વિકસ્યાં-વિસ્તર્યાં છે ત્યારે શ્રી છગનલાલ ભૈયાએ તૈયાર કરેલો આ ગ્રંથ ગ્રંથપાલો ને ગ્રંથાલય-શિક્ષણનાં અભ્યાસીઓને ઉપયોગી પુરવાર થશે. (પ્રકા. સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨; પાકું પૂઠું, પૃ. ૧૯૮, રૂ. ૩૦, વિદ્યાર્થી આવૃત્તિની કિં. રૂ. ૨૦.)


અટંકી ઈશ્વરભાઈ : સૂરત જિલ્લાના સામાજિક કાર્યકર અને જાણીતા પત્રકાર સ્વ. ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈની ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે રચાએલી સન્માન સમિતિએ પ્રકટ કરેલા આ પુસ્તકમાં શ્રી ઈશ્વરભાઈ દેસાઈની પ્રેરણાદાયી જીવનઝલક આપી છે શ્રી હરેન્દ્ર હ. શુક્લે. આ ઉપરાંત ચરિત્રનાયકનાં જીવનસ્મરણોને સાંકળી લઈ તેમનાં કાર્યોનાં વિવિધ પાસાંને મૂલવતા અન્ય લેખોના લેખકો છે સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, યશવન્ત શુક્લ, ભગવતીકુમાર શર્મા, રામનારાયણ ના. પાઠક, જુગતરામ દવે, હકૂમતરામ દેસાઈ, ગની દહીંવાળા વગેરે. (પ્રાપ્તિસ્થાન : કાનજીભાઈ દેસાઈ, સમાજશિક્ષણ ભવન, ચોકબજાર, સૂરત-૩૯૫-૦૦૩; પાકું પૂઠું, પૃ. ૧૨૮, કિં. જણાવી નથી.)

ડાયાબિટિસ : ડૉ. એસ. એસ. વરતેજીએ ડાયાબિટિસની ઉત્પત્તિ ને ઉપચાર વિષે સામાન્ય જનને સમજાય તેવી શૈલીમાં લખેલી આ માહિતી-પુસ્તિકાની બીજી આવૃત્તિ છે. (પ્રા. સ્થા. લેખક પોતે, વરતેજી ક્લિનિક, કાળા નાળા, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ૬૩, રૂ. ૩.)

શતરંજ : કૉમ્બિનેશન્સ . . . . સુરેશ મોદી

સ્ટેનિટ્ઝે ૧૮૯૪માં વિશ્વવિજેતા પદ ગુમાવ્યું તે પછીના વર્ષની એક ટૂર્નામેન્ટમાં રમાએલું કૉમ્બિનેશન આ વખતે આપણે જોઇશું.

Bardeleben



Steinitz

1 Q-N4.

2 Q×NPch, K-K1; 3Q-B8 મ્હાતની ધમકી છે. તે સામે 1..., R-KN1 પછી સફેદ 2 N-N5ch, K-K1 (નહિ તો કાળો વજીર ગુમાવે.); 3 Q-R5ch, P-N3; 4Q×RP, R-KB1; 5N-K6, R-KN1 (5..., R-B2 પછી 6 Q-R8થી સફેદ જીતે છે); 6 N-B5! અને કાળો 7 Q×R ચાલીને મ્હાતની ધમકીથી બચે તોયે વજીર તો ગુમાવે જ માટે—

1..., P-KN3; 2 N-N5ch, K-K1; 3 N×Rch, K-B1.

અહીં કાળો સફેદ હાથીને મારે તો જલ્દી હારે છે. દા. ત. 3 ..., Q×R; 4 R×Rch, R×R; 5 Q×Rch, Q-Q1; 6 Q×Qch, K×Q ને સફેદ પાસે ઘોડો વધુ હોવાથી જીતે છે. અથવા 3..., K×R; 4 R-K1ch, K-Q3 (4..., K-Q1; 5 N-K6ch, K-K2; 6 N-B5ds.ch અને 7 N×Q); 5 Q-N4ch, K-B2; 6 N-K6ch, K-N1; 7 Q-B4ch, R-B2; 8 N×R, Q×R; 9 R-K8 mate.

આ સ્થિતિમાં કાળાની ચાલ હોય તો સફેદના ચારમાંનું કોઈ પણ મહોરું મારી શકે તેમ છે અને તેમાંથી એક પણ મહોરાને કોઇનો બચાવ નથી, અને તેમાં યે R×Rથી તરત મ્હાત પણ થાય તેમ છે. તેમ છતાં સફેદ બહુ જ આકર્ષક રીતે જીતે છે.

4 R-B7ch, K-N1;

ઉપર જણાવેલા કારણે કાળો વજીર હાથીને મારી શકતો નથી; વળી, 4..., K-K1 પછી 5 Q×Q મ્હાત થાય છે.

5 R-N7ch, K-R1;

હજી પણ કાળો વજીર હાથીને મારી શકતો નથી. વળી, 5..., K×R પછી 6 Q×Qch-થી સફેદ સહેલાઈથી જીતે છે ને 5..., K-B1, પછી 6 N-R7ch, ને હવે 6..., K×R; 7 Q×Qch અથવા 6..., K-K1; 7 Q×Q મ્હાત.

6 R×RPch.

અને સ્ટેનિટ્ઝે ૧૦ ચાલમાં મ્હાતની ઘોષણા કરી ને 6..., K-N1; 7 R-N7ch, K-R1; 8 Q-R4ch, K×R; 9 Q-R7ch, K-B1; 10 Q-R8ch, K-K2; 11 Q-N7ch, K-K1 (11..., K-Q1; પછી મ્હાત બે ચાલ વહેલી થાય છે.) 12 Q-N8ch, K-K2; 13 Q-B7ch, K-Q1; 14 Q-B8ch, Q-K1; 15 N-B7ch, K-Q2; 16 Q-Q6 mate. માટે—

6..., Resigns.

હાથીનો K7, KB7, KN7, KR7 અને ફરી KN7 પર ઉપરાઉપર અસ્વીકાર્ય ભોગ આપી અને છેવટે તે ભોગ સ્વીકારવા ફરજ પાડીને સ્ટેનિટ્ઝે ઘણા જ વિકલ્પોવાળું બહુ જ સુંદર કૉમ્બિનેશન સર્જ્યું છે. વળી, અંતે આવતી મ્હાતની સ્થિતિ પણ બહુ જ સુંદર છે. આથી જ સ્ટેનિટ્ઝે સર્જેલાં અનેક Combinationsમાં આ સૌથી યાદગાર ને 'અમર' ગણાય છે.

આવકાર

આર. આર. શેઠની કંપની

અમદાવાદ-૧ અને મુંબઈ-૨

શકુંતલા : (પુનર્મુદ્રણ) લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૩૦૦, પાકું પૂઠું, રૂ. ૧૯-૨૫.

ગ્રામલક્ષ્મી : (પુનર્મુદ્રણ) લે. ર. વ. દેસાઈ. પૃ. ૨૭૫, પાકું પૂઠું, રૂ. ૧૮.

ગજગ્રાહ : (પુનર્મુદ્રણ) લે. વિઠ્ઠલ પંડ્યા. પૃ. ૩૭૪, પાકું પૂઠું, રૂ. ૨૪.

વિલાસવહુ : (પુનર્મુદ્રણ) લે. સારંગ બારોટ. પૃ. ૩૨૦, પાકું પૂઠું, રૂ. ૨૦.

મારી હૈયાસગડી : (પુનર્મુદ્રણ) લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૩૭૬, પાકું પૂઠું, રૂ. ૨૪.

મૃત્યુમરી ગયું : લે. ઉષા શેઠ. પૃ. ૧૯૮, પાકું પૂઠું, રૂ. ૧૩.

એ : લે. વર્ષા અડાલજા. પૃ. ૧૯૦, પાકું પૂઠું, રૂ. ૧૨–૫૦.

સ્વપ્નતીર્થ : લે. રાધેશ્યામ શર્મા. પૃ. ૧૭૪, પાકું પૂઠું, રૂ. ૧૦.

આમોદ : લે. સુંદરજી બેટાઈ. પૃ. ૧૮૭, પાકું પૂઠું, રૂ. ૧૫.

ચાલો પ્રવાસમાં : (૧ થી ૮) (પુનર્મુદ્રણ) લે. ગીજુભાઈ અને તારાબેન. કાચું પૂઠું, સેટના રૂ. ૧૦.

મનમોહક ગ્રંથમાળા : (૧ થી ૮) લે. હરીશ નાયક. કાચું પૂઠું, સેટના રૂ. ૧૨.

લોકપ્રિય પ્રકાશન

મુંબાઈ-૨ અને અમદાવાદ-૧

ખાલીપો : લે. આબિદ સુરતી. પૃ. ૨૦૪, પાકું પૂઠું, રૂ. ૧૩.

આંખમાં ઊગ્યાં ફૂલ : લે. પ્રીતમલાલ કવિ. પૃ. ૩૦૮, પાકું પૂઠું, રૂ. ૨૨.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રોડ અમદાવાદ-૧

અહમનો અંધકાર : લે. બબાભાઈ પટેલ. પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૮.

ડૉ. વિક્રમ સારાભાઈ : લે. ડૉ. ઉષા જોષી. પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૭.

પુત્રજન્મ : (પુનર્મુદ્રણ) લે. ગુણવંતરાય આચાર્ય. પૃ. ૩૩૯, પાકું પૂઠું, રૂ. ૨૨–૫૦.

અજીતા : (પુનર્મુદ્રણ) લે. ધૂમકેતુ. પૃ. ૩૩૯, પાકું પૂઠું, રૂ. ૨૧–૫૦.

આયુ પ્રકાશન

સલાપસ રોડ અમદાવાદ-૧

આપણાં ઈમરજન્સી ઔષધો : લે. શોભન. પૃ. ૨૪૦, કાચું પૂઠું, રૂ. ૮.

આહાર : લે. શોભન. પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૫–૫૦.

રોજિંદો આયુર્વેદ : લે. શોભન. પૃ. ૨૨૪, કાચું પૂઠું, રૂ. ૭–૫૦.

અન્ય પ્રકાશકોનાં

રંગભર્યાં સ્વપ્નાં : લે. રામજીભાઈ કડિયા. પ્ર૦ કુમકુમ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ, પૃ. ૧૭૬, પાકું પૂઠું, રૂ. ૯–૫૦.

મૂલ્યાંકનો : લે. ઉશનસ્. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨૮, પાકું પૂઠું, રૂ. ૨૫.

અંતરનાં ઝરણાં ભાગ ૪ : લે. વત્સલ વસાણી. પ્ર૦ અભિરુચિ પ્રકાશન, આકાશવાણી પાસે, અમદાવાદ-૧૪. પૃ. ૧૭૧, પાકું પૂઠું, રૂ. ૧૭.

અંતરનાં ઝરણાં ભાગ ૫ : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૧૭.

હીરાને વધુ પત્રો : લે. હસમુખ પારેખ. પ્ર૦ વોરા ઍન્ડ કંપની, મુંબઈ-૨, પૃ. ૯૯, પાકું પૂઠું, રૂ. ૧૦.

હાસ્યતરંગ : લે. મુકુન્દ પી. શાહ. પ્ર૦ કુસુમ પ્રકાશન, નારાયણ નગર, અમદાવાદ ૭. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૨–૫૦.

ઉપદ્રવ ભાગ ૨ : લે. નાથાલાલ દવે. પ્ર૦ સાધનાપથ પ્રકાશન, કૃષ્ણનગર, ભાવનગર ૧. પૃ. ૮૮, કાચું પૂઠું, રૂ. ૬.

છંદપ્રવેશ : લે. પૂજાલાલ. પ્ર૦ શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી. પૃ. ૧૯૧, કાચું, રૂ. ૧૦.

વીસમી સદીનો સમાજવાદ : લે. બદરીપ્રસાદ ભટ્ટ. પ્ર૦ ભાષાન્તરનિધિ, બલવંત માર્ગ, ભાવનગર ૧. પૃ. ૧૯૦, કાચું, રૂ. ૯.

આઈન્સ્ટાઇનનું અર્પણ : (પ. પુ. ૪૯૧) લે. રોહિત દવે. પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

દમમાં હોમિયોપેથિક : (પ. પુ. ૪૯૨) લે. સરોષ ૨. વાડિયા. પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

ભગ્નમૂર્તિ : અનુ. વસંત જોષી. પ્ર૦ સાહિત્ય અકાદમી, નવી દિલ્હી. પૃ. ૮૩, કાચું પૂઠું, રૂ. ૫.

માતૃવાણી–અષાઢ માસ નવરાત્ર અંક. પ્ર૦ ભુવનેશ્વરી પ્રકાશન, ગોંડલ. પૃ. ૭૬, કાચું પૂઠું, કિંમત નથી.

માતૃવાણી–ચૈત્ર માસ નવરાત્ર અંક : પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૭૮, કાચું, કિં. નથી.

ભૂવનેશ્વરી પંચાંગ : પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૭૬, કાચું પૂઠું, રૂ. ૫–૫૦.

વેદના : લે. દિનકર શાહ ('જય'). પ્ર૦ પોતે જ, લલ્લુભાઈની પોળ, શાહપુર, અમદાવાદ-૧. પૃ. ૪૪૫, પાકું પૂઠું, રૂ. ૨૬.

ગૃહઉપયોગી બાયોકેમિક ઉપચાર : લે. મણિલાલ શાહ. પ્ર૦ જીવનોપયોગી દિવ્ય કલા આરોગ્ય પ્રકાશન, અમદાવાદ-૮. પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ. ૭.

ફૂલ, તારા અને ઝરણાં : લે. ભાનુભાઈ પંડ્યા. પ્ર૦ ભાનુમતી પંડ્યા, બ્લૉક ઘ ૧૭-૧, ગાંધીનગર. પૃ. ૪૬, કાચું પૂઠું, રૂ. ૪.

ભારતનાં વાદ્યો-૮


સુષિર-વાદ્યો

આ અગાઉ આપણે કેટલાંક મુખ્ય મુખ્ય તતવાદ્યો જોયાં. એ ઉપરાંત પણ બીજાં વાદ્યો છે, પરંતુ સૈદ્ધાંતિક રીતે તેમાં ખાસ કંઈ તફાવત નથી. પ્રાદેશિક પ્રભાવ તળે તેના કદ-આકારમાં સારી એવી ભિન્નતા જોવા મળે છે. આ ઉપરાંત, લોકવાદ્યો રૂપે પણ તતવાદ્યોમાં બહોળું વૈવિધ્ય જોવા મળે છે.

તતવાદ્યો પછી બીજો પ્રકાર છે સુષિરવાદ્યોનો, જેમાં કૃષ્ણની બંસરી કે વેણુ તેની અગ્રગણ્ય પ્રતિનિધિ ગણી શકાય. આદિ વાદ્યોમાંની એ એક છે. ખાસ ચૂંટેલા પોલા વાંસમાં વેહ પાડીને બનાવાતું આ સરળ વાદ્ય તેના સુરની ગાંભીર્યભરી મધુરતાને કારણે ઘણું લોકપ્રિય છે. સમાસમાના રાગથી માંડી હળવા સંગીત સુધીની કોઈ પણ પ્રકારની રજૂઆતમાં આ વાદ્ય અનેરું છે. સ્વ. પન્નાલાલ ઘોષે પોતાના બંસીવાદનથી આ વાદ્યને અનેરું ગૌરવ અપાવ્યું છે. ધાતુની બંસી પણ બને છે.

પાવો એ કદાચ એનું લોકસ્વરૂપ છે. કોઈ પણ જાતની પદ્ધતિસરની તાલીમ વિના માત્ર મહાવરાથી ગ્રામજનો એના વાદનમાં અજબ મધુરતા પ્રકટાવી શકે તેવી સરળતાને કારણે લોકસમૂહોમાં એ પ્રિય છે. સુષિરવાદ્યોનો બીજો એક પ્રકાર છે જીભ કે જીભી ભેરવીને ફૂંકીને વગાડાતાં વાદ્યોનો, જેમાં શરણાઈ (શહનાઈ) મુખ્ય છે. ભારતીય લોકજીવનમાં લગભગ બધા જ મંગલ સમારંભોમાં શરણાઈનું વાદન શુભ મનાય છે. આમ તો એની ગણનાયે લોકવાદ્યોમાં થાય છે. પણ બિસ્મિલ્લાખાને પોતાના શહણાઈવાદનથી એને દેશભરમાં પ્રતિષ્ઠા આપી છે. દક્ષિણ ભારતમાં નાગસ્વરમ્ ઓટ્ટ, મુખવીણા વગેરે પણ આ પ્રકારનાં જ વાદ્યો છે.

ધાતુ અને વાંસ કે કાષ્ઠ ઉપરાંત શીંગડાં વગેરેનો ઉપયોગ પણ સુષિરવાદ્યો બનાવવામાં થાય છે, જે બહુધા લોકવાદ્યોમાં વિશેષ જોવા મળે છે. શંખ પણ સુષિરવાદ્ય ગણાય છે.



ઉપર શરણાઈ અને નીચે બંસી



યુવાન! જગની કદી ન ધરતો હૃદે બીક તું!
ભલે પતિત પાતકી કંહી કહી તને ચાસતું.
કદાચ સઘળાં હતી અલગ એકલો રાખતાં,
રહી અડગ, આચરે હૃદયને ધ્વનિ પારખી.

('કોડિયાં'માંથી) —કૃષ્ણલાલ શ્રીધરાણી

નિર્વાણ પંથના પ્રવર્તક કુમારજીવ

ઈસ્વી સનની ચોથી સદીમાં મધ્ય એશિયામાં ચીનાઈ તુર્કસ્તાનની ઉત્તરે ભરુક (અકસુ), અગ્નિદેશ, તુરફાન તથા કુચા નામનાં ચાર અગ્રગણ્ય રાજ્યો હતાં. આમાં તકલામાકનની મરુભૂમિની વાયવ્યે કાશગર અને તુરફાનની વચ્ચે કુચા નદીના કિનારે વસેલા એ જ નામના નગરનું રાજ્ય વિશેષ શક્તિશાળી ને સમૃદ્ધ હતું. રાજા પીશનનું ત્યાં શાસન ચાલતું. ઈસુની પહેલી સદીથી અહીં પ્રસાર પામેલો બૌદ્ધ ધર્મ ત્રીજી સદીના અંત સુધીમાં તો પ્રબળ બની જતાં કુચામાં સંખ્યાબંધ બૌદ્ધ ધર્મસ્થાનકો, મઠો અને વિદ્યાકેન્દ્રો વિકાસ પામ્યાં હતાં. ચીન અને પશ્ચિમના દેશોને જોડતા મહામાર્ગ પર હોવાને કારણે કુચામાંથી પૂર્વમાં દૂરદૂર સુધી બૌદ્ધધર્મ પ્રસાર પામ્યો હતો.

એ અરસામાં તત્કાલીન પંજાબના એક રાજ્યના મંત્રીકુળમાં જન્મેલા અને એથી સ્વાભાવિકપણે મળતા મંત્રીપદનો લાભ ત્યજી બૌદ્ધ બની વિદેશની યાત્રાએ નીકળેલા કુમારાયણ નામના એક વિદ્વાન અને પ્રતિભાશાળી ભિક્ષુ કુચા આવ્યા. રાજા પીશને એમનો સત્કાર કર્યો અને એમની વિદ્વત્તા જોઈ એમને રાજગુરુપદે સ્થાપી રાજઆવાસના વિસ્તારમાં એમના વસવાટની વ્યવસ્થા કરી. રાજાની બહેન જીવા આ કુમારાયણથી પ્રભાવિત થઈ એના પ્રેમમાં પડી અને પરિણામે રાજાની ઇચ્છા પ્રમાણે કુમારાયણને તેની સાથે પરણવું પડ્યું. તેમને ઈ. ૩૪૪માં એક પુત્ર થયો. પિતા અને માતાના નામ પરથી તેનું નામ કુમારજીવ રાખ્યું. સાતેક વર્ષની વયે પહોંચતાં સુધીમાં તો કુમારજીવ ધર્મગ્રંથોના પાઠ કરતો થઈ ગયો. જીવાએ બૌદ્ધ ભિક્ષુણી બનવાની દીક્ષા લીધી અને પુત્ર અભ્યાસારંભની વયે પહોંચ્યો હોઈ તેને ઉત્તમ શિક્ષણ મળે એ સારુ પામીરની પહાડીઓ પાર કરી એ નવ વર્ષના કુમારજીવને લઇને કાશ્મીર આવી. કાશ્મીરમાં ત્યારે બૌદ્ધ સંઘો સ્થપાયાં હતાં. તક્ષશિલાની વિદ્યાપીઠ માટે જાણે કે ઉત્તમ ભૂમિકા તૈયાર થઈ રહી હતી. આચાર્ય બંધુદત્તનું નામ ચોપાસ પ્રસિદ્ધ હતું. જીવાએ પુત્રને શિક્ષણાર્થે એમની પાસે મૂક્યો. કુમારજીવની તેજસ્વી બુદ્ધિમત્તાથી પ્રસન્ન બંધુદત્તે એને સંસ્કૃત વ્યાકરણ તથા બૌદ્ધ ધર્મ ને તેના સાહિત્યનો પ્રારંભિક અભ્યાસ કરાવવા સાથે સર્વાસ્તિવાદનો પરિચય કરાવ્યો.

વતન પાછા ફર્યા બાદ વીસ વર્ષની યુવાન વયે કુમારજીવે વિધિવત્ ભિક્ષુસંઘની દીક્ષા લીધી અને પછી ધર્મપ્રચારાર્થે તુર્કસ્તાન, કાશગર, યારકંદ, ખોતાન વગેરે પ્રદેશોમાં ઘૂમવા લાગ્યા ને બૌદ્ધ સાધુ તરીકે ઘણી ખ્યાતિ મેળવી. કાશગરમાં મહાયાની ભિખ્ખુ સૂર્યસોમ સાથે એમનો મિલાપ થયો. સૂર્યસોમ બૌદ્ધ માધ્યમિક શાસ્ત્રના પ્રખર જ્ઞાતા હતા. તેમની પાસેથી કુમારજીવ મહાયાન પંથનું તલસ્પર્શી જ્ઞાન પામ્યા. મહાયાન ગ્રંથોના અનુશીલનથી એમના પર એ પંથનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. હીનયાન પંથનો પરિચય કરાવતા ગુરુ બંધુદત્તને પણ એમણે કાશ્મીરથી પોતાની પાસે બોલાવ્યા અને તેમને પણ એમણે મહાયાન પંથનાં ગૂઢ ગંભીર તત્ત્વો સમજાવ્યાં.

એમના પાંડિત્યની ખ્યાતિ હવે ચોમેર પ્રસરી ગઈ હતી. દૂરદૂરથી ધર્મપિપાસુઓ એમની પાસે ધર્મજ્ઞાન પામવા આવતા. કુચાના સૌથી મોટા સંઘારામ ત્સિઓ-લીમાં તે ધર્મસૂત્રોનો પાઠ કરતા ને લોકોને તેના અર્થ સમજાવતા. કુચા બૌદ્ધ ધર્મપ્રસારનું એક મોટું કેન્દ્ર બની ગયું.

એ અરસામાં વિમલાક્ષ નામના એક બૌદ્ધ શ્રમણ કાશ્મીરથી મધ્ય એશિયાના માર્ગે ચીન જવા નીકળેલા. કુમારજીવની ખ્યાતિ સાંભળી તેઓ એમને મળવા આવ્યા. કુમારજીવે વિહારમાં

એમનું ભાવભીનું સ્વાગત કર્યું. એમની પાસેથી કુમારજીવે સર્વાસ્તિવાદી વિનય સંબંધી ઊંડું જ્ઞાન પણ મેળવ્યું. આગળ જતાં ચીનમાં કુમારજીવે ઉપાડેલા ભગીરથ અનુવાદકાર્યમાં આ શ્રમણ વિમલાક્ષે એમને ઉમંગ અને નિષ્ઠાપૂર્વક સાથ આપ્યો હતો.

કુમારજીવનું નામ હવે તો છેક ચીન સુધી વિખ્યાત થઈ ગયું હતું. ત્યાંના ત્સિનવંશી રાજા ફૂ ચીએને તેમને રાજધાની ચાંગાનમાં લઈ જવા પ્રયાસ કર્યો. કૂચા પર ચડાઈ કરવા મોકલેલા પોતાના સેનાપતિ લુ-કુઆંગને એણે એ માટે ખાસ સૂચના આપેલી. લુ કુઆંગે કૂચા સર કર્યું ને કુમારજીવને પણ હાથ કર્યા. પણ તે એમને ચાંગાન ન મોકલતાં કાન્સુમાં સ્થાપેલા પોતાના સ્વતંત્ર શાસનમાં ઉપાડી ગયો. ને એમને નજરકેદમાં રાખ્યા. લિયાંગ ચાઉ (કાન્સૂ)ના સત્તર વર્ષના એ રોકાણમાં કુમારજીવે ચીન પર સારું પ્રભુત્વ મેળવી લીધું અને સંસ્કૃતમાં લખાએલા બૌદ્ધ ગ્રંથોનાં ભાષાંતર પણ કરવા માંડેલાં.

ઈ.૩૮૫માં ચાંગાનમાં શાસન બદલાયું. ગાદીએ આવેલો પાઓ હિન બૌદ્ધ ધર્મમાં અત્યંત શ્રદ્ધા ધરાવતો હતો અને હજારો ભિક્ષુઓને પોષતો હતો. એણે લિયાંગ ચાઉ કબજે કર્યું અને ઈ. ૪૦૧માં કુમારજીવને ચાંગાનમાં લાવીને અત્યંત માનપૂર્વક રાખ્યા. વસવાટ માટે એણે કુમારજીવને પોતાનો એક રાજઉદ્યાન દાનમાં આપ્યો અને સંસ્કૃત બૌદ્ધગ્રંથો ને ચીની ભાષામાં ઉતારવા માટે જરૂરી બધી જ સહાય આપવા સાથે શુમારે ૮૦૦ જેટલા વિદ્વાન ભિખ્ખુઓ પણ આપ્યા. અગાઉ પણ આવાં ભાષાંતરોનું કામ તો થએલું પણ સંસ્કૃતના પૂરતા જ્ઞાનના અભાવે ચીની પંડિતો અને ચીની ભાષાના અપૂરતા જ્ઞાનના કારણે સંસ્કૃત જાણનારાઓ દ્વારા થએલાં એ ભાષાન્તરો ક્ષતિપૂર્ણ હતાં. કુમારજીવને આ બંને ભાષાઓનું પૂરતું જ્ઞાન હતું. વળી ભાષાંતરો માટે એમણે જુદી જ રીત પ્રયોજી હતી. પ્રથમ તેઓ મૂળ સંસ્કૃત પાઠ વાંચી સંભળાવતા, એનો યોગ્ય અર્થ સમજાવતા, તેના પર ચર્ચા થતી અને ચીની ભિખ્ખુઓ એનો અર્થ ગ્રહણ કરી ચીનીમાં ભાષાંતર કરતા. કુમારજીવ તેમાં યોગ્ય સુધારા દર્શાવતા અને પછી તે ભાષાંતર ભિક્ષુસંઘને સંભળાવી એમનું અનુમોદન લીધા પછી જ તેને લેખબદ્ધ કરવામાં આવતું. આમ એ અનુવાદો શબ્દાનુવાદ નહિ પણ ભાવાનુવાદ સમાં થયાં. મૂળ અર્થને બરાબર સાચવીને સરળ સુબોધ રીતે થએલા એ અનુવાદોમાં ચીની ભાષાને અનુરૂપ એવી સાહિત્યશૈલી પણ સચવાતી. રાજાને પણ આ કાર્યમાં ઊંડો રસ તથા સંસ્કૃતનું પણ જ્ઞાન હોઈ ઘણી વાર એ જાતે પણ તેમાં ભાગ લેતો. આ રીતે કુમારજીવે તૈયાર કરેલા ચીની ગ્રંથો આજે યે પ્રામાણિત લેખાય છે. આ રીતે લગભગ ત્રણસો ઉપરાંત જેટલા સંસ્કૃત બૌદ્ધ ગ્રંથો ચીની ભાષામાં અનુવાદિત થયા હતા. આમાંથી સુખાવતી વ્યૂહ, સદ્ધર્મપુંડરિક, સર્વાસ્તિવાદ પ્રતિમોક્ષ, સૂત્રાલંકાર, બ્રહ્મજાલ સૂત્ર, અમિતાયુર્વ્યૂહ, દશભૂમિ સૂત્ર, ભદ્રકલ્પસૂત્ર, દશભૂમિવિભાષા શાસ્ત્ર, મહાપ્રજ્ઞાપારમિતા સૂત્ર ઈત્યાદિ ગ્રંથો સુખ્યાત છે. નાગાર્જુન, આર્યદેવ, વસુબંધુ વગેરેના ચરિત્રલેખો લખી કુમારદેવે પોતાના પુરોગામી મહાન બૌદ્ધ આચાર્યોની કીર્તિ ચીનમાં ચિરસ્થાયી કરી. વજ્રચ્છેદિકા વિમલકીર્તિ નિર્દેશસૂત્ર તથા લાઓત્સે પરનાં ટિપ્પણો પણ એમણે લખેલાં. સમ્રાટ પાઓ હિન પાસે રહી માત્ર બાર જ વર્ષમાં કુમારજીવે પ્રાપ્ત કરેલી આ ભગીરથ કાર્યસિદ્ધિ પાછળ એમની અપૂર્વ ધર્મનિષ્ઠા, અગાધ પાંડિત્ય, પ્રચંડ પુરુષાર્થ અને વિલક્ષણ પ્રતિભા પણ કારણભૂત હતાં. બાર વર્ષના એ તપમાં એમણે ચીનમાં ધાર્મિક નવજીવનનો સંચાર કર્યો. આરંભમાં હીનયાન પંથનું શિક્ષણ લીધા બાદ મહાયાન પંથથી પ્રભાવિત થઈ તેમાં શ્રદ્ધાન્વિત થએલા કુમારજીવનું ઈ. ૪૧૩માં ચીનમાં જ અવસાન થયું. ઈ. ૫૧૬ના અરસામાં 'કાઓ સેંગ ચંગ' નામના એક ચીની ગ્રંથમાં એમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર લખાએલું છે.

મનાય છે કે પિતાની પેઠે એમને પણ ભિક્ષુ હોવા છતાં સંસારમાં પડવું પડ્યું હતું. એમની અગાધ વિદ્વત્તા ને વિલક્ષણ પ્રતિભાની પરંપરા ચીનમાં હમેશાં જળવાઈ રહે તે માટે સમ્રાટ પાઓ હિને એમના માટે કેટલીક કન્યાઓનો પ્રબંધ કર્યો હતો અને અનિચ્છાએ કુમારજીવે રાજાની ઇચ્છાને માન આપવું પડ્યું હતું. આથી બ્રહ્મચર્યના એ વ્રતધારીનો તો આત્મા સદા એને ડંખતો રહેલો. અને કદાચ એથી જ એમણે અવારનવાર પોતાનાં વ્યાખ્યાનોમાં કહ્યું છે કે, '...મારા જીવનનું નહિ, પણ મારા કાર્યોનું મહત્ત્વ સમજી તેનું અનુસરણ કરજો, કારણ મારું જીવન એ આદર્શ નથી. કાદવમાંથી પ્રકટતા કમળની પૂજા કરજો, કાદવની નહિ'.

—શાંતિ આંકડિયાકર

સત્યાગ્રહની સ્મશાન છાવણી

ત્યારે રાણપુરમાં ત્રણ વસ્તુ જોવા જેવી હતી. એક તો રાણજી ગોહિલનો કિલ્લો, બીજું સૌરાષ્ટ્રનાં દેશી રજવાડાંમાં ચેતનની ચીનગારી પ્રકટાવનાર 'સૌરાષ્ટ્ર' કાર્યાલય અને ત્રીજી સત્યાગ્રહની અણનમ લડત આપનાર સત્યાગ્રહી સૈનિકોની સ્મશાન-છાવણી. ૧૯૩૦ના સત્યાગ્રહની પ્રચંડ લડતો આપનાર ધોલેરા સત્યાગ્રહ સંગ્રામને ધંધુકા તાલુકામાં ચાર છાવણી હતી. એક ધોલેરામાં, બીજી ધંધુકામાં, ત્રીજી ઘેલાશાના બરવાળામાં અને ચોથી રાણપુરમાં. આ ચારેય છાવણીના અમે સૈનિકો કાર્યક્રમ મુજબ ચારેય છાવણીમાં ફરતા રહેતા. હું જ્યારની વાત કરું છું ત્યારે ચારેય છાવણીમાં થઇને ૧૨૫થી ૧૫૦ સૈનિકો હશે.

ગામમાં જે મકાનોમાં છાવણી ખોલીએ તે મકાન સરકાર જપ્ત કરવા માંડે. ગામ મૂંઝવણમાં મુકાઈ ગયું અને અમે ગોમા નદીના કાંઠે આવેલી સ્મશાન છાપરીમાં છાવણી ફેરવી. દીવાલ ભરાય એવડા ડામરના અક્ષરે રતુભાઈ અદાણીએ એના માથે 'સત્યાગ્રહ છાવણી' આલેખ્યું. એને જપ્ત કરવા બારણાં જ નહિ ! પોલીસ બિસાડે તો રાતભર ઠરવાનું ને ઠાંગરવાનું રહે. વળી વાસણ જપ્ત કરી જતા તેથી કુંભારના ઘરનાં હાંડલાં ને મળી જાય તો ટીનના ડબા માગી આવીએ. અનાજ ને સરસામાન જપ્ત કરી જાય તેથી રાંધવાનું જ માંડી વાળ્યું ને વારાફરતી શેરીઓમાં ભિક્ષા માગીને ખાવાનું શરૂ કર્યું. જે કાંઈ મળે તે એક જ વાસણમાં લઈએ. એક ભરાઈ જાય ત્યારે બીજું લઇએ. પડખેની વાડીવાળા પાસેથી મળે તો થાળીઓ માગી આવીએ. પછી એક એક થાળી કે હાંડલામાં જેટલા સમાય એટલા જુદાજુદા ઘેરામાં જમવા બિસી જઇએ.

બિસ્રા જપ્ત કરી જાય એથી સાધુ-ફકીરને દાનમાં આપે તેવા કીટીના હલકા ધાબળા રાખતા, એનાથી ટાઢ ન ઊડે ત્યારે નદીના વેકરામાં શરીરના માપના લાંબા ખાડા ખોદી, અંદર ડીલ લંબાવી માથે બે હાથે વેકરો વાળી દઇને મોઢા માથે ટુવાલ ઢાંકી સૂઈ જતા. પણ સ્મશાનમાં કોઈ મડદાં બાળીને ચેહ ધખતી મૂકી જાય તો એનો તાપ લાગે એટલા આઘા સૂઈ રહેતા. ક્યારેક ફોસ્ફરસના ભડકા પણ થાય ને હાડકાં ફૂટે એની ફટાફટી પણ બોલે. અમે ગામડાંના કાર્યક્રમો પતાવી વહેલામોડા આવીએ ને વહેલી સવારે ચાર વાગ્યે ઊઠીએ ત્યારે આમ અમારી નીંદ આરામદાયી બની રહેતી. એમાં ય ક્યારેક ચોર આવી જતા ને અસાવધ રહીએ તો દોરી માથે સુકાતી અમારી લંગોટી પણ ઊપડી જતી. તેથી વારાફરતી ચોકીઓ ને પહેરા ગોઠવતા.

સવારે ચાર વાગે સ્વરાજનાં સૂત્રો બોલી સૌને ઉઠાડતા. બ્યુગલ હોય ત્યાં વગાડતા, નહિ તો થાળી પીટતા. પ્રાતઃવિધિ પતાવીને ત્રિરંગો ઝંડો લઈ પ્રભાતફેરીમાં નીકળી ગલીએ ગલી રાષ્ટ્રગીતો ને પ્રાતઃગાનથી ગજાવતા અને બજારના ચોકમાં ઝંડો રોપી એનું વિધિસર વંદન કરી સભા ભરતા અને સભા પૂરી થયે સ્મશાન છાવણીએ પાછા ફરતા. એ પછી સત્યાગ્રહના જે કોઈ કાર્યક્રમો નક્કી થયા હોય તે મુજબ ગામમાં કે આસપાસનાં ગામડાંઓમાં જતા. દારૂની દુકાને પિકેટિંગ કરતા.

મીઠાના કાયદાનો ભંગ કરીને સત્યાગ્રહ કરતા. પોલીસ અમને પકડીને ૨૪ કલાક ને ક્યારેક ત્રણ ત્રણ દિવસ કસ્ટડીમાં ગોંધી રાખતા, અથવા રાત પડ્યે સીમ જંગલમાં છોડી જતા. એક વાર ધંધુકાની પોલીસ-કસ્ટડીમાં અમને દોઢ મહિના સુધી ગોંધી રાખેલા ને સારી પેઠે પીટતા રહેતા. સવારની પ્રભાતફેરી જેમ રાતે ગામમાં અચૂક સભા કરી રાષ્ટ્રગીતો ગાઈ, અંગ્રેજી સલ્તનતને ઉખેડી નાખવાનાં લસલસતાં ભાષણો કરતા ને વંદેમાતરમ્‌ના ગાન સાથે તે દિવસનું અમારું કાર્ય પૂરું થતું.

પકડાઇને જેલ જવાની પાર વગરની અમારી મથામણ વ્યર્થ નીવડી. દિવસે સત્યાગ્રહના વિવિધ કાર્યક્રમો અંગે પોલીસો સાથે દોડાદોડી કરવી, સંતાકૂકડી રમી પોલીસને થકવવા, માગી ખાવું અને મસાણે સૂવું. રાષ્ટ્રગીતો ગાવાં ને તે છતાં શક્તિ હાથમાં ન રહે ત્યારે સ્મશાનછાવણી પાસેના કૂવાના થાળા પરથી ઊછળી ઊછળીને ઠેકડા મારવાથી અમે કંટાળ્યા ને કશોક ઉગ્ર કાર્યક્રમ આપી પકડાવાની પેરવી ઘડી.

('ઊર્મિ' : ઈશ્વરલાલ દવે સ્મરણાંક) —જયમલ્લ પરમાર

અર્ધો આયુર્વેદ રસોડામાં

'અખંડ આનંદ'ના તંત્રી અને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના ટ્રસ્ટી શ્રી ત્રિભુવનદાસ ઠક્કર સાથે થોડા દિવસ પહેલાં વાત કરતો હું બેઠો હતો. શ્રી ત્રિભોવનદાસને મળ્યો હોઉં ને આયુર્વેદ વિશે થોડી ઘણી પછી વાત ન નીકળી હોય એવી કોઈ મુલાકાત મને યાદ નથી. આયુર્વેદ માટે એમને અણખૂટ પ્રેમ. વાતવાતમાં એમણે એક વાક્ય ઉચ્ચાર્યું કે, અરધો આયુર્વેદ તો આપણાં રસોડાંમાં હતો અને તે ય હવે જાવા બેઠો છે. એમની વાત કેટલી બધી સાચી છે! મરીમસાલા અને ઋતુઋતુનાં શાકભાજી ઉપરાંત રસોઈ અમુક રીતે કરવાની ચોકસાઈમાં ડગલે ને પગલે આયુર્વેદ રહેલો દેખાશે. આયુર્વેદની વિશેષતા એ છે કે એણે ઔષધ કરતાં વિશેષ ભાર પથ્યાપથ્ય પર મૂક્યો છે. દાળ કે શાકના વઘારમાં રાઈ, મેથી, હીંગનો ઉપયોગ એ આયુર્વેદ નથી તો બીજું શું છે? એમાં માત્ર સ્વાદ જ જોવાયો છે એવું નથી. ખોરાકનું સરળ રીતે પાચન થાય અને વાયુનો પ્રકોપ ન થાય માટે હિંગ મેથી જરૂરી ગણ્યાં. હળદર લોહીને શુદ્ધ રાખે છે.

થોડા સમય પહેલાં એક સંબંધીને ત્યાં ઊતર્યો હતો ત્યારે જમણમાં જે દાળ-શાક આવ્યાં તેમાં મેથી જ ન મળે! મેં પૂછ્યું કે, મેથી નથી ખાતા? કહે કે ઘરમાં રાખીએ છીએ પણ વાપરવાનું રહી જાય છે! એમને હું કેમ કરીને સમજાવું કે થોડાં વરસ આમ ને આમ જશે તો પછી વાયુનાં દર્દ શરૂ થશે ને દવાખાને જતાં થઈ જશો. શાકભાજીની પસંદગીમાં પણ તંદુરસ્તીનો ખ્યાલ રખાતો. મારવાડ–રાજસ્થાન તરફ અનેક કુટુંબોમાં ડોડીનું શાક થતું જોયું છે. શાક કોઈક વાર ડોડીનાં કૂણાં પાંદડાનું તો કોઈ વાર ડોડીનાં ફળ ડોડાનું. તપાસ કરતાં જાણવા મળ્યું કે ત્યાંની અસહ્ય ગરમીમાં આંખના રોગો થતા હોય છે તેને માટેનું આ ઔષધ હતું! એક ખેડૂત ભાઇએ એક વાક્યમાં એનું મહત્ત્વ સમજાવ્યું હતું: ડોડી ખાવ ને ઘી ખાવ બંને સરખાં. ડોડીથી દૃષ્ટિ વધે છે ને આંખના રોગ થતા નથી એમ અનુભવીઓનું કહેવું છે.

દક્ષિણ ભારતનાં કેટલાં ય કુટુંબોમાં જમતાં પહેલાં સૂંઠનું પાણી થોડુંક પીવાનો રિવાજ છે. જાણવા મળ્યું કે એ એપીટાઈઝર છે. આપણે ત્યાં કેટલાંક કુટુંબોમાં આદુનો રસ લીંબુ અને સિંધવ ભેગાં કરીને બે ચમચી જમતાં પહેલાં લેવાની પ્રથાની મને જાણ છે. પણ આ બધું હવે ઓછું થતું ગયું છે અને બદહજમીના ઉપચાર તરીકે બજારમાંથી મળતાં ચૂર્ણોનો ઉપયોગ વધ્યો છે. મારું એમ કહેવું નથી કે પહેલાં માણસોને માંદગી જ નહોતી આવતી. પણ મારે એ કહેવું છે કે જ્યારે અદ્યતન સારવારનાં સાધનો નહોતાં ત્યારે પ્રજાએ અનેક રોગો સામે જે પ્રતિકારશક્તિ દાખવી હતી તેમાં આ રસોડામાં રહેલી આયુર્વેદની કુદરતી જીવનરીતિનો ફાળો હતો.

(મુંબઈ સમાચાર) —અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

મેથીની ચા

મેથી શરીરના કોઈ પણ આંતર અવયવમાં, આયુર્વેદમાં જેને આમ કહે છે એ ચીકણો પદાર્થ–મ્યૂકસ જે પાચક અવયવોમાં ચોંટી રહે છે તેને ઓગાળીને શરીરની બહાર કાઢી નાખી શરીરની શુદ્ધિ કરે છે ને આરોગ્યને જાળવે છે. મેથીમાંથી બનાવેલી ચા તાવ ઉતારવામાં ક્વિનાઈન જેવું કાર્ય કરે છે અને બળતરાથી સૂઝેલાં જઠર અને આંતરડાંની આંતરત્વચાને શાંત કરે છે. તે સ્ત્રીઓના આરોગ્યને અતિલાભકર્તા છે. મેથીનાં બીજને પાણીમાં ભીંજવવામાં આવે છે ત્યારે તે પાણી ચૂસીને સહેજ ચીકાશવાળાં બને છે. તેનાથી બનાવેલી ચામાં શરીરમાં રહેતા ચીકણા પદાર્થને નરમ કરી ઓગાળી નાખવાની શક્તિ છે. આવી પ્રક્રિયા થયા પછી આમ (મ્યૂકસ) ચોંટેલી, અવયવોની આંતરત્વચાને આ પ્રવાહી દ્રવ્ય સુંવાળી બનાવે છે તથા સોજો ઉતારનાર શામક દ્રવ્યનું કામ કરે છે. મેથી દસ્ત ઢીલો લાવનાર કે જુલાબ કરનાર દ્રવ્ય નથી, પણ તેનું કાર્ય આમને કાઢી નાખી દેહશુદ્ધિ કરવાનું છે.

માનવીના દેહતંત્રમાં આમ ચોંટી જતાં નીચેનાં ચિહ્નો થાય છે: મોંનો સ્વાદ ખાટો થાય છે, શ્વાસ ગંધાય છે. પેટમાં ગૅસની પીડા અનુભવાય છે. જઠર કામ કરતું નથી. આંતરડાંમાં બળતરા થાય છે. આના પરિણામે લોહી અને દેહ માટે ઉપયોગી બીજા જરૂરી રસ ખૂબ ઘાટા બને છે. તેમનાં કાર્ય શિથિલ થતાં જાય છે. રુધિરાભિસરણ ઝડપથી થતું નથી. પ્રાણવાયુ દેહના કોષોને જે પ્રમાણમાં જોઇએ તે પ્રમાણમાં મળતો નથી અને કોષોમાંથી જે પ્રમાણમાં નિરુપયોગી કચરો નીકળવો જોઇએ તે નીકળી જતો નથી. આથી દેહના કોષો ઝડપથી રોગી થવા માંડે છે. જ્યારે આવું બને છે ત્યારે માંદગી આવે છે. તેને મટાડવા સમયસર ઉપાય ન કરવામાં આવે તો માનવી કેટલાક રોગોનો કાયમને માટે દર્દી બની જાય છે. આ દર્દો જેવાં કે શ્વસનતંત્રમાં સોજો અથવા સ્ત્રીઓમાં જાતીય અવયવોમાં પ્રદર, આંતરડાંમાં સોજો (કોલાઇટિસ) વગેરે થાય છે. દેહમાં ઉત્પન્ન થએલું વધારાનું આમ (મ્યૂકસ) નાકથી સળેખમ રૂપે, ફેફસાં અને ગળામાંથી ઉધરસ આવી કફ રૂપે બહાર નીકળી જતું નથી, પણ તેનો મોટો ભાગ જઠર અને નાનાંમોટાં આંતરડાંમાં તેમ જ મૂત્રપિંડમાં પ્રવેશી ચોંટી રહે છે અને ભેગું થયા કરે છે. આથી શરીર માંદગીથી પટકાય છે. મૂત્રપિંડ (કિડની) શરીરનો કચરો સાફ કરવાનાં તંત્રોમાંનું એક છે. મૂત્રાશય (બ્લૅડર) પેશાબ એકઠો કરનાર ટાંકી છે. મૂત્રપિંડને મૂત્રાશય સાથે જોડનાર બે નળીઓ છે. આ નળીઓ પણ આમથી ભરાઈ ગઈ હોય તો મૂત્રપિંડમાં નીકળતું મૂત્ર ટીપેટીપે મૂત્રાશયમાં પડે છે. આથી દર્દીને વારંવાર પેશાબની હાજત થાય છે. આમ, શરીરના કોઈ પણ અવયવમાં આમ ભરાય છે ત્યારે તે અવયવમાં દર્દ પેદા થાય છે. આ બધાનો ઉપાય મેથીની ચા છે.

જ્યારે તમે સવારે પથારીમાંથી ઊઠો ત્યાર પછી સવારના નાસ્તાના અર્ધા કલાક પહેલાં એક પ્યાલો મેથીની ગરમ ચા પીઓ, કેમ કે સવારમાં જઠરની દીવાલો પરની ગ્રંથિઓ, રાતના આરામ પછી શિથિલ થએલી હોય છે. આ ચા પીવાથી તે ઉત્તેજિત થશે. તેમાંથી પાચક રસો ઝરવા માંડશે. પછી તમે જે સમતોલ ભોજન લો તેની પાચનક્રિયા શરૂ થશે.

શરીરમાં વધારેપડતો મેદ થયો હોય તો તેને માટે પણ મેથીની ચા ઉપયોગી છે. માનસિક બેચેની (ડિપ્રેશન)ને પણ આ ચા દૂર કરે છે. કમળો અને લોહીના ઊંચા દબાણમાં પણ તે લાભપ્રદ છે.

મેથીની ચા બનાવવાની રીત

૨૦૦ મિ.લિ. પાણી લઈ તેમાં ખાંડીને ખોખરી કરેલી પાંચ ગ્રામ

મેથી (એક ચમચી) નાખી ધીમે તાપે દસ મિનિટ ઉકાળો. ૧૫૦ મિ. લિ. જેટલું પાણી રહે એટલે ચૂલેથી ઉતારી લઈ ગાળી લો. ગાળેલી આ ચામાં થોડું દૂધ અને સ્વાદ પ્રમાણે ગોળ ભેળવી પી જાઓ. દૂધ કે ગોળ નાખવો જરૂરી નથી. એકલી ઉકાળેલી ચા પણ પી શકાય. મેથીના કૂચાને રોજની રસોઈમાં દાળ શાક કે કચુંબરમાં નાખીને ખાઈ શકાય.

(સ્વસ્થ માનવ) —ચંદુલાલ દવે

બંદૂકમાં બિન-જીવલેણ ગોળી

આપણા દેશમાં વિવિધ રાજ્યોનાં પોલીસ દળો જે જાતનાં હથિયારો અને ગોળીઓનો તેમની રોજબરોજની કામગીરીમાં ઉપયોગ કરે છે તેમાં નીચેનાંનો સમાવેશ થાય છે. ૧) બી. એનફીલ્ડ (·૩૦૩), ૨) ·૪૧૦ મસ્કેટ, ૩) સ્ટેનગન (૯ એમ એમ), ૪) ટી. એમ. સી. (·૪૫૫), ૫) સુધારેલી ·૩૦૩ જેમાં રબ્બરની ગોળીને ફાયર કરવાના 'ડીસ્ચાર્જર કપ'ની સવલત હોય છે, ૬) ઑટોમેટિક પિસ્તોલ (૯ એમ. એમ.), ૭) રિવૉલ્વર (·૩૮), ૮) રિવૉલ્વર (·૪૫), ૯) સ્ટાડર્ડ ·૩૩ રાઈફલ માટે સુધારેલા પ્રકારનું ઍમ્યુનિશન.

આમાંથી કેટલાક શસ્ત્રસરંજામ હવે જૂનોપુરાણો થઈ ગયો છે ને તેનું ઉત્પાદન પણ બંધ થઈ ગયું છે. આમ છતાં તેઓ બજારમાંથી સાવ નીકળી જાય તે પહેલાં બીજાં ૫ થી ૧૦ વર્ષો થશે.

ઉપરના શસ્ત્રસરંજામ પૈકી નંબર ૫ ને બાદ કરીએ તો બધાનો હેતુ અગર તો તેની ક્ષમતા, તેમનો જે વ્યક્તિની સામે ઉપયોગ કરવામાં આવે તેનું મૃત્યુ નિપજાવવાનો છે. પોલીસ દળમાં આ હથિયારોનો સામાન્યતઃ ઉપયોગ નીચેના હેતુસર કરાય છે :

૧) આ શસ્ત્રનો ઉપયોગ કરનાર પોલીસ દળના સભ્ય અગર તો જાહેર જનતાના જાનમાલના રક્ષણ માટે, ૨) હથિયારધારી હુમલાખોરો કે ગુનેગારોના પ્રતિકાર માટે, અને ૩) હુલ્લડને શાંત પાડવા માટે કે ગેરકાયદે એકત્ર થએલા લોકોનાં ટોળાંને વિખેરવા માટે.

ઉપરના ત્રણ પ્રસંગોએ પોલીસ પગલાંને કારણે સામાનું મૃત્યુ નીપજવાનો ડર રહે છે. આમ છતાં એવા ઘણા સંજોગો હોય કે જ્યારે વ્યક્તિનું મોત નિપજાવવું જરૂરી ન પણ હોય. તેથી પોલીસ એક એવું હથિયાર અગર પદ્ધતિ—સાધન અખત્યાર કરવા ઇચ્છે છે કે જેથી સામે બાજુની વ્યક્તિનું મોત નિપજાવ્યા સિવાય તેને બિન-કાર્યક્ષમ બનાવી શકાય. તેની સાથોસાથ તોફાન કરનારાઓને એવી પણ છાપ ન પડવી જોઈએ કે પોલીસ કશું જ કરી શકશે નહિ. તેમને કોઈ ઈજા નહિ પહોંચે અને તેઓ તેથી ગમે તે કરવા સ્વતંત્ર છે. ગુનો કરનારના મનમાં બધો જ સમય તેને વાગશે અને તેનો જાન જશે તેવો સતત ભય ડોકાયા કરતો હોવો જોઇએ. તેથી એક એવા હથિયારની આવશ્યકતા છે કે જે ગુનેગાર અગર કાયદાનો ભંગ કરનાર માટે અવરોધક બની રહે. દૃષ્ટાંત તરીકે ટીઅર ગૅસની બંદૂકથી સૌ જ્ઞાત છે, અને તેઓને તેની સભવતઃ અસરકારકતાની પણ જાણ છે. આ સાધનથી હુલ્લડ કરનારના મનમાં કોઈ ભયની લાગણી પેદા થતી નથી અને તેઓ થોડોક સમય માટે ટીઅર ગૅસની અસર ખમવા માટે તૈયાર થઈ જાય છે.

આથી એક એવું સાધન કે હથિયાર વિકસાવવાની જરૂર છે કે જેનો ઉપયોગ સામાનું મૃત્યુ નિપજાવવા સિવાય તેને ઈજા કરી શકે. ગુજરાત પોલીસના ખાસ મુખ્ય પોલીસ વડા શ્રી પ. ત રાઈટરે એવા સાધન—બિનજીવલેણ ગોળી વિષે સંશોધન કર્યું છે. આ સંશોધનપત્રમાં એ પુરવાર કરવામાં આવ્યું છે કે રાઈફલ. રિવૉલ્વર, મસ્કેટ જેવાં જીવલેણ હથિયારો બિન-જીવલેણ રીતે વાપરી શકાય છે અને તે તેમાં વપરાતી ગોળીમાં યોગ્ય ફેરફાર કરવાથી. આ વિચાર જોકે તદ્દન નવો નથી. થોડાંક વર્ષો પહેલાં ·૩૦૩ની સ્ટાન્ડર્ડ ગોળીના અગ્રભાગમાં રહેલ દારૂ અને વજન બન્નેમાં ઘટાડો કરીને આ દિશામાં યોગ્ય શરૂઆત કરવામાં આવી હતી. પણ આ સુધારેલ ગોળી પણ પરિણામની દૃષ્ટિએ અન્ય ગોળીની જેમ જીવલેણ જ પુરવાર થઈ હતી.

તાજેતરમાં બ્યુરો ઑવ પોલીસ રિસર્ચ ને ડેવલપમેન્ટે એક રબ્બરની ગોળી તૈયાર કરી છે. આ ગોળીની લંબાઈ ૫ ઇંચ અને તેનો વ્યાસ ૧ ઈંચ છે. ડિસ્ચાર્જ કપ લગાડયા પછી જે રીતે ગ્રેનેડ ફાયર કરવામાં આવે છે તે જ સિદ્ધાંત ઉપર ·૩૦૩ રાઈફલમાંથી તેનો ઉપયોગ કરાય છે. આ ગોળી છોડયા પછી સામે ઊભેલા ટોળા ઉપર તેની જે અસર થાય છે તેની સરખામણી ક્રિકેટની રમત દરમિયાન જે રીતે બૉલ સામેની વ્યક્તિને અથડાય તેવું જ થયું હોવાનું અનુભવાયું છે. આ દિશામાં અત્યાર સુધી કરાયેલી શોધોમાં આ એક નવું પદાર્પણ છે.

શ્રી રાઈટરની નવી શોધની સાથે આ સંશોધન એક ફાયદાકારક પ્રારંભ છે. અત્યાર સુધી રબ્બરની ગોળીમાં નીચેના ગેરફાયદા વર્તાયા હતા : ૧) ગોળી વાપરવા માટે ખાસ પ્રકારનું હથિયાર જરૂરી હતું. એક જ હથિયારમાંથી રબ્બરની ગોળી અને સામાન્ય ગોળી બંને વાપરી શકાય તેમ ન હતું. ૨) ગોળીનું વજન એવા પ્રકારનું હતું કે અમુક અંતરે ગયા પછી તેની ગતિ–તીવ્રતા ઘટી જતી હતી અને તેથી તેના લક્ષ્યની ચોકસાઈ શંકાસ્પદ બની જતી હતી.

શ્રી રાઈટરે ચાર વર્ષના અથાગ પરિશ્રમ પછી અત્યારે ઉપયોગમાં છે તેવાં સઘળાં હથિયારો માટે ગોળીના ઉત્પાદનનો નવીન સિદ્ધાંત વિકસાવ્યો છે. આ સિદ્ધાંત દ્વારા તેમાંના 'જીવલેણ તત્ત્વ'ને દૂર કરી શકાયું છે. જેમ કે, રિવૉલ્વર માટે દસ મીટર ને મસ્કેટ માટે ૩૫ મીટરના 'ઘાતક અંતરે' (ક્રાઈસીસી ડિસ્ટન્સ)થી ગોળી છોડવામાં આવે તોપણ તેની 'મઝલ એનર્જી' અને 'મઝલ વેલૉસિટી' વિવિધ માત્રામાં ઘટાડી શકાય છે. તેથી ગોળીની લક્ષની ચોક્કસતા જાળવવાની સાથોસાથ તેના જીવલેણ ઘાતક તત્ત્વને દૂર કરી શકાય છે. (ગુજરાત)

સંખ્યાઓના અંગ્રેજી શબ્દોનું ગુજરાતી ભાષાંતર

ઘણી વાર આપણે મિલિયન, બિલિયન વગેરે અંગ્રેજી શબ્દોનું ભાષાંતર કરતી વખતે તેમ જ મોટી સંખ્યાઓ દર્શાવતી વખતે યોગ્ય ગુજરાતી શબ્દો મેળવવામાં મુશ્કેલી અનુભવીએ છીએ. તો નીચેના શબ્દો પ્રયોજીએ તો?

સંખ્યા	ગુજરાતી શબ્દ	અંગ્રેજી શબ્દ
૧	એક	વન
૧૦	દસ	ટેન
૧૦૦	સો (શત)	હન્ડ્રેડ
૧૦૦૦	હજાર (સહસ્ર)	થાઉઝન્ડ
૧૦,૦૦૦	દસ હજાર (અયુત)	ટેન થાઉઝન્ડ
૧,૦૦,૦૦૦	લાખ (લક્ષ)	લૅક
૧,૦૦૦,૦૦૦	દસ લાખ (પ્રયુત)	મિલિયન
૧૦,૦૦૦,૦૦૦	કરોડ (કોટિ)	ટેન મિલિયન
૧૦૦,૦૦૦,૦૦૦	દસ કરોડ (અર્બુદ)	હન્ડ્રેડ મિલિયન
૧૦૦૦,૦૦૦,૦૦૦	અબજ (અબ્જ)	બિલિયન
૧૦,૦૦૦,૦૦૦,૦૦૦	દસ અબજ (ખર્વ)	—
૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	સો અબજ (નિખર્વ)	—
૧૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	હજારઅબજ(મહાપદ્મ)	ટ્રિલિયન
૧૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	શંકુ	—
૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	જલધિ	—
૧૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	અંત્ય	—
૧૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	મધ્ય	—
૧૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦	પરાર્ધ	—

(નવનીત) —કૃષ્ણલાલ કોટડાવાલા

શક સંવતે ઓગણીસસો વર્ષ પૂરાં કર્યાં

ભારતનાં ઇતિહાસ અને સંસ્કૃતિ અનેક વિશેષતાઓથી સમૃદ્ધ છે. ભારતીય સંસ્કૃતિ ભાતીગળ પોત ધરાવે છે. એની અનેક વિશેષતાઓમાં એક વિશેષતા છે સંવતોના બાહુલ્યની. ભારતનો ઇતિહાસ વિવિધ સંવતોના પડઘાઓ ઝીલતો એની પડછે રહેલી અનેકાનેક ઐતિહાસિક ઘટનાઓને વાચા આપે છે.

કાલગણનાને ઇતિહાસની કરોડરજ્જુ ગણીએ તો સંવતો એ કરોડરજ્જુના વિવિધ અંકોડા છે. કાલગણનાની જુદી જુદી પદ્ધતિઓ છે, જેમાં દિવસ, માસ અને વર્ષ મહત્ત્વનાં એકમો છે. સૂર્યના ઉદય-અસ્ત, ચંદ્રકળાની વધઘટ ને ઋતુઓના પરિવર્તન સાથે તેને સીધો સંબંધ છે.

સંવતોની જાણકારીના અભાવે ભારતમાં અગત્યના બનાવોની નોંધ રાજકાલનાં વર્ષોમાં અપાતી. ગ્રીકોના શાસનકાલ સુધી આ પ્રથા પ્રચારમાં રહી. તે પછી આપણને ઘણા સંવતો પ્રાપ્ત થયા છે. એમાં 'શક સંવત' કે શાલિવાહન સંવત આગવું સ્થાન ધરાવે છે અને આપણા દેશમાં રાષ્ટ્રીય સંવત તરીકે એનું સ્થાન નિશ્ચિત બન્યું છે.

અગ્રણી હરોળનો આપણો આ રાષ્ટ્રીય સંવત ગઈ ૨૨મી માર્ચે ૧૯૭૯ના દિવસે વીસમી સદીમાં પ્રવેશ પામ્યો. ઓગણીસસો વર્ષની મજલ પૂરી કરી તે ૧૯૦૧મા વર્ષમાં પ્રવેશ્યો. ૨૨મી માર્ચનું પણ મહત્ત્વ છે. આપણાં રાત-દિવસ સમયની દૃષ્ટિએ સરખાં હોતાં નથી. પરંતુ ૨૨ માર્ચે દિવસ અને રાત બંને પૂરેપૂરાં બાર કલાકનાં હોય છે.

આખા ભારતમાં શક સંવતનાં વર્ષનો આરંભ ચૈત્ર માસથી થાય છે. (વિક્રમ સંવતની જેમ કાર્તિક માસથી નહિ.) જો કે દક્ષિણ ને ઉત્તર ભારતમાં મહિનાની ગણતરીમાં તફાવત છે : દક્ષિણ ભારતમાં ચૈત્રાદિ માસ અમાંત(એટલે અમાવાસ્યાની તિથિથી પૂરા થતા)છે, જ્યારે ઉત્તર ભારતમાં તે પૂર્ણિમાંત (અર્થાત્ પૂર્ણિમાની તિથિથી પૂરા થતા) છે.

શક સંવતના પ્રવર્તક વિષે અનેક મતો પ્રચલિત છે, જેમાં કનિષ્ક, નહપાન,વોનોનીસ, વીય કિથ્ફસ વગેરે ગણાય છે. આમાંથી કનિષ્કનું નામ અદ્યાપિ લોકમુખે છે. પરંતુ ઇતિહાસમાં પુરાવસ્તુઓ ને લિખિત સાધનો મળ્યે પ્રસ્થાપિત મંતવ્યો કે વિધાનોને બદલવાં પડતાં હોય છે. શક સવતના પ્રવર્તક તરીકે કનિષ્કના પ્રસ્થાપિત વિધાનને બદલવાની સામગ્રી હવે હાથવગી થઈ છે. તદનુસાર આ લેખકે શક સંવતનો પ્રવર્તક પશ્ચિમી ક્ષત્રપોના વંશનો રાજા ચાષ્ટન હોવાનો સંભવ રજૂ કર્યો છે.

આજે તો આપણે શક સંવત એની યાત્રાની ઓગણીસ શતાબ્દી પૂરી કરે છે ત્યારે અભિવંદીએ.

(નિરીક્ષક) —રમેશ જમીનદાર

ગોબર ગૅસ

છાણ અને મળમૂત્રમાંથી ગોબર ગૅસ ગામડાંને પૂરો પાડવામાં આવે તેમાં અનેકવિધ લાભો છે. ખાતર તરીકે અમૂલ્ય એવું છાણ આપણે છાણાં તરીકે બાળી નાખીએ છીએ. જો તેમાંથી ગોબર ગૅસ કાઢી લેવામાં આવે તો સ્વચ્છ ઊર્જા અને ખાતર બન્ને મળે. ગોબર ગૅસ મળે તો, બળતણ માટે વૃક્ષો કપાતાં બંધ થાય અને વૃક્ષોને રક્ષણ મળે, ગોબર ગૅસની ટાંકીઓ બનાવવા, માંડી આપવા અને જાળવવામાં લાખો માણસોને રોજી મળે. પરંતુ ખાદી ગ્રામોદ્યોગ પંચ વાતો જ મોટી કરે છે. દેશમાં દસ લાખથી ક્યાંય વધારે ગોબર ગૅસની ટાંકીઓ હોવી જોઈએ, પણ માત્ર ૬૨ હજાર જેટલી છે અને તે પણ ધનવાન ખેડૂતોને જ મળી છે.

ગોબર ગૅસનું આકર્ષણ અમેરિકાને પણ થયું છે. ત્યાં ઢોર ઉછેરના એક કેન્દ્રમાં ગોબર ગૅસની ટાંકી નાખીને ગામમાં ઘરે ઘરે ઉપરાંત કારખાનાંઓમાં પણ ગોબર ગૅસ આપવામાં આવે છે.

આપણા આંધ્ર પ્રદેશમાં કરીમનગર જિલ્લાના એક ગામમાં ગ્રામજનો માટે એક મજિયારી ટાંકી નાખવામાં આવી છે, તે ૨૫ કુટુંબોને ગૅસ આપે છે. છાણાં-લાકડાંના ધુમાડા વચ્ચે આંખો બળતી હોય અને ફેફસાં ગૂંગળાતાં હોય તેવી સ્થિતિમાં રસોઈ કરનારી સ્ત્રીઓને સ્વચ્છ અને ઝડપથી રસોઈ કરી આપનાર ગોબર ગૅસ કેવો આશીર્વાદ રૂપ લાગતો હશે! રાસાયણિક ખાતર કરતાં ઢોરનાં મળમૂત્રનું ખાતર વધુ સારું છે. તેનો જેટલો સદુપયોગ થાય તેટલા પ્રમાણમાં રાસાયણિક ખાતર ઓછું વપરાય. તેથી તેના ઉત્પાદનનો અને તેના ગેરલાભનો બોજો ઘટે. ભારતનાં ૭ લાખ જેટલાં ગામડાંમાં ઘરોઘર ગોબર ગૅસ મળતો હોય તો કેટલા બધા લોકોને, કેટલો બધો લાભ થાય! તેમ છતાં સરકારી યોજનાઓ ગોકળગાયની નહિ, તો ગાડાની ગતિથી ચાલતી હોય છે.

(નવનીત) —વિજયગુપ્ત મૌર્ય

ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ ઓગણત્રીસમી શિષ્ટવાચન પરીક્ષા

ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ, વડોદરા તરફથી ઓગણત્રીસમી શિષ્ટવાચન પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૯ની તા. ૭ ને રવિવારના રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. આ પરીક્ષા માટે ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરાએ પરીક્ષા માટે જ ખાસ પ્રસિદ્ધ કરેલા 'શ્રી મહાભારત કથા' (લેખક મુકુલભાઈ કલાર્થી) નામનું પુસ્તક રાખવામાં આવ્યું છે. જે ગામેથી નિદાન ૧૦ ઉમેદવારો ઊભા થશે ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ૮૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની યોજના છે. કેન્દ્ર ખોલવા તથા પરીક્ષાની વિશેષ માહિતી માટે 'શ્રી મંત્રી, ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ, સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા' એ સરનામે પત્રવ્યવહાર કરવો.



ઑગસ્ટ-સપ્ટેમ્બર માસનું આકાશદર્શન

આ ઋતુમાં વાદળછાયા આકાશમાં તારાદર્શનની તક ઘટી જાય છે ખરી, પણ જ્યારે આકાશદર્શન શક્ય હોય ત્યારે વરસાદથી સ્વચ્છ થએલા વાતાવરણને કારણે તારાઓનો ચળકાટ કાળા મલમલના માંડવે ટાંક્યા હીરા જેવો ભવ્યસુંદર બની રહે છે. એમાં શૌરી, હંસ, ગરુડ, વૃશ્ચિક, ધનુ વગેરે તારામંડળોનું તથા હંસપુચ્છ, અભિજિત, શ્રવણ, પારિજાત વગેરે જેવા પ્રથમ વર્ગના તેજસ્વી તારાઓનું દર્શન અત્યંત પ્રભાવક લાગે છે. આ સ્વચ્છ હવામાનમાં પૂર્વમાંથી હવે વધુ આગળ આવેલા મકર-મંડળના તારાઓ ઓછા તેજસ્વી હોવા છતાં યે તે તારામંડળોનો પૂર્ણ આકાર સ્પષ્ટ કરે છે. એ જ રીતે ઉત્તર આકાશમાં પૂર્વમાંથી પ્રવેશી રહેલા 'ખગાશ્વ'ના વિશાળ ચોરસના તેજસ્વી તારા પણ ધ્યાન ખેંચે છે. ઉત્તરે વૃષપર્વાની પાછળ હવે શર્મિષ્ઠાના તારાઓ પણ દેખાવા લાગ્યા છે. ઉત્તર અને દક્ષિણ 'કિરીટ'ના આકારની તુલના પણ હાલમાં શક્ય હોઈ રસમય થઈ પડશે. 'વૃશ્ચિક'ની પાછળ 'ધનુ' એ છેક દક્ષિણનું રાશિમંડળ છે. વિષુવવૃત્તની દક્ષિણે સૂર્ય વધુમાં વધુ દૂર આ રાશિમંડળ સુધી જાય છે. ૧૪ ડિસેમ્બરે તે ધનુ રાશિમાં પ્રવેશી ૨૨મી ડિસેમ્બરે દક્ષિણમાં દૂરતમ અંતરે પહોંચે છે. એ વખતે પૃથ્વીના ઉત્તર ગોળ ધમાં ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત હોય છે. તે પછી સૂર્ય પુનઃ ઉત્તર તરફ વળાંક લે છે. આ દિવસ એ ઉત્તરાયણ. વૃશ્ચિક અને ધનુ તરફનું આકાશ જરા ધ્યાનથી જોશો તો આકાશના અન્ય વિસ્તાર કરતાં એ ભાગ વધુ ઉજ્જ્વળ ને તારાખચિત લાગશે. કારણ એ તરફ આકાશગંગાનું કેન્દ્ર છે. —બિ. ટાં.

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

તા. ૨ / ૧૭૫૯ કર્ણાટકના રાજા ચાંદાસાહેબે અંગ્રેજોની મદદ માગી અને ત્યારથી હિંદુસ્તાનના રાજકારણમાં અંગ્રેજી પગપેસારાનો આરંભ થયો. આગળ જતાં આ અંગ્રેજોના શાસનની હિંદમાં મેખ મારનાર કૂટનીતિજ્ઞ રૉબર્ટ ક્લાઈવનો જન્મ પણ ઈ. ૧૭૨૫માં આ જ માસની ૨૯મી તારીખે થએલો. આ જ ક્લાઇવે હિંદમાં નબળી પડેલી મુઘલાઇનો લાભ લઇને વરસે ૨૬ લાખ રૂપિયા આપવાના બદલામાં શાહઆલમ પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સાની દીવાનીનું ફરમાન મેળવી લીધું હતું તે પણ આ જ માસની ૧૨મી તારીખે ઈ. ૧૭૬૫માં. અંગ્રેજોની આવી કપટનીતિઓને પામી જઇને બંગાળના એક જાગીરદાર રાજા નંદકુમારે અંગ્રેજો વિરુદ્ધ લોકોને સજાગ કરવા જે પ્રયત્નો કરેલા તેમાં છેવટે એણે અહીંના ગવર્નર જનરલ હેસ્ટિંગ્સ પર લાંચ લેવાનો આરોપ મૂકેલો. પરંતુ તેની સામે ખોટાં આળ ચડાવી, ખોટા સાક્ષીઓ ઊભા કરી તેના પર મુકદ્દમો ચલાવીને તેને ફાંસીએ ચડાવી દેવામાં આવ્યો તે પણ ઑગસ્ટની ૫મી તારીખે (ઈ. ૧૭૭૫). ઈ. ૧૯૦૮માં અંગ્રેજો સામે ક્રાંતિને માર્ગે ચડેલા ખુદીરામ બોઝને ફાંસી અપાઈ હતી. તે યે ઑગસ્ટમાં ૧૯મી તારીખે. છેવટે ઈ. ૧૯૪૨માં અંગ્રેજ શાસન સામે હિંદુસ્તાનની જનતાએ 'ક્વિટ ઈંડિયા'નો નાદ ગજાવી જે આખરી લડત આરંભી તેનો આરંભ પણ આ જ માસની ૯મી તારીખે. અને બ્રિટિશ સરકારે ઈસ્ટ ઇંડિયા કંપની પાસેથી હિંદુસ્તાનનું રાજશાસન આ જ માસની ૨જી તારીખે ૧૮૫૮માં સ્વહસ્તક લીધેલું તેની પાસેથી ૮૯ વર્ષે ૧૫મી ઑગસ્ટે હિંદુસ્તાને પોતાનું સ્વાતંત્ર્ય પાછું મેળવ્યું. આ આઝાદી માટે દેશ બહારથી થએલા પ્રયત્નોમાં સુભાષચંદ્ર બોઝે બ્રહ્મદેશમાં સ્થાપેલી 'આઝાદ હિંદ ફોજ'નો પણ પ્રબળ પ્રભાવ રહેલો. એ ફોજ પણ ૨૫મી ઑગસ્ટે સ્થપાએલી, અને એ નેતાજી બોઝના વિમાન અકસ્માતમાં થએલા અવસાનની જાહેરાત પણ ઑગસ્ટની ૧૦મીએ ૧૯૪૫માં થએલી.

તા. ૫ / ૧૯૧૪ પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું, જુદાજુદા દેશના લાખો માણસો તો તેમાં માર્યા ગયા, પણ એથી વિશેષ લોકો તો એ યુદ્ધ પછી ફેલાએલા ઈન્ફ્લુએન્ઝામાં મર્યા હતા.

તા. ૮ / ૧૮૭૧ પશ્ચિમની ચિત્રકળાના પ્રભાવ તળે અનાદર પામીને મૃતપ્રાય બની ગએલી હિંદની કળાલક્ષ્મીની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપીને તેને માનભર્યું સ્થાન અપાવનાર સ્વયંભૂ કલાકાર અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મ. નંદલાલ બોઝ જેવા દેશ-વિદેશમાં ખ્યાત કલાકારના એ ગુરુ. પ્રથમ પંક્તિના કલાકાર હોવા ઉપરાંત એમણે સરળ ને રંગપ્રધાન શૈલીથી આગવું બાલસાહિત્ય પણ ખીલવ્યું હતું.

તા. ૧૫ / ૧૯૪૮ બ્રાઝિલના એક સમયના પાટનગર રીઓ ડી જાનેરોના એક માર્ગને મહાત્મા ગાંધીનું નામ અપાયું.

તા. ૧૬ / ૧૮૮૬ નિરીશ્વરવાદની ફેલાતી જતી છાયાના સમયમાં ભુલાતા જતા અસલના અધ્યાત્મવાદને પુનઃ જીવિત કરનાર રામકૃષ્ણ પરમહંસનું અવસાન.

તા. ૨૪/૭૯ વિસુવિયસ જ્વાળામુખી ફાટવાથી પૉમ્પીઆઈ નગરનો મહાવિનાશ. ઈટાલીમાં નેપલ્સથી ૧૫ માઈલ દૂર દરિયાકાંઠે વસેલું આ નગર ત્યારના રોમનકાળમાં વૈભવની ટોચે પહોંચેલું હતું. સર્વનાશ પૂર્વેનાં દસેક વર્ષ પહેલાં પણ ભૂકંપથી ત્યાં ઘણાં ઘર પડી ગએલાં; જોકે એ તો ફરી ઊભાં થઈ ગયાં, પણ વિસુવિયસ ફાટવાથી એક જ કલાકમાં ધગધગતા લાવારસના ૧૫ થી ૨૦ ફૂટના થરે આખા શહેર પર ફરી વળી તેનો સર્વનાશ કર્યો. એ પછી ૧૭ સદી સુધી એ નગર માનવસ્મૃતિમાંથી ભુલાઈ ગયું. અચાનક ૧૭૪૮માં આકસ્મિક ભાળ મળી અને ૧૮૬૦માં તો પદ્ધતિસરનું ઉત્ખનન આરંભાઇને આજે એ વિખ્યાત નગરની સમૃદ્ધિ ને વિનાશનો તાદૃશ ચિતાર આપતા અનેક અવશેષો જોવા મળે છે. ◖ ઈ. ૧૮૮૩માં આ જ માસની ૨૭મી તારીખે જાવા-સુમાત્રાની વચ્ચે સુન્દની સામુદ્રધુનીમાં કકતાવ ટાપુ પરનો જ્વાળામુખી ફાટયો હતો. માનવઇતિહાસમાં હજી સુધી એવો બીજો બનાવ નોંધાયો નથી. એમાં ૧૮ ચો. મા.ના એ ટાપુના બે તૃતીયાંશ જેટલા ભાગના ફુરચા ઊડી ગએલા. ૩૦૦૦ માઈલ દૂર સુધી તેનો ધડાકો સંભળાએલો, વીસેક માઈલ ઊંચે સુધી એની વરાળ અને રાખ ઊડી હતી ને એ વાતાવરણમાં ફેલાવાથી ૧૮૦ માઈલ જેટલા ઘેરાવામાં અંધકાર વ્યાપી ગએલો. એ જ્વાળામુખી ફાટવાથી સમુદ્રમાં થએલા ખળભળાટથી પચાસ પચાસ ફૂટથી યે વધુ ઊંચાં જે મોજાં ઉત્પન્ન થયાં તેનાથી આવેલા જુવાળમાં જાવા-સુમાત્રાનાં ૩૦૦ જેટલાં ગામડાં ધોવાઇને નાશ પામ્યા હતાં.



વિમાની દળના પાઇલૉટને હાથે જ્યારે ઍક્સિડેન્ટ થાય ત્યારે તેનું કારણ દર્શાવવાનું હોય છે. એવા એક ઍક્સિડેન્ડ વખતે પાઇલૉટે જુબાની વેળા થોડો વિચાર કરીને લખાવ્યું : 'મને લાગે છે કે આમાં શૈક્ષણિક ગુનો છે. અમારી કૉલેજે મને પાસ જ ન હોતો કરવો જોઇતો.'

ૡ

ઘરધણીને રમેશે ફરિયાદ કરી કે મારા રૂમમાં ભોંયમાંથી ઘાસ ઊગે છે. એ સાંભળીને ઘરધણીએ પૂછ્યું, 'તમે મને કેટલું ભાડું આપો છો?' રમેશે કહ્યું : 'એક સો ને દસ રૂપિયા.' 'તો—' ઘરધણી બરાડયો : 'એટલી રકમમાં ઘાસ નહિ તો શું આંબા ઊગે?'

ૡ

એક જુવાન એન્જિનીઅર સરકારી નોકરીમાંથી રાજીનામું આપીને તેના પિતાના ધંધામાં જોડાયો. તેણે કહ્યું : 'ત્યાં હું લાંચ લઈ લઈને કંટાળી ગયો હતો. અમારી પરંપરા લાંચ આપવાની છે,—લેવાની નહિ!'

ૡ

'આપનો કિંમતી મત મને આપશો?' ધારાસભાના ઉમેદવારે એક વેપારીને જઇને કહ્યું. વેપારીએ વિનયથી કહ્યું કે 'હું દિલગીર છું કે મેં તમારા હરીફને વચન આપ્યું છે.' ઉમેદવાર ઉવાચ : 'મારા ભાઈ, રાજકારણમાં તો વચન અને આચરણ બે જુદી જ વસ્તુ હોય છે.'

'તો તો, મારા સાહેબ, હું મારો મત તમને આપવાનું વચન આપું છું.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

—અનુષ્ટુપ—

નાગનું વિષ દાંતોમાં, માખીનું ઉત્તમાંગમાં,
વીંછીનું પૂંછડીમાં ને શઠનું અંગઅંગમાં.

બત્તી વિના સાઈકલ ચલાવવા માટે પકડાએલા એક વિદ્યાર્થીને ન્યાયાધીશે પાંચ રૂપિયા દંડ કર્યો. વિદ્યાર્થી ગરીબ પણ પ્રામાણિક હતો. તેણે કહ્યું : 'મને પોતાને શ્રમ પડે એવી કોઈ મજૂરીની સજા કરો; કારણ કે આ દંડ તો મારા ગરીબ પિતાજી ઉપર પડવાનો છે, મારા ઉપર નહિ.' તે વિદ્યાર્થીની આ સચ્ચાઈ જોઈ ન્યાયાધીશે તેને સજામાંથી મુક્તિ આપી.

કહેવતો : 'ગોદમાં ઘાલી ગળું કરવું.'—કપટથી વહાલ કરીને કે વિશ્વાસ મેળવીને પછી દગલબાજીથી ગળું કાપવા–નુકસાન પહોંચાડવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવત : 'પેટમાં પેસીને પગ પહોળા કરવા.'

અંકસંદર્ભ—આઠ : શરીરમાંના આઠ આશય–વાતાશય, પિત્તાશય, શ્લેષ્માશય, રક્તાશય, આમાશય, પક્વાશય, મૂત્રાશય અને સ્ત્રીઓમાં ગર્ભાશય.

અનેકાર્થી શબ્દ : લંકા=રાવણની રાજધાની; સિલોન, શ્રીલંકા; કાળા ચણા; પિંગળમાં એક પ્રકારનો માત્રામેળ છંદ; મોટી આતશબાજી, જેમાં દારૂથી ભરેલાં ઝાડ, વાનર, રાક્ષસ વગેરેની રચના કરી હોય છે તે; પૂનામાં થતી કેરીની એક જાત; પારેવાની એક જાત; ભ્રાંતિ; શાખા કે ડાળી; વેશ્યા.



ચિત્તો આજે તો આપણા દેશમાં નામશેષ થઈ ગયો છે, પણ એક કાળે શિકાર કરવા તેને પાળવામાં આવતો હતો. કલાકના ૭૫ માઈલ જેટલી ઝડપે દોડવાની તેની શક્તિનો ઉપયોગ નાસતા શિકારની પાછળ દોડાવવામાં ને તેને પકડવામાં થતો. પુખ્ત જંગલી ચિત્તાને પકડયા પછી તેને તાલીમ આપી પાળતુ બનાવી શકાતો.

विरला जानन्ति गुणान्
विरला कुर्वन्ति निर्धने स्नेहम् ।
विरला परकार्य-रताः
परदुःखेनाऽपि दुःखिता विरलाः ॥

ગુણપારખુ લોકો વિરલ હોય છે, ને વિરલ પુરુષો જ નિર્ધનો પ્રત્યે સ્નેહ દાખવે છે. બીજાને મદદ કરનારા પણ ઓછા હોય છે અને બીજાનાં દુ:ખ જોઇને દુ:ખી થનારા તો ઘણા ઓછા હોય છે.

શબ્દોનાં મૂળ : અખિયાણું=માંગલિક પ્રસંગોએ ગોર તથા ઢોલી વગેરે વસવાયાને ઘઉં, નાળિયેર આદિ આપવામાં આવે છે તે. આજે તો ઘઉં અપાય છે, પણ પ્રાચીન કાળમાં શુભ પ્રસંગે 'શાલિદાન'–ચોખાનું દાન થતું, અને એમાં જ એ શબ્દનું મૂળ રહેલું છે. મૂળ એ શબ્દ સંસ્કૃતમાં 'અક્ષતદાનકમ્'. તેના ઉપરથી પ્રાકૃતમાં 'અક્ખય–આણઅં' થયું; તે પરથી 'અક્ખઈ–આણઅં,' પછી 'અક્ખિયાણઅં,' અને પછી અપભ્રંશમાં 'અક્ખિયાણઉં' થયું તે પરથી મધ્યકાલીન ગુજરાતીમાં 'અખિયાણઉં' અને ગુજરાતીમાં 'અખિયાણું' થયું.



ટિકિટકથા : તાજેતરમાં સ્વીડને ચાલુ વપરાશની (ડેફિનેટિવ) નવી ટિકિટો બહાર પાડી તેમાંની ૪ ક્રૉનરની આ એક છે. તેના પર ૧૮-૧૯મી સદીમાં ત્યાંના લોકોના ઘરમાં સારા પ્રચલિત એવા ચાકળામાંના એકનું આલેખન છે. જેનો આ એક ચિત્રઅંશ છે તે મૂળ ચાકળો ૯×૨ મીટરના કદનો અને આશરે ૧૮૬૦ની સાલના અરસામાં વણાએલો છે. આ ચાકળા પરનાં ચિત્રો ભરત ભરીને નહિ પણ વણાટમાં જ ગૂંથેલાં હોય છે. સ્વીડિશ ટિકિટો શીટ્સના રૂપમાં નહિ પણ રોલના રૂપમાં તૈયાર થાય છે. એટલે તેમાં ટિકિટની ચારે બાજુ પર નહિ પણ માત્ર ઉપરનીચે જ પરફોરેશન કરેલું હોય છે.

આપણી પાસે કેટલું છે તે નહિ, પણ આપણે કેટલું માણી શકીએ છીએ, તે આપણા સુખનો આંક છે.

આપણે હવા વગર વધુમાં વધુ પાંચ મિનિટ, પાણી વગર સાત દિવસ અને ઊંઘ વિના દસ દિવસ ચલાવી શકીએ.

હરતાલ અને હિંગ સમાન ભાગે લીંબુના રસમાં ઘૂંટી સોગઠી બનાવી રાખવી. વીંછી કરડે ત્યારે એ સોગઠી લીંબુના રસમાં સહેજ ઘસી ડંખ ઉપર લગાવવાથી વેદના દૂર થશે

(છગનભાઈ ભક્ત)



કલાકણિકા : અમૃતસરના સુવર્ણમંદિરમાં લાકડામાં કરેલા હાથીદાંતના જડતરની આ શોભનભાતમાં ફૂલઝાડ, પોપટ અને સિંહને કલાકાર કારીગરે અજબ કૌશલથી સાંકળી લીધાં છે.